वर्ष : 13 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2023
સળંગ અંક : 73


कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર


સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે




અમારે શિક્ષકોને મન વર્ગ એ સ્વર્ગ છે. વર્ગમાં વ્યતીત થતો સમય એ જ્ઞાનોપાસનાનો, જ્ઞાનાનંદનો સમય છે. સમાજ બાંધીને રહેતા માનવે ભાગ્યે જ આથી વધુ પવિત્ર સમૂહપ્રવૃત્તિ નિપજાવી હોય. એક, પોતે જે કંઈ કણ કણાર્ધ જેટલું જ્ઞાન પામ્યો હોય, તે-મય થઈ ગયો છે. બીજાઓ છે જ્ઞાનો-મુખ. એકના હૃદયમાં જલતો જ્ઞાનનો આતશ બીજાના હૃદયમાં પ્રગટે એ માટે વર્ગ મળે છે. વર્ગમાં માત્ર માહિતી આપવાની હોતી નથી, ચોપડીઓનો પરિચય કરવાનો છે એટલું જ નહીં, વિદ્યાપ્રીતિના તાર ઝણઝણી ઊઠે એ કીમિયો કરવાનો હોય છે... પ્રાક્-સ્નાતક કે અનુ-સ્નાતક કક્ષાએ તો શિક્ષણ એ ખરું જોતાં નર્યું વિતરણ ન રહેતાં પરસ્પર શિક્ષણ બની જાય. તપાસ કરવામાં આવે તો એવું નીકળવા સંભવ છે કે વિદ્યાર્થીઓ તો પામ્યા હોય જ, પણ શિક્ષક પણ કંઈક નવું અર્થઘટન, નવું વિચારસંયોજન, નવું પ્રકાશકિરણ પામીને વર્ગની બહાર આવ્યો હોય... હા, ઘંટ તો વાગે એટલે, ક્ષીણે પુણ્યે બહાર આવવાનું તો રહે છે જ, પણ મર્ત્યલોક પરના આ સ્વર્ગમાં પુનઃ પુનઃ પ્રવેશ સુલભ છે.

- ઉમાશંકર જોશી

✳



આયુષ્યનાં ૭૩ વર્ષ વટાવ્યા પછીનો મારી નાની-શી જિંદગીનો નિચોડ આ છે : સતને વળગીને જો રહેવાય તો જ આપણું સત્ત્વ ટકે અને વિકસે. તે આપણી રક્ષા અને આપણું સમર્થન પણ કરે. સતને વળગીને ચાલતાં વાસ્તવિક જીવનવ્યવહારમાં જાતભાતની મુશ્કેલીઓ આવ્યાં કરે, ધર્મીને ઘેર ધાડ પડતી હોય એવું લાગે, પોતાનાં જ પરાયાં થઈને બેઠાં હોય એવા વિષમ અનુભવો પણ થાય, પરંતુ ધીરજથી ને ઊંડાણથી જોતાં તુરત જ વરતાશે કે જે કષ્ટ કે હાનિ થતાં લાગે છે તે હકીકતમાં કષ્ટ કે હાનિ હોતાં નથી. લાગવું એક વાત છે ને હોવું બીજી વાત છે. ખુદાને ઘેર દેર કે અંધેર – કશું હોતું નથી. યથાસમય જે થવું જોઈએ તે થાય છે જ. સાચને આંચ આવતી નથી' – એ અનુભવ ઉક્તિ છોડવા જેવી નથી. 'सत्यमेव जयते' – એ ખરેખર જગત અને જીવનના સારા સારા અનુભવોમાંથી પ્રગટ થયેલો મથિતાર્થ દર્શાવતી ઉક્તિ છે. જે કસાય છે તે કસવાળો બને છે. જે સહે છે તેને જ છેવટે હસવાનું સાંપડી શકે છે. મારી તો મુગ્ધ માન્યતા છે કે ભગવાન જેને ચાહે છે તેની એ પાકી કસણી કરે છે. કસણીથી કષ્ટાવાનું ન હોય સતના માર્ગે ચાલવા મથનારના માથે પસ્તાળ પડે એવું બને, પણ એને પસ્તાવાનું તો ન જ થાય, ઊલટું એને કંઈક કરવા જેવું કરી શકાયાનો – કૃતકૃત્યતા કે કૃતાર્થતાનો ભાવ થાય છે અને એવો ભાવ જ પ્રસન્નતા કે ધન્યતાની બુનિયાદ બની રહે છે.

- ચંદ્રકાન્ત શેઠ





શ્રી ચંદ્રકાન્ત શેઠને **'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી અવૉર્ડ'** એનાયત કરવા પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો : ડાબેથી શ્રી યોગેશ જોષી, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી ધીરુબહેન પટેલ, શ્રી ચંદ્રકાન્ત શેઠ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી પ્રવીણ લહેરી અને શ્રી નીતિન શુક્લ



શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા આયોજિત દાદા-દાદી પૂજનવિધિ પ્રસંગે પ્રસ્તુત સાંસ્કૃતિક પ્રવૃત્તિનું દૃશ્ય





'સર્વ નેતૃત્વ'ની 67માં શિબિર દરમિયાન આમંત્રિત મિસ વર્લ્ડ યોગિની પૂજા પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલાં યોગકળાનાં દૃશ્યો.



એસ. એમ. કે. પ્રાથમિક શાળા, કડીનાં વિદ્યાર્થીઓ સૂર્યમંદિર, મોઢેરાની મુલાકાતે















સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના જ્યોતિર્ધર સ્વ. પૂજ્ય માણેકલાલ એમ. પટેલ સાહેબની ૧૪મી પુણ્યતિથિએ
કડી અને ગાંધીનગર કેમ્પસમાં આયોજિત રક્તદાન શિબિરનાં દૃશ્યો










રાષ્ટ્રના 74મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં આયોજિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં વિવિધ દૃશ્યો






















રાષ્ટ્રના 74મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી
નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર કેમ્પસમાં
આયોજિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં વિવિધ દૃશ્યો



શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં આયોજિત પૂ. દાસકાકા સ્મૃતિ બાલોત્સવનું એક દૃશ્ય



શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા
બાલમંદિરનાં બાળકો વિવિધ કારીગરોની વેશભૂષામાં



શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં આયોજિત પૂ. દાસકાકા સ્મૃતિ બાલોત્સવનું એક દૃશ્ય



શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં આયોજિત
પૂ. દાસકાકા સ્મૃતિ બાલોત્સવનું એક દૃશ્ય

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૩, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૩; સળંગ અંક : ૭૩

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત અવૉર્ડ'થી વિભૂષિત : કવિશ્રી ચંદ્રકાન્ત શેઠ — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી- ગાંધીનગર : અમારો પ્રવાસ — પોપટલાલ મ. પટેલ ૧૦

૨. ભારતના પ્રથમ એટર્ની જનરલ શ્રી મોતીલાલ સેતલવાડ — શરદભાઈ શાહ ૧૧

૩. વિજ્ઞાન અને ધર્મ — તુલસીભાઈ પટેલ ૧૯

૪. શિક્ષણ : દરેક વ્યક્તિ માટે વાસ્તવિક કઈ રીતે બની શકે ? — રેખાબા સરવૈયા ૨૩

૫. વિશ્વ સાહિત્યની અટારીએથી : આયુ ઉતામી :૧૯૬૮- (ઇન્ડોનેશિયા) — ડૉ. મનીષ વ્યાસ ૨૯

૬. ગુરુત્વાકર્ષણ બળ — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૧

૭. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૭
– કેળવણીની કેડીએ : કવિવર ઉમાશંકર જોશી/ ઈશ્વર પરમાર.

૮. સંસ્થા સમાચાર ૩૯
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
– શાળા વિભાગ

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત અવૉર્ડ'થી વિભૂષિત કવિશ્રી ચંદ્રકાન્ત શેઠ

આપણા પ્રતિભાશીલ સાહિત્ય–સર્જક તેમજ ઉમાશંકર સાહિત્યના 'મલ્લિનાથી' સંશોધક – ભાષ્યકાર–અધ્યેતા કવિ શ્રી ચંદ્રકાન્ત શેઠ (૧૯૩૮) 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ', અમદાવાદ પ્રેરિત **'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત અવૉર્ડ'** (૨૦૨૨)થી પ્રથિતયશ સાહિત્યકાર ધીરુબહેન પટેલ (૧૯૨૬)ના વરદહસ્તે વિશ્વકોશ ટ્રસ્ટના સભાખંડમાં તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ આયોજિત ખાસ સમારોહમાં વિભૂષિત કરવામાં આવતાં આ ગરવા પ્રસંગે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી – ગાંધીનગર તથા 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ. અને તેમની સાથે સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર છલકતા હૈયે કવિશ્રીને સાદર અભિનંદન પાઠવે છે. અને આ સાથે જ અમે સૌ સર્વ વિદ્યાલયીઓ અભિલાષા સેવીએ છીએ કે વરિષ્ઠ – સારસ્વત કવિશ્રી તેમનાં દીપ્તિમંત સર્જનો થકી મા ગૂર્જરીને વધુ ને વધુ માત્રામાં રળિયાત કરતા રહે, તેમજ ઉચ્ચતમ માન–અકરામ, પારિતોષિકોથી વિભૂષિત થતા રહી મા ગૂર્જરીને ગૌરવાન્વિત કરતા રહે. આ ગૌરવપ્રદ સમારોહમાં ગુજરાતી ભાષા–સાહિત્યના અગ્રણી સર્જકો, શિક્ષણવિદો અને કવિપ્રેમીઓની અસાધારણ ઉપસ્થિતિ દર્શનીય બની રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અવૉર્ડ અન્વયે કવિ શ્રી ચંદ્રકાન્ત શેઠને શાલ, પ્રશસ્તિપત્ર અને રૂપિયા એક લાખની ધનરાશિ એનાયત કરવામાં આવી હતી. અલબત્ત, તેમણે પોતાના પ્રતિભાવના પ્રારંભે જ અવૉર્ડનો સાદર સ્વીકાર

કરીને પ્રાપ્ત ધનરાશિ વિશ્વકોશ ટ્રસ્ટને પરત કરી હતી. આ સાથે જ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના પ્રમુખ **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**એ અને ડૉ. ચંદ્રકાન્તભાઈએ વિશ્વકોશને પૂર્ણતઃ સમર્પિત પ્રતિબદ્ધ થઈને આપેલી અસાધારણ સેવાઓની સરાહના કરતાં કહ્યું હતું કે, 'ગુજરાતી વિશ્વકોશ' અને **'ગુજરાતી બાળવિશ્વકોશ'નો એકેએક શબ્દ એમની આંખ તળેથી પસાર થયો છે.** તેમનાં કાર્યોનો ઋણસ્વીકાર કરતાં તેમના સન્માનમાં વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા **'ડૉ. ચંદ્રકાન્ત શેઠ ફેલોશિપ'**ની પ્રસ્થાપના કરવાની તરત જ જાહેરાત કરી હતી. આ સાથે જ નોંધ લેવી રહી કે આ બંને ગુરુભાઈઓ – પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરના શિષ્યરત્નો એવા કુમારપાળ દેસાઈ અને ચંદ્રકાન્ત શેઠ – એ ગુરુઆજ્ઞા, **'હવે તમે બંને બાંધવો આ કાર્ય સુપેરે સંભાળજો'**ને સાચા અર્થમાં આત્મસાત કરીને ગુરુવર્યના આદર્શો-આદર્યાં અધૂરાં કાર્યોને સાકાર કરવા પોતાની જાતને ઓગાળીને સમર્પિત અને પ્રતિબદ્ધ બની રહીને **'ગુજરાતી વિશ્વકોશ'** અને **'બાળવિશ્વકોશ'**નું સુપેરે સંપાદનકાર્ય સંપન્ન કરવાની સાથે જ **'ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ'**ને પોતાનાં જ્ઞાન અને corporate wisdom થકી એક આદર્શ નમૂનેદાર, ક્રિયાશીલ – Vibrant અને વિદ્વત્ત સંસ્થા તરીકે પ્રસ્થાપિત કરી આપી. ગુરુ-શિષ્યોની આવી દુર્લભ જોડી આપણાં શત શત વંદનની અધિકારી બની રહે છે.

● ● ●

આપણા સંસ્કૃતિ પુરુષ ઉમાશંકર જોશીએ 'સર્જનનો ચહેરો ઓળખવા'ના હેતુસર **'સર્જકની આંતરકથા'** (૧૯૮૪) ગ્રંથનું સંપાદન કર્યું છે. જેમાં સર્જક ચંદ્રકાન્ત શેઠની કેફિયત **'મારો વાગ્યોગ'** (પૃ. ૮–૧૪) શીર્ષક હેઠળ ગ્રંથસ્થ છે, જેમાં તેમણે પોતાને મન શબ્દ સંદર્ભે નોંધેલ મંતવ્ય : "શબ્દ જેના સંકેત તરીકે કામ કરે છે એ સાંસ્કૃતિક સંદર્ભમાંની અનેક બાબતો મને ગમે છે. ક્યારેક બધું સ્વચ્છ હોય, વ્યવસ્થિત ને રૂપાળું હોય ત્યારે મને તે સરસ્વતીના સૂચિ શીલ માટે સૌથી વધુ અનુકૂળ લાગે છે. શબ્દનો આ સાંસ્કૃતિક સંદર્ભ કે પરિવેશથી વિચ્છેદ મને લેશ પણ માન્ય નથી. અનુભવની પ્રક્રિયામાં નહીં મુકાતા શબ્દ માટે મને કશી દિલચસ્પી નથી, એવા શબ્દમાં મારી કોઈ શ્રદ્ધા નથી... હું ભારપૂર્વક કહી શકું કે સાહિત્યના – કાવ્યના શબ્દમાં મારી બનાવટ ક્યાંય નથી. એવી બનાવટ કરતાં હું જ મારી નજરમાંથી ઊતરી જાઉં એ મને માન્ય નથી... ઉત્કૃષ્ટ પ્રકારની સર્જકતા ઉત્કૃષ્ટ પ્રકારની અંતરતમ મનુષ્યતા વિના શક્ય જ નથી ને તેથી સાચી સર્જકસાધના અનિવાર્યતયા આધ્યાત્મિક સાધના બને છે. સાચી શબ્દસાધના અનિવાર્યતયા આત્મસાધના – જીવનસાધના બને છે" દ્રષ્ટવ્ય બની રહે છે. આ હૃદયગત મંતવ્યનો તેમના સાહિત્યમાંથી પસાર થનારને કે તેમનાં કાર્ય અને રીતિ–નીતિથી પરિચિત વ્યક્તિને સહજમાં સંસ્પર્શ થયા વિના ન રહે. અને તેથી જ શેઠસાહેબનાં આ ઉભય પાસાંઓથી સુપરિચિત તથા જીવનપોષક સાહિત્યના સર્જક – ચિંતક અને ખરા અર્થમાં જૈન ધર્મદર્શનથી અનુપ્રાણિત પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ તેમને 'જેવા સાચા શિક્ષક એવા જ સાચા સર્જક' તરીકે ઓળખાવે છે. શબ્દની ઉપાસનાની સાથે સાથે કર્તવ્યપરાયણતા, પુરુષાર્થ અને સચ્ચાઈ એ તેમના વ્યક્તિત્વના પર્યાય બની ગયેલા ગુણો જોવા મળે છે. આ સંદર્ભે શેઠસાહેબનાં વિદ્યાર્થિની રહી ચૂકેલાં અને 'બાલવિશ્વકોશ'નાં સહકાર્યકર અને જાણીતાં બાલસાહિત્યકાર પ્રા. ડૉ. શ્રદ્ધા ત્રિવેદીનું અનુભવજન્ય મંતવ્ય : 'સત્ય પણ પ્રિય બોલો' એ સૂત્ર જાણે ખરા પણ સચ્ચાઈની બાબતમાં તો તે અપ્રિય લાગે તેવી કડવી રીતે પણ વાત કરે. સાહિત્યિક સત્યો અને સત્ત્વોની મૂલવણી વખતે નર્મદ અને નિરંજનીય આવેશ તેમનામાં સંક્રાંત થઈ જાય. પ્રતિષ્ઠા ખરડાય કે સંબંધ તરડાય તે પોસાય, પણ સત્ય અને શબ્દ સાથેની મૂલ્યવત્તા માટે એકના બે ન થાય. ખુદવફાઈ ત્યાં વિજયી બને" પણ તેમના વ્યક્તિત્વને સમજવા હેતુ ધ્યાનાર્હ બની રહે છે. આવા મૂલ્યનિષ્ઠ સારસ્વતપુંગવ, તેમજ શીલ અને શબ્દના ઉપાસક તેમજ ગુજરાતી કવિતા માટેના સર્વોચ્ચ મહિમાસંપન્ન અવૉર્ડ પૂજ્ય મોરારિબાપુ પ્રેરિત 'આદ્યકવિ નરસિંહ મહેતા અવૉર્ડથી અલંકૃત અને નરસિંહને અભિપ્રેત એવા ખરા અર્થમાં 'પરમ વૈષ્ણવ' કવિ ચંદ્રકાન્ત શેઠ (ઉપનામ : 'નંદ સામવેદી', 'આર્યપુત્ર', 'દક્ષ પ્રજાપતિ', અને 'આર્યપુત્ર')નું ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપો અંતર્ગત નવલકથા સિવાય જેમ કે કવિતા, નિબંધ, હાસ્યનિબંધ, એકાંકી, ટૂંકીવાર્તા, ચરિત્ર, સંસ્મરણ, હાસ્ય, વિવેચન – સંશોધન, બાળસાહિત્ય, (બાલવાર્તાઓ અને બાલકાવ્યો) અનુવાદ, સંપાદન વગેરેમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરે તેવું સત્વશીલ અને બળકું પ્રદાન રહ્યું છે. ખાસ નોંધપાત્ર બાબત તો એ કે આ બધાં સ્વરૂપો પૈકી ઘણાંખરાં સ્વરૂપોની

તેમની કૃતિઓ પુરસ્કૃત છે. આ બધા વિષયોના મૌલિક, અનુવાદિત અને સંપાદિત – અન્યોના સહયોગમાં સંપાદિત સહિત – તેમના ૧૫૦ જેટલા ગ્રંથો પ્રકાશિત થયા છે. અહીં નવલકથા સ્વરૂપ ઉપર તેમની કોઈ કૃતિ જોવા મળતી નથી. આ સંદર્ભે ઘટસ્ફોટ કરતાં 'સવ્યસાચી' અવૉર્ડ એનાયત થયાના પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં તેમના સન્મિત્ર શ્રી રઘુવીરભાઈએ જણાવ્યું હતું કે તેમણે શ્રેષ્ઠ નવલકથાના સર્જન હેતુ ૭ નવલકથાઓ શરૂ કરીને અધૂરી છોડી દીધી છે. વધુમાં, આ પૂર્વે પણ તેમણે 'તિલક ભાગ–૧ : સાહિત્યકારો' (૧૯૯૮)માં ચંદ્રકાન્ત શેઠ વિશેના રેખાચિત્રમાં વિનોદ કરતાં નોંધ કરી છે કે ''કહે છે કે મારી સાથેની મૈત્રીને યાદ કરીને એ નવલકથા લખતા નથી. એ જો એક નવલકથા લખે તો મારું ક્યાંય સ્થાન ન રહે એવી એમને દહેશત છે... પાંચ છ નવલકથાઓ એમણે શરૂ કરી કરીને રહેવા દીધી છે. બે એક તો પાંચ–સાત પ્રકરણથી પણ આગળ વધી છે.'' (પૃ. ૯૩).

સાહિત્યસર્જનનો પ્રારંભ કવિતાથી કર્યો : ગાંધીજીનું ૧૯૪૮માં અવસાન થયું એ અરસામાં 'એવા બાપુ અમર રહો એવું કાવ્ય રચ્યાનું સ્મરણ છે.' પ્રારંભિક તબક્કામાં જ તેમને 'બુધસભા'ના ખમતીધર કવિ તરીકે તેમ જ 'કુમારયુગની કવિતાના છેલ્લા શિખર' તરીકે નવાજવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૭૨ થી ૨૦૨૨ સુધી તેમના ૧૫ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. આ પૈકી 'પવન રૂપેરી' (૧૯૭૨) 'ઊઘડતી દીવાલો' (૧૯૭૪), 'પડઘાની પેલે પાર' (૧૯૮૭), 'ગગન ખોલતી બારી' (૧૯૯૦), 'ઊંડાણમાંથી આવે ઊંચાણમાં લઈ જાય' (૨૦૦૪), 'હદમાં અનહદ' (૨૦૧૬) 'શબ્દમાં મૌન મૌનમાં શબ્દ' (૨૦૨૨) વગેરેનો સમાવેશ થાય છે. તેમણે છાંદસ, અછાંદસ, ગીત, ગઝલ, દીર્ઘ કવિતા વગેરે ક્ષેત્રે ઉત્તમોત્તમ કાવ્ય–રચનાઓ આપીને કવિપોતને પ્રોજ્જ્વલિત રીતે ઉદ્‌ઘાટિત કર્યું છે. તેઓશ્રી આધુનિક ગુજરાતી કવિતાની આગલી હરોળના પ્રતિભાસંપન્ન કવિ તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. ગુજરાતી કવિતાનું એક ગૌરવશિખર છે

તેમની સુચિંતનીય કાવ્યકંડિકાઓ પૈકી કેટલીક જોઈએ :

''તું છે મારી અંદર, તેથી ભર્યોભર્યો હું લાગું ! / તું લીલોછમ અંદર, તેથી હર્યોભર્યો હું લાગું !'' // ''તું ઊંડાણમાંથી આવે ને ઊંચાણમાં લઈ જાય; તું પથ્થરમાંથી પ્રગટે ને પ્હાડ ઉપર લઈ જાય !...'' // ''અજીબ ઈલમ હૈ હમરે અંદર; કણ કણ દેખો મસ્ત કલંદર ! / ભીતર ઐસી લગી ફૂંક કિ / સસ્સા ભયા સિકંદર !'' // ''ઊંડું જોયું, અઢળક જોયું; / મનમાં જોયું, મબલખ જોયું.'' / / ''ક્યાં છે મારો દેશ ? અહીં માટીમાં ક્યાં છે ? / ક્યાં છે મારો દેશ ? અહીં મારામાં કયાં છે ?'' // ''ચંદ્રકાન્તનો ભાંગી ભુક્કો કરીએ. / એના મનમાં ખાલી સમય સડે છે. / ચંદ્રકાન્તને ઝટપટ હળથી ભાંગી ખેતર સપાટ કરીએ, ચંદ્રકાન્તને ભાંગી કણ કણ ખલાસ કરીએ...'' // ''મૂળની સાથે મેળ હોય તો મળવું લાગે મીઠું.'' // ''હું તો મારા હું ને કહું છું : બ્હાર નીકળ, તું બ્હાર.''//

શેઠસાહેબ એક પ્રશિષ્ટ ગીતકાર તરીકે પણ આગવું ઓજસ ધરાવે છે. તેમણે કેટલીક વિદ્યાસંસ્થાઓનાં ગીતો રચેલાં છે, જેમાં 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' માટેનું ગીત (જેના શબ્દો છે : અહીં જ્ઞાનસૂર્ય સંચરે, આપણો ચિત્ત પ્રકાશ કરે.) એ તેમની કવિપ્રતિભાનું અને તેની સાથે જ તેમની પ્રબુદ્ધ વૈચારિકચેતનાનું ઉત્તુંગ શિખર છે. આ ગીતમાં ઉજાગર કરી આપવામાં આવેલ વિશ્વકોશની વિભાવના તેના શ્રોતાને અભિભૂત કરી મૂકે છે. અને તે પણ શ્રી અલ્પાબહેનના સુમધુરકંઠેથી આ ગીતનું ગાન સાંભળતાં જ તેના શ્રોતાઓ મંત્રમુગ્ધ થવાની સાથે જ સભાખંડમાં પેદા થતાં આહ્‌લાદક તેજવલયોની અનુભૂતિ સહજમાં અનુભવે છે. આ ગીત ઉપરાંત 'ગૂજરાત વિદ્યાપીઠ'ના 'પ્રૌઢશિક્ષણ અભિયાન' સંદર્ભે રચેલ ગીત કે જેના શબ્દો : ''આંખો છે તેજદાર, વાંચી જો જાણે ના ! તો તે કેટલી શરમ છે. !'' છે. વધુમાં અદના ગ્રંથાલયી સ્વ. પ્રવીણ શાહની વિનંતીથી 'ગ્રંથાલય' વિશેનું. ગીત – 'માનવકુળનું જ્ઞાનતીર્થ ગ્રંથાલય !'... તૈયાર કર્યું હતું, જે 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના વૃત્તપત્ર 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત' (વર્ષ–૫, અંક : ૨, માર્ચ–એપ્રિલ ૨૦૧૫) કવર પૃ. ૨)માં પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ બધાં ગીતોમાં અભિવ્યક્ત ચિંતન–દર્શન, ધ્વનિ અને લયની પ્રભાવકતા એ છે કે તેને સતત સાંભળતાં જ રહીએ અને મમળાવતાં જ રહીએ

શેઠસાહેબ કવિ અને ગીતકાર તરીકે જેટલા ખ્યાત છે, તેટલા જ નિબંધકાર અને વિવેચક તરીકે પણ. તેમના વિવિધ પ્રકારના ૨૦ નિબંધસંગ્રહો અને હાસ્ય–નિબંધસંગ્રહો પૈકી 'નંદ સામવેદી' (૧૯૮૦), 'ચહેરા ભીતર ચહેરા' (૧૯૮૬), 'વાણીનું સત વાણીની શક્તિ' (૧૯૯૬), 'હેત અને હળવાશ' (૧૯૯૦), 'રૂડી જણશો જીવતરની' (૨૦૧૩), 'પ્રસન્નતાનો પ્રસાદ' (૨૦૨૦) વગેરે છે. આ નિબંધોમાં તેમની સંવેદનશીલતા અને સર્જનાત્મક ગદ્યનો સુપેરે નિખાર પ્રસ્ફુટિત થયેલો જોવા મળે છે.

લેખકને વેદ–ઉપનિષદોની જે સૂક્તિઓ 'સાગર–સભર ગાગરો સમી લાગી' તેનું વર્તમાન યુગને અભિપ્રેત તેવું અર્થઘટન – મૌલિક ચિંતન –ભાષ્ય 'વાણીનું સત, વાણીની શક્તિ' (૧૯૯૭)માં રજૂ કર્યું છે. ચરિત્રચિત્રણોનાં ૫ પુસ્તકો આપ્યાં છે. ચરિત્રો તેમજ સંસ્મરણોમાં જે તે ચરિત્રના સમગ્ર વ્યક્તિત્વને ઉપસાવવામાં લેખક સિદ્ધહસ્ત પુરવાર થયા છે. લેખકે તેમનાં ચરિત્ર–ચિત્રણોને કલ્પનોત્થ કહીને નોંધ્યું છે કે, 'આ ચહેરાઓને અંધારે ખૂણેથીય જોવાય, એમના અંધારા ખૂણાઓ પણ જોવાય. કોણ જાણે કેમ, મને એમ કરવાનું ન ગમ્યું. મેં ઊજળે ખૂણેથી એમને જોયા, એમના ઊજળા ખૂણા જોયા, માણ્યા અને એની વાતો માંડી' અહીં લેખકના માનવીય અભિગમનાં અને ગુણગ્રાહી વ્યક્તિત્વનાં દર્શન થાય છે. **'સારસ્વત વંદના'** (૨૦૦૯)માં ગુજરાતનાં સાહિત્ય, શિક્ષણ અને સંસ્કાર–સંવર્ધનમાં મૂઠી ઊંચેરું ગૌરવશીલ પ્રદાન કરનારાં વિવિધ ક્ષેત્રો (જેમ કે, ભાષા–સાહિત્ય, શિક્ષણ, તત્ત્વચિંતન, સંગીત, પાર્વાત્યવિદ્યા, રાજનીતિ, ગાંધીજીવનદર્શન, આયુર્વેદ, પત્રકારત્વ વગેરે)ની ૫૧ સારસ્વત પ્રતિભાઓની વંદના સાધાર અને સ-રસ રીતે કરી છે, જેમાં લેખકની સમુદાર સહૃદયતા અને સંપ્રજ્ઞતા (awarness)નાં દર્શન થાય છે. લેખક દ્વારા આ બધા સારસ્વતોની વંદના 'સ્વાન્તઃસુખાય' અને સર્જક તરીકેની સમાજનિષ્ઠા – સ્વધર્મ તરીકે કરવામાં આવી છે. આ બધી જ પ્રતિભાઓની વંદનાઓમાંથી પસાર થતાં એક બાબત સ્પષ્ટ ઊપસી આવે છે કે લેખકે જે તેના 'ગુણદર્શન' હેતુ તેમની 'વિદ્યાકીય અને સાહિત્યિક વિગતો' વણી લેવામાં ભારે ચીવટ રાખી છે, જેમાં લેખકનાં સ્વાધ્યાય–તપ, નિષ્ઠા અને પ્રતિભાઓ પ્રતિ પૂર્ણ શ્રદ્ધાભાવનાં સહજમાં દર્શન થાય છે. વળી, આ સાથે જ લેખકનો ધ્યેયમંત્ર – મલ્લિનાથી સૂત્ર 'નામૂલં લિખ્યતે કિંચિત્' – સતત નજર સમક્ષ રહ્યો હોવાની પ્રતીતિ સુજ્ઞ વાચકને પણ સહજતયા થાય છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના વ્યક્તિત્વને ઉજાગર કરતું લેખકનું અવલોકન 'હલકું ને હીણું ન એમને રુચ્યું, ન એમણે કદીયે પુરસ્કાર્યું' (પૃ. ૫૧) લેખક સ્વયંને પણ યથાર્થમાં એટલું જ સહજ રીતે લાગુ પડે છે.

કેન્દ્રીય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા પુરસ્કૃત 'ધૂળમાંની પગલીઓ' (૧૯૮૪) એ તેમની બાલ્યવય અને કિશોરાવસ્થાની સ્મૃતિઓને વાચા આપતી યશોદાયી કૃતિ છે કે જેને હીરાબહેન પાઠક 'કવિતાની જોડિયા પેદાશ' અને આ જ ભાવને રઘુવીર ચૌધરી 'કવિતાનો હકીકત સાથે વિરલ સંયોગ' તરીકે ઓળખાવે છે. અહીં સંગૃહીત બાલ્યવયનાં સ્મૃતિચિત્રોથી ગુજરાતી સાહિત્ય જગત ન્યાલ થઈ ગયું છે. અહીં 'નિબંધકળાનું રૂડું દર્શન' જોવા મળે છે. તેમાં હૃદયની સચ્ચાઈનો રણકો સંભળાય છે.

વિવેચક તરીકે પણ હંમેશાં તેમણે તાટસ્થ્યપૂર્ણ'' રીતે જે તે કૃતિને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. સાહિત્યિક મૂલ્યોના જતન સાથેની તેમની નિસબત, નિષ્પક્ષતા અને નીડરતા તેમજ સંશોધકીય અભિગમ – સ્વાધ્યાયપૂત પરિશીલન પ્રકૃતિ ધ્યાનાર્હ બની રહે છે. તેમણે 'કાવ્યપ્રત્યક્ષ' (૧૯૭૬) 'અર્થાન્તર' (૧૯૭૮), 'રામનારાયણ વિ. પાઠક' (૧૯૭૯), 'આયૂરનીનું સ્વરૂપ' (૧૯૮૪), 'સ્વામીનારાયણ સંતકવિતા' (૧૯૮૪), 'સાહિત્ય : પ્રાણ અને પ્રવર્તન' (૧૯૯૮), 'ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા' (૨૦૧૫), 'પ્રેમાનંદનું ભાષાકર્મ', (૨૦૧૬), 'માણ્યું એની મજા' (૨૦૨૨), 'સપ્તપદી : આસ્વાદ અને અવબોધ' (૨૦૨૨) વગેરે ૩૩ વિવેચનગ્રંથો આપ્યા છે. **'ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા'** (૨૦૧૫) પુસ્તકમાં લેખકનો મુખ્ય ઉદ્દેશ ભક્તકવિના જીવન અને કવન સંબંધી પ્રશ્નોની નોંધ લઈને તેની ભક્તિભાવના – દર્શન અને તેમાં સંનિહિત ઉત્તમ કાવ્યપદારથની રસ લ્હાણ કરાવવાનો રહ્યો છે, જેમાં લેખક પૂર્ણરૂપેણ ખરા ઊતર્યાં છે. વામનનાં ત્રણ પગલાંની જેમ અહીં ગાગરમાં સાગર સમાન ત્રણ વ્યાખ્યાનોમાં નરસિંહ વિશે રજૂ કરેલ સ્વાધ્યાયપૂત પરિશીલન ઉદાહરણસ્વરૂપ બની રહે છે. આ વ્યાખ્યાનો જીવંત શૈલીમાં રજૂ થયાં છે અર્થાત્ શેઠ સાહેબને આપણે પ્રત્યક્ષ સાંભળી રહ્યા હોઈએ તેવો ભાવ તેના વાણીપ્રવાહ, ગર્ભિત વ્યંજના, વ્યંગ વગેરેના માધ્યમથી તેના વાચકને સહજમાં થાય છે, જે આ વ્યાખ્યાનોની આગવી વિશેષતા છે. વળી, નરસિંહના ભક્તિ–શૃંગારનાં પદોના વિવેચનમાં મુખર થયા સિવાય કાવ્યસૌંદર્યનું યથોચિત ઉદ્‌ઘાટન કરી આપ્યું છે.

પ્રાજ્ઞપુરુષ ઉમાશંકર જોશી (૧૯૧૧–૧૯૮૮)ના શ્રી અને સૌરભથી સમૃદ્ધ/હર્યાભર્યા સાહિત્યરૂપી ઉપવનનું 'એષા સંજીવની ટીકા' સમ આસ્વાદન શેઠ સાહેબે **'ઉમાશંકરનો વાગ્વૈભવ'** (૨૦૦૮) શીર્ષક હેઠળના ત્રણ ગ્રંથો (૧. કાવ્યસર્જન, ૨. ગદ્યસર્જન, અને ૩. વિવેચન)માં ઉત્તરદાયિત્વની સભાનતા સાથે કરાવ્યું હોવાથી તેમનું પ્રસ્તુત સંશોધનકાર્ય ઉમાશંકર સાહિત્યના અધ્યેતાઓ માટે આકરગ્રંથ બની રહે છે તેમ નિઃશંક કહી શકાય. આ

એક યુગકાર્ય છે. ખાસ તો એટલા માટે કે જો આ સંશોધન માત્ર પીએચ. ડી. ડિગ્રી–હેતુ પૂરતું જ હોત તો રઘુવીરભાઈ કહે છે તેમ, ઉમાશંકરના કોઈ એક સાહિત્યસ્વરૂપને પસંદ કરીને લેખક ડિગ્રી મેળવી શક્યા હોત, પરંતુ તેમ ન કરતાં ઉમાશંકરના સમગ્ર સાહિત્યને પીએચ. ડી.નો વિષય બનાવીને આચાર્યશ્રી મોહનભાઈ શં. પટેલના માર્ગદર્શન હેઠળ ૧૯૬૫માં આરંભેલ આ કાર્ય ૧૯૭૮માં પૂરું કરીને ગૂજરાત વિદ્યાપીઠમાંથી 'વિદ્યાવાચસ્પતિ'ની ડિગ્રી ૧૯૭૯માં મેળવી હતી. ૧૯૮૮માં ઉમાશંકરભાઈનું અવસાન થયું. ઉમાશંકરભાઈના શેષ સાહિત્યને અર્થાત્ ૧૯૭૮–૮૮ સુધી તેમજ તેમના અવસાન બાદ પ્રગટ થયેલ તેમની તમામ કૃતિઓ અલબત્ત, અનુવાદ, સંપાદન, સંશોધન કે તંત્રીકાર્ય – 'સંસ્કૃતિ' સિવાયનો અભ્યાસ આવરી લેવાના સંકલ્પ સાથે સતત ત્રણ દશક સુધી અધ્યયન–સંશોધન– પરિમાર્જન ચાલુ રાખી એક તપઃપૂત અધ્યયનગ્રંથ તૈયાર કરી પોતાના ગુરુ ઉમાશંકરભાઈને તમારું તમને અર્પી ધન્ય કૈંક થવા મથું... એમ જણાવી અર્પણ કર્યો. પ્રાચીન ગુરુકુળ પરંપરાની યાદ તાજી કરાવે તેવી ઉદાહરણસ્વરૂપ અને અનુકરણીય ગુરુભાવના આપણાં વંદનની અધિકારી બની રહે છે.

આ ત્રણેય ખંડોનું વાચન કરતાં આપણે જોઈ શકીએ છીએ કે શેઠસાહેબે ઉમાશંકર જોશીની પ્રાયઃ વર્ષ ૨૦૦૮ સુધી પ્રકાશિત સઘળી કૃતિઓનું તથા ઉમાશંકર વિશે લખાયેલા ગ્રંથો/લેખો/સમીક્ષાઓ વગેરે સાહિત્યનું પ્રપત્તિભાવપૂર્વકના ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ થકી અધ્યયન કરીને ઉમાશંકરના 'પ્રચંડ મનોઘટનાશાળી વ્યક્તિત્વ'ની સિદ્ધિઓ અને મર્યાદાઓને ભાવકની દૃષ્ટિએ ઉજાગર કરી આપી છે. આ હેતુ લેખકે પ્રત્યેક પ્રકરણના અંતે કુલ મળીને ૧૯૧૧ જેટલાં અવતરણો / સ્પષ્ટતા વગેરે પાદટીપ અંતર્ગત તેમ જ પાઠની સાથે પણ કેટલાંક અવતરણોની સસંદર્ભનોંધ કરી છે. આટલાં વિશાળ માત્રામાં અવતરણોનાં ટાંચણ સંદર્ભે સહજ રીતે કોઈને પ્રશ્ન ઉદ્ભવે. આ સંદર્ભે લેખકનું મંતવ્ય રહ્યું છે કે ''મહત્ત્વના અભિપ્રાયો જે તે વિદ્વાનોના શબ્દોમાં જ આપ્યા છે કે જેથી કોઈ શિથિલતા ન આવે. તેમ જ ઉમાશંકરના કાવ્યવિચારને એમના જ શબ્દોમાં તથા ઉદાહરણસ્વરૂપ આવશ્યક કાવ્યકંડિકાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. અને તેથી લેખકને સમ્યક સમજના પ્રવર્તન માટે અવતરણિયા ગણાવવાનું ઈષ્ટ છે, ગેરસમજ ઈષ્ટ નથી,'' જે સ્વીકાર્ય બની રહે છે. વળી, ગ્રંથનું કદ, વિષયવ્યાપ અને વિશદ ચર્ચા–વિચારણાને ધ્યાને લેતાં અવતરણોની સંખ્યા ઔચિત્યસભર છે. વળી, જે વિવેચકોનાં મંતવ્યોનું સમર્થન કે તેમનો વિરોધ કર્યો છે ઉદા. તરીકે યશવંત શુક્લ (૩.૧૨), ભારતી દલાલ (૩.૮૭) વગેરે ત્યાં 'ચંદ્રકાન્તીય શૈલી' માં સટિપ્પણ પોતાનું દૃષ્ટિબિંદુ પણ રજૂ કરતા રહે છે.

'ઉમાશંકર સાહિત્ય' વિશે શેઠસાહેબનાં કેટલાંક અવલોકનો પણ ધ્યાનાર્હ બની રહે છે.

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની તુલનામાં અર્વાચીન ગુજરાતી સાહિત્ય સાથે એમની વિવેચનાએ વધુ કામ પાડ્યું છે.
- ઉમાશંકરનો વિવેચનમાં પણ પક્ષપાત રહ્યો છે – કવિતા તરફ તેઓ કવિ-વિવેચક તો છે જ, પરંતુ પ્રધાનપણે કવિતા-વિવેચક પણ છે. કવિતા વિશે પ્રમાણમાં તેમને વધારે બોલવાનું થયું છે અને સાહિત્યવિવેચનમાં તેમનાથી વધારે લખાયું છે તે પણ કવિતા વિશે જ.
- ઉમાશંકર ગાંધીપ્રેમી હંમેશાં રહ્યો છે, ગાંધીવાદી હરગિજ નહીં. (૩.૨૧૪)
- ઉમાશંકરની સર્જકપ્રતિભા દીર્ઘ સાહિત્યપ્રકારોમાં સ્થિર એકાગ્રતા સાધી શકી નથી. (૩.૨૧૩)
- આપણે ત્યાં ઘટનાલોપની વાત જોરશોરથી ચાલી તે પૂર્વે ઠીક ઠીક સમય અગાઉ ઉમાશંકરે એમની વાર્તાઓમાં ઘટનાને મુકાબલે ભાવપરિસ્થિતિને પ્રાધાન્ય આપવાનું પ્રારંભી દીધું હતું. (૩.૨૧૨)
- ઉમાશંકર તત્ત્વાભિનિવેશી ભાવક છે, અતન્દ્ર સૌન્દર્યદર્શિતા – એ એમનો વિવેચક તરીકેનો આદર્શ છે. 'હાય, કમબખ્ત તૂને પી હિ નહીં' – એ ગાળથી યોગ્ય રીતે જ તેઓ વેગળા રહેવામાં માને છે. (૩.૨૧૬)
- ઉમાશંકરે શબ્દને ઘડતાં ઘડતાં સમાજને ઘડવાનુંએ જો થઈ શકે તો તે ટાળ્યું નથી, પરંતુ શબ્દના ભોગે સમાજઘડતરમાં એ પડ્યા નથી. (૩.૨૨૩)

આ સાથે જ આપણા પ્રબુદ્ધ સર્જક રઘુવીર ચૌધરીએ આ સ્વાધ્યાયને આવકારતાં અને શેઠસાહેબનાં પ્રજ્ઞાશીલતા, પુરુષાર્થ અને ખાસિયતોને રેખાંક્તિ કરી આપતાં નોંધેલ શબ્દો : ''કવિ–વિવેચક ચંદ્રકાન્ત શેઠ સાતમા દાયકામાં એક સંનિષ્ઠ સર્જક તરીકે ઊપસી આવ્યા. ગાંધીયુગના પાયા પર ઊભા રહી એમણે આધુનિક સંવેદનાના વિશ્વને જોયું. આ કારણે પણ એ ઉમાશંકર

જોશીની વધુ નજીક હતા. પીએચ.ડી.ના સ્વાધ્યાય તરીકે ઉમાશંકરની કવિતા, ગદ્યસાહિત્ય કે વિવેચન – ત્રણમાંથી એક પર્યાપ્ત ગણાય. પણ આ એમના ગુરુવર્ય અગ્રણી સાહિત્યકારના સમગ્ર લેખનનો સ્વાધ્યાય કરવો એ એક સર્જક તરીકે પણ ચંદ્રકાન્તની આવશ્યકતા હતી. પીએચ.ડી.ની પદવી મળ્યા પછી આ સ્વાધ્યાય વધુ સતેજ બન્યો છે અને ત્રણ ત્રણ દાયકા સુધી એમણે આ ત્રણ ખંડનું સેવન કર્યું છે. સતત ચાલેલા શોધન–વર્ધનને કારણે આ ગ્રંથ મહાનિબંધ કરતાં કંઈક વધુ હોવાની પ્રતીતિ કરાવશે. અભ્યાસના વિષયને સાદ્યંત તપાસ્યા પછી એને વિશે નિઃશેષ કથન કરવું એ ચંદ્રકાન્તની વિવેચનાની ખાસિયત છે... ઉચ્ચાવચતાના ફેંસલા આપી દેવાના ઉપરછલ્લા પ્રયત્નો એ નહીં કરે, વિગતમાં ઊંડા ઊતરીને વાત કરશે. સર્જકની સૃષ્ટિમાં ભાવકને સાથે લેવાનો માર્ગ એ નિરાંતે કંડારે છે અને માર્ગસૂચક પ્રમાણો આપતા જાય છે. આમ કરવામાં વિસ્તાર ભલે થાય. એમનું મૂલાધાર ચક્ર જાગ્રત છે. શક્ય હોય ત્યાં એ સૂત્રાત્મક લાઘવ સિદ્ધ કરે છે. વિવેચનનું વિવેચન અને સંશોધનનું શોધન–વર્ધન કરવાની ક્ષમતા અને તિતિક્ષાનું દૃષ્ટાંત પણ આ ગ્રંથ ગણાશે... આ એક સાહિત્યિક ઘટના છે. અગાઉ થયેલા સ્વાધ્યાયો અને મૂલ્યાંકનોમાં આ ગ્રંથ માગ મુકાવશે'' શેઠસાહેબ અને આ ગૌરવગ્રંથને સમજવા માટે ધ્યાનાર્હ બની રહે છે.

પ્રસ્તુત ગ્રંથનું સાંગોપાંગ અધ્યયન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે ઉમાશંકર સાહિત્ય સંબંધી ભાગ્યે જ એવો કોઈ મુદ્દો હશે કે જે શેઠસાહેબના એન્ટેનામાં પકડાયો ન હોય, સિવાય કે અનુવાદ, સંપાદન, 'સંસ્કૃતિ'ની પત્રકારપ્રતિભાને આ અભ્યાસ ક્ષેત્રમાં આવરી લીધેલ ન હોવાથી તેને બાદ કરતાં. અને તેથી જ 'મહાભારત' માટે જ કહેવાયું છે ''યદિહાસ્તિ તદન્યત્ર, યન્નેહાસ્તિ ન તત્ કવચિત્'' (મહાભારત ૬૨ / ૫૩) તે આ 'વાગ્વૈભવ' માટે પણ ખુશીથી કહી શકાય. આમ, આ બધાં જ પાસાંઓને ધ્યાને લેતાં આ અધ્યયનગ્રંથ 'ઉમાશંકર જ્ઞાનકોશ'ના બિરુદનો અધિકારી બની રહે છે. વેદની ઋચાઓના અંતઃસ્તલ સુધી પહોંચવા માટે જેમ સાયણાચાર્ય અનિવાર્ય છે તેમ ઉમાશંકર જોશીના સમગ્ર કૃતિત્વના હાર્દને પામવા યા કહો કે ઉમાશંકરને અભિપ્રેત એવા અર્થને ઉદ્‌ઘાટિત કરવા તેમજ તેને સમજવા માટે ચંદ્રકાન્ત શેઠ ઉપયોગી છે. ઉમાશંકરના 'સાયણાચાર્ય' કે સારસ્વતો જેમને 'ઉમાશંકર–પંડિત'ના હુલામણા નામથી સંબોધે છે તેવા ચંદ્રકાન્ત શેઠને શત શત વંદના.

બાલવાર્તાઓ પૈકી 'અનિલનો ચબૂતરો' (૨૦૧૨), ચંદ્રકાંત શેઠની બાલવાર્તાઓ (૨૦૧૨, સંપા. સાંકળચંદ પટેલ) વગેરે ૫ સંગ્રહો તથા બાલકાવ્યો પૈકી 'ચાંદલિયાની ગાડી' (૧૯૮૦), 'ઘોડે ચડીને આવું છું' (૨૦૦૧) અને 'હું તો ચાલું મારી જેમ' (૨૦૦૧) પ્રકાશિત છે. આ ઉપરાંત અનુવાદ / રૂપાંતર અંતર્ગત ૫ પુસ્તકો 'પંડિત ભાતખંડે' (૧૯૭૭), 'મલયાલમ સાહિત્યની રૂપરેખા' (૧૯૭૩), 'આઠમની રાત' (૧૯૯૪), 'લખમી' (૧૯૯૫) અને 'આનું નામ જિંદગી' (૧૯૯૫) પ્રકાશિત છે.

તેમણે વ્યક્તિગત રીતે તેમજ અન્યોના સહયોગમાં વિવિધ વિષયક ૪૬ જેટલા ગ્રંથોનું સંપાદન કર્યું છે, જેમાં તેમની સજ્જતા અને ભાવકપ્રતિભાનાં સહજ દર્શન થાય છે. સંપાદિત ગ્રંથોમાં 'યુગદ્રષ્ટા ઉમાશંકર' (૧૯૯૫), 'ગૂર્જર કાવ્યવૈભવ' (૨૦૦૪), 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' (૨૦૦૭), 'ગુજરાતી બાલવિશ્વકોશ' (૨૦૦૯–૨૦૧૯), 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' (૨૦૦૭–૨૦૨૧), 'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક' (૨૦૦૮–) વગેરે સમાવિષ્ટ છે. આ પ્રકારના વિશિષ્ટ ગ્રંથો ઉપરાંત 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ' પ્રેરિત વિવિધ કક્ષાઓના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી વાચનમાળાઓના સંપાદક – પરામર્શક તરીકે પણ તેમણે પોતાની સેવાઓ આપી છે. સાહિત્યસૂચિ નિર્માણ ક્ષેત્રે તેમના દ્વારા સંપાદિત રા. વિ. પાઠકકૃત 'બૃહત પિંગળ'ની અને 'ઉમાશંકર જોશી : વાઙ્મયસૂચિ' (ઉમાશંકરનો વાગ્વૈભવ, ખંડ–૩. પૃ. ૨૩૯–૩૨૨)ની સૂચિઓ આ ક્ષેત્રમાં રસ ધરાવતાં અને સવિશેષતઃ પીએચ.ડી. ડિગ્રી હેતુ સંશોધનકર્તાઓ માટે ઉદાહરણ સ્વરૂપ છે. ઉમાશંકર જોશીના બહુઆયામી વ્યક્તિત્વ અને પ્રદાનને આવરી લેતી આ સૂચિનો વ્યાપ અને વિષય–વર્ગીકરણ દ્રષ્ટિપૂત જોવા મળ્યું છે. સવિશેષતઃ ઉમાશંકર વિષયક સાહિત્યથી આ સૂચિ વિશેષ સમૃદ્ધ છે. આમ છતાં જોકે આ સૂચિની બે મોટી મર્યાદાઓ એ છે કે અહીં નિર્દેશિત કોઈ ગ્રંથના પ્રકાશક અને પ્રકાશન સ્થળનો તથા ઉમાશંકર જોશી કૃત લેખોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ સૂચિ શોધપ્રબંધના ભાગ તરીકે તૈયાર કરવામાં આવી હોવાથી સંભવતઃ અતિવિસ્તાર ભયે તેનો સમાવેશ ન કરવાનું મુનાસિબ ગણ્યું હશે. તેમના ગુરુ મોહનભાઈ શં. પટેલના સહયોગમાં તૈયાર કરવામાં આવેલ

'ગુજરાતીમાં વિરામચિહ્નો' (૧૯૭૩) ખૂબ જ ઉપયોગી અને અનોખું પુસ્તક છે. આ જ રીતે ભાષાકીય પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ અને વર્ગીકરણ સહિતની 'ગુજરાતી ગામ નામ – સૂચિ' (૧૯૯૬) પણ તેમની આગવી દ્રષ્ટિ અને રસવૈવિધ્યશીલ પ્રકૃતિનો દ્યોતક ગ્રંથ બની રહે છે. આ ઉપરાંત તેમણે 'ભાષાવિમર્શ' અને 'પરબ' સામયિકોનું સંપાદનકાર્ય પણ કેટલાક સમય સુધી કર્યું હતું.

શેઠસાહેબના સમગ્ર સાહિત્યસર્જનમાંથી કોઈ એક સાહિત્યસ્વરૂપ કે બધાં જ સ્વરૂપોમાંથી કેટલીક ઉત્તમ કૃતિઓ/અંશો વીણી વીણીને કેટલાક સંચયો/સંપાદનો અર્થસભર પ્રસ્તાવના સાથે પ્રગટ કરવામાં આવ્યા છે, જેનું શ્રેય રમેશ એમ. ત્રિવેદી, લાભશંકર ઠાકર, મનહર મોદી, યોગેશ જોષી, શ્રદ્ધા ત્રિવેદી અને ઊર્મિલા ઠાકરનાં શિરે રહે છે. આ સંપાદકો પૈકી યોગેશ જોષી, શ્રદ્ધા ત્રિવેદી અને ઊર્મિલા ઠાકર દ્વારા e-book સ્વરૂપે સંપાદિત 'શ્રેષ્ઠ ચંદ્રકાન્ત શેઠ' (૨૦૨૦; ૪૩+૪૨૫ પૃ.) શીર્ષક હેઠળનો ગ્રંથ શેઠસાહેબના શ્રેષ્ઠ વાગ્વૈભવને ઉજાગર કરી આપે છે, જેમાં સંપાદકોની ચયનદ્રષ્ટિ શેઠસાહેબના સાહિત્યની સ્વાધ્યાયનિષ્ઠા અને અધ્યયનશીલતાની દ્યોતક બની રહે છે. આ ગ્રંથ Ebook - Ekatra Foundation.org વેબસાઈટ ઉપર સુલભ છે. આ જ રીતે તેમનાં પ્રતિપાત્ર વિદ્યાર્થિની તેમજ કેન્દ્રિય સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા બાલસાહિત્યનાં સર્જક તરીકે પુરસ્કૃત ડૉ. શ્રદ્ધા ત્રિવેદીએ તેમના વૈવિધ્યશીલ ૧૭ નિબંધસંગ્રહોની સઘન તપાસ કરીને પસંદગીના સર્જનાત્મક, ચિંતનાત્મક અને ચરિત્રાત્મક નિબંધોના ત્રણ ખંડોનું અલગ–અલગ શીર્ષક હેઠળ સંપાદન કર્યું છે, જેનું પ્રકાશન આર. આર. શેઠ (૨૦૨૦) દ્વારા કરવામાં આવ્યું છે. આ જ પરંપરામાં ડૉ. શ્રદ્ધાબહેન દ્વારા 'શબ્દયાત્રા : નિષ્ઠા અને પ્રતિષ્ઠા' (૨૦૧૬) શીર્ષક હેઠળના ગ્રંથમાં શબ્દબ્રહ્મના ઉપાસક શેઠસાહેબના આત્મકથનાત્મક ૩૪ લેખો અને ૫ મુલાકાતોનું સંકલન કરવામાં આવ્યું છે, જેમાં તેમના જીવનઘડતર અને શબ્દસાધના સંબંધી બોધપ્રદ વાતો સમાવિષ્ટ છે, જે સર્જકના આંતરસત્ત્વને જાણવા અને પામવા ઉપરાંત વાચકના જીવનઘડતર કે આત્મખોજ માટે દિશાપ્રેરક બની રહે છે.

ચંદ્રકાન્ત શેઠના સમગ્ર સાહિત્ય તેમજ તેમના વ્યક્તિત્વને ધ્યાને લેતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે તેઓ જે કોઈ કાર્ય હાથમાં લે છે તે પૂરી ગંભીરતાથી, સજ્જતાથી અને જવાબદારીની સભાનતા સાથે પૂર્ણ કરે છે, જેની પ્રતીતિ 'ગુજરાતી સાહિત્યકોશ', 'ગુજરાતી બાલવિશ્વકોશ', 'ગુજરાતી વિશ્વકોશ' જેવા સંદર્ભગ્રંથોની સંપાદકીય કામગીરી તેમજ તેમનાં પોતાનાં અન્ય મૌલિક પ્રકાશનો તેમજ સંપાદનો જોતાં સહજમાં થાય છે.

ઉલ્લેખનીય છે કે આ બહુમુખી પ્રતિભાસંપન્ન સર્જકનો જન્મ વૈષ્ણવ પરિવારમાં તા. ૩ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ કાલોલ (જિ. પંચમહાલ)માં થયો હતો. વતન આણંદ જિલ્લાનું ઠાસરા. તેમના પિતા સ્વ. શેઠ ત્રિકમલાલ (ભગત) અને માતા સ્વ. સરસ્વતીબહેન પુષ્ટિસંપ્રદાયનાં ચુસ્ત અનુયાયી હતાં. પત્નીનું નામ મુદ્રિકાબહેન. તેમના પરિવારમાં પુત્રી ડૉ. વંદના અને પુત્ર ડૉ. અભિજાત. પ્રાથમિક – માધ્યમિક શિક્ષણ હાલોલ અને કણજરીમાં અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં મેળવ્યું. સ્વ. પ્રો. મોહનભાઈ શં. પટેલના માર્ગદર્શન હેઠળ પોતાના ગુરુવર્ય તથા ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક–વિવેચક ઉમાશંકર જોશીના સાહિત્ય વિશે : 'ઉમાશંકર જોશી : સર્જક અને વિવેચક' શીર્ષક હેઠળ શોધપ્રબંધ તૈયાર કરીને ગૂજરાત વિદ્યાપીઠમાંથી ૧૯૭૯માં વિદ્યાવાચસ્પતિ [Ph.D.]ની પદવી મેળવી હતી.

કારકિર્દીનો પ્રારંભ અમદાવાદમાં મીટર રીડર તરીકે કર્યા બાદ ભરુચની યુનિયન હાઈસ્કૂલમાં શિક્ષક અને ત્યાર બાદ સેંટ ઝેવિયર્સ કૉલેજ (૧૯૬૧–૬૨), આર્ટ્સ–સાયન્સ કૉલેજ, કપડવંજ (૧૯૬૨–૧૯૬૩), ગૂજરાત વિદ્યાપીઠ (૧૯૬૩–૬૬) અને ભક્ત વલ્લભ ધોળા કૉલેજ (૧૯૬૬–૭૨)માં અધ્યાપક તરીકે સેવાઓ આપ્યા બાદ પુનઃ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા અને નિવૃત્તિપર્યંત સેવાઓ આપી ઈ. સ. ૧૯૯૮માં ગુજરાતી અનુસ્નાતક વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષપદેથી વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયા. વિદ્યાપીઠમાં સેવા દરમિયાન ગુજરાતી સાહિત્યકોશના પ્રકલ્પમાં સંપાદક તરીકે તેમને નિમંત્રણ આપવામાં આવતાં ૧૯૭૯થી ૧૯૮૪ સુધી તેઓ લિયન લઈને ગુજરાતી સાહિત્ય પરિષદમાં જોડાયા અને ત્યાં ૧૯૮૨થી ૧૯૮૪ સુધી ક. લા. સ્વાધ્યાય મંદિરમાં નિયામક તરીકે સેવાઓ આપી હતી. નિવૃત્તિ બાદ (૧૯૯૮થી) ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં જોડાયા અને 'ગુજરાતી વિશ્વકોશ'ના સહસંપાદક તરીકે સેવાઓ આપી, તેમજ તેમના મુખ્ય સંપાદકપણા હેઠળ ટ્રસ્ટ દ્વારા 'ગુજરાતી બાલવિશ્વકોશ' (૧૦ ખંડો, ૨૦૦૯–

૨૦૧૯) પ્રકાશિત કરવામાં આવ્યો છે. સમગ્ર વ્યવસાયિક કારકિર્દી દરમિયાન અનેકવિધ વિદ્યાસંસ્થાઓને તેમની સેવાઓ સાંપડી છે, જેમ કે 'કેન્દ્રીય સાહિત્ય અકાદમી', નવી દિલ્હીના સભ્ય, 'ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ'ના ગુજરાતી વિભાગના સલાહકાર, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની મધ્યસ્થ સમિતિના સન્માન્ય સભ્ય, 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના મંત્રી અને પ્રમુખ, 'ગુજરાતી સાહિત્ય પરિષદ' પ્રકાશિત ગુજરાતી સાહિત્યકોશના સહસંપાદક અને સંપાદક, 'ગુજરાત સાહિત્ય સભા'ના મંત્રી, 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' માટેની પરામર્શક સમિતિના સભ્ય, વગેરેની હેસિયતથી તેમણે કામગીરી કરી હતી. યુજીસી દ્વારા વર્ષ ૧૯૮૯–૯૦ દરમિયાન રાષ્ટ્રીય પ્રાધ્યાપક તરીકે પણ મનોનીત કરવામાં આવ્યા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૩મા અધિવેશનની સર્જનાત્મક સાહિત્યની બેઠકના વિભાગીય પ્રમુખ તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. આગળ ઉપર ઉલ્લેખ કર્યા મુજબ શેઠસાહેબે અનેકવિધ સાહિત્ય–સ્વરૂપોમાં મબલખ ખેડાણ કરીને ગુજરાતી ભાષા–સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. જોકે તેમણે દેશ–વિદેશના, જેમ કે ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, યુગાન્ડા, કેનિયા, અમેરિકા, ઇજિપ્ત વગેરે દેશોનો પ્રવાસ કર્યો છે, પરંતુ કોઈ પ્રવાસગ્રંથ આપ્યો નથી, સિવાય કે આ બધા જ પ્રવાસોને આવરી લેતો લેખ 'પ્રવાસ : અનુભવ અને પ્રભાવ' (શબ્દયાત્રા, પૃ. ૧૫૨–૧૫૮). આ લેખમાં પ્રવાસલીલાની ફળશ્રુતિ દર્શાવતું અવલોકન ''જેમ જેમ વધારે જોઈએ છીએ, જાણીએ છીએ, ફરીએ છીએ ને અનુભવીએ છીએ તેમ તેમ આપણે અંદરથી વધુ ને વધુ ઊઘડતા જઈએ છીએ પ્રસરતા અને વિસ્તરતા જઈએ છીએ અને આપણો બહારનો પ્રવાસ એ રીતે આંતરપ્રવાસમાં પરાવર્તન કે રૂપાંતર પામીને આપણને આપણા આદિમ સામર્થ્યને સૌંદર્યના અખૂટ સ્રોતો પ્રતિ અભિમુખ કરી દે છે'' પ્રેરક બની રહે છે.

### પારિતોષિકો - અવૉર્ડો

આવા ગૌરવશીલ વિદગ્ધ સર્જક ચંદ્રકાન્ત શેઠની ઘણી કૃતિઓ તેમજ તેમના બહુઆયામી સમગ્ર પ્રદાનને ધ્યાને લઈને બહુવિધ વિદ્વત્ત સંસ્થાઓએ તેમને બહુમૂલ્ય ચંદ્ર, પારિતોષિક, અવૉર્ડ વગેરેથી વિભૂષિત કરવામાં આવ્યા છે, જેની સંખ્યા ૩૦થી અધિક છે. આ પૈકી પ્રાપ્ત કેટલાક નોંધપાત્ર અવૉર્ડ નીચે દર્શાવ્યા છે.

- 'કુમાર' ચંદ્રક (૧૯૬૪) - કવિતા માટે.
- ઉમા - સ્નેહરશ્મિ પારિતોષિક, 'ધૂળમાંની પગલીઓ' માટે (૧૯૮૪-૮૫)
- રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૮૫)
- સાહિત્ય અકાદમી, દિલ્હી - નેશનલ અવૉર્ડ, 'ધૂળમાંની પગલીઓ' માટે (૧૯૮૬).
- 'કવિલોક' તરફથી બલવંતરાય ઠાકોર પારિતોષિક, કવિતા માટે (૧૯૮૬).
- ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક 'પડઘાની પેલે પાર' માટે (૧૯૮૬-૮૭).
- જ્યોતીન્દ્ર હ. દવે (હાસ્ય) પારિતોષિક, 'હેત અને હળવાશ' માટે (૧૯૯૦-૯૧).
- નર્મદ સુવર્ણચંદ્રક 'પડઘાની પેલે પાર' માટે (૧૯૮૩-૮૭).
- રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી (સાહિત્યશાસ્ત્ર) પારિતોષિક, 'સાહિત્ય : પ્રાણ અને પ્રવર્તન' માટે (૧૯૯૮-૯૯).
- શ્રી અનંતરાય રાવળ વિવેચન અવૉર્ડ (૨૦૦૦).
- શ્રી નટવરલાલ માલવી (બાલસાહિત્ય) પારિતોષિક, 'હું તો ચાલું મારી જેમ' માટે (૨૦૦૧).
- આદ્યકવિ શ્રી નરસિંહ મહેતા અવૉર્ડ (પૂ. મોરારિબાપુ પ્રેરિત, ૨૦૦૫).
- ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર (૨૦૦૬).
- સારસ્વત ગૌરવ પુરસ્કાર (વિદ્યાવિકાસ ટ્રસ્ટ તરફથી, ૨૦૦૭).
- સચ્ચિદાનંદ સન્માન (ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી, ૨૦૧૦).
- પ્રેમાનંદ અવૉર્ડ (પ્રેમાનંદ સાહિત્ય સભા તરફથી, ૨૦૧૬).
- લાઇફ ટાઇમ એચિવમેન્ટ અવૉર્ડ (હ્યુમન સોસાયટી ઑફ ઇંડિયા - નડિયાદ, ૨૦૧૬),
- વિનોદ નિઓટિઆ કાવ્યમુદ્રા અવૉર્ડ (૨૦૧૬).
- મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન 'સાહિત્ય અવૉર્ડ' (૨૦૧૭).
- બાલસાહિત્ય પુરસ્કાર, સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી (૨૦૧૮).
- પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી અવૉર્ડ (૨૦૨૨).

**સારસ્વતોની કલમે :**

"ચંદકાન્ત બહુ ઝીણું જોનારો માણસ છે."

**- ઉમાશંકર જોશી**

"વિશ્વકોશનું વહીવટી પાસું સંગીન રહ્યું છે કુમારપાળથી, તો તેનું વિદ્યાકીય પાસું ચળકતું રહ્યું છે ચન્દ્રકાંત શેઠથી. તેમના આગમન પછી વિશ્વકોશ રચનાના સમગ્ર કાર્યક્રમને તેનાં સર્વ અંગોની ચકાસણી પરત્વે શેષ ઉઠાવ મળ્યો. તથ્યની તપાસ અને વસ્તુની વ્યવસ્થા, ભાષાની શુદ્ધિ અને કથનની ચોકસાઈ તેમની ઝીણી નજર તળે ચકાસણી પામ્યા વગર રહ્યાં નથી. વિશ્વકોશને લગતા વિવિધ વિદ્યાકીય કાર્યક્રમોનું આયોજન પણ તેમનાં સલાહ અને માર્ગદર્શન મુજબ થાય છે.

**– ધીરુભાઈ ઠાકર**

"લાભશંકર ઠાકર અને સિતાંશુ પછી આ ચંદ્રકાન્ત એક એવો કવિ છે, જેના પર ચાંપતી નજર રાખવી ઘટે."

**– નિરંજન ભગત**

"સૌજન્ય, સ્વાતંત્ર્ય-પ્રીતિ અને સર્જકતાના ત્રણ નિર્મળ-પ્રબળ પ્રવાહોના ત્રિવેણી-સંગમ એટલે ચંદ્રકાન્ત શેઠ. વીસમી સદીના ઉત્તરાર્ધ ગુજરાતી કવિતામાં, વિવેચન-સમ્પાદન-સંશોધનમાં, લલિત ગદ્યમાં એમનું જ માતબર અર્પણ છે, તે આ શક્તિત્રયીના સમુદયની નીપજ રૂપે સમજી શકાય. એમની કલમ અને એમનાં ચિત્તતંત્રમાં એક સહજ અને સશક્ત સૌષ્ઠવ છે. જીવનની અને સાહિત્યની કટોકટીઓમાં એમને આ સૌષ્ઠવ, દાન્તેના વર્જિલ જેવું, પાર ઉતારે છે, એવું જણાય છે. સાહિત્ય-વિચાર, સંસ્કૃતિ-ચિંતન અને કૃતિ-રચનામાં એમનું વલણ જો મધ્ય-માર્ગી હોય તો એ એમના વ્યક્તિત્વની સુજનતાનો જ નહીં, એમના હાડમાં પડેલી પેલી સ્વાતંત્ર્ય-પ્રીતિનો પણ એમાં ભાગ છે. વહેવારુ અંતિમો તરફથી આવતાં દબાણોને એ વશ નથી થતા. એમની કવિતાના મૂળને એક શોધક ચેતના અને એક શોધન પ્રક્રિયાનું સંયુક્ત રસાયણ પોષણ આપતું જણાય છે. જાતને અને જગતને આ કવિ ફંફોસ્યા કરે છે, શોધતો ફરે છે. સાથે જ એ પોતાનું શોધન કરતો રહે છે, નિર્મળ થતો રહે છે. "ચન્દ્રકાંતનો ભાંગી ભુક્કો કરીએ" અને "ઊંડું જોયું, અઢળક જોવું" બંને પંક્તિઓના કવિ એક જ છે. જળ અને જાળ, બન્નેને એ જાણે અને જાળવે છે.

વિવેચન, સંપાદન અને સંશોધનમાં ચંદ્રકાન્ત શેઠે વિશ્વનીયતાને રસિકતા સાથે સાંકળી આપતું કામ કરી બતાવ્યું છે. 'સાહિત્યકોશ' અને 'વિશ્વકોશ' એમની હકીકતો અંગેની ચીવટ અને સાહિત્ય અંગેની મર્મરતાથી ભર્યા કામથી શોભે છે. નરસિંહ મહેતા અને ઉમાશંકર જોશી વિશેનું એમનું કામ કવિતાને ભીતરથી જાણનાર વિદ્વાનનું કામ છે. રસાનુભવની બાબતમાં અંગત પણ સાહિત્ય-વિવેકની બાબતમાં બિનગંત એવા આ વિવેચક ગુજરાતની ભાવક ચેતનાને નરવી રાખે છે. ચંદ્રકાન્તનું લલિત ગદ્ય સિમેન્ટમાં પડેલી પગલીઓ જેવું ચિરંજીવ છે, એમ કહેવામાં એમના નિબંધોની કોમળતા રોકે. અતીતરાગમાં સપડાયા વગર સમય સાથે, બલ્કે ત્રિકાલ સાથે કેમ જોડાવું, એ જે તે કામ નથી, એટલું તો આપણા નિબંધકારોને આ ગદ્ય કહી જાય છે. લાગણીવશ ન થવું, તોપણ લાગણીઓના સ્વરૂપને તપાસવું. એ નિબંધકારની કસોટી ગણાય. ચંદ્રકાન્તના નિબંધો એ કસોટીએ ખરા ઊતરે એવા છે. શેઠસાહેબની દોસ્તી આજકાલ કરતાં મને અડધી સદીથી મળી છે. અડગ છે. કોમળ છે. નિર્મળ છે. એમના જેવી જ. ને મારો એક વિસામો છે.
(ફેબ્રુઆરી, ૨૦૧૦)

**– સિતાંશુ યશશ્ચંદ્ર**

"અનેકમુખી પ્રતિભા ધરાવતા ડૉ. ચંદ્રકાન્ત શેઠે ગુજરાતી કવિતા, નિબંધ અને વિવેચનના ક્ષેત્રમાં ઉચ્ચ કીર્તિમાન સ્થાપિત કર્યા છે. વર્ષો સુધી ગૂજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થામાં તેમણે ગુજરાતીનું અધ્યાપન કરી અનેક છાત્રોને તૈયાર કર્યા છે. વિપુલ સાહિત્યસર્જન કરનાર ડૉ. ચંદ્રકાન્ત શેઠે વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી પ્રકાશિત ગુજરાત વિશ્વકોશમાં એક સંપાદક તરીકે મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. ગુજરાતી સામ્પ્રત કવિતાના એક પ્રમુખ સ્વર ગણાતા આ કવિને યોગ્ય રીતે જ આદ્ય કવિ નરસિંહ મહેતા પુરસ્કારથી વિભૂષિત કરવામાં આવ્યા છે. ગુજરાતી ભાષાના એક શ્રેષ્ઠ સર્જક ઉમાશંકર જોશીના સમગ્ર સાહિત્યના મૂલ્યાંકન કરતાં તેમણે આપેલા ત્રણ ગ્રંથો ગુજરાતી વિવેચનને તેમનું મૂલ્યવાન પ્રદાન ગણાશે.

**– ભોળાભાઈ પટેલ**

'નદ સામવેદી'થી 'ગુણ અને ગરિમા' સુધીના છ નિબંધસંગ્રહોમાં સર્જક અને ચિંતક નિબંધકારની ચેતના અંગતના ઉત્કટ આવિષ્કાર સાથે બિનંગતને સ્પર્શતી અનુભવાય છે. મહિમા છે બિનંગતતાને સ્પર્શતી આ અંગતતાના સતનો, શક્તિનો. સમકાલીન હમદર્દના અપૂર્વ, અનન્ય, આધુનિક આ નિબંધો ગુજરાતી ગદ્યની સર્જનાત્મક સિદ્ધિ સુધી પહોંચ્યા છે. સલામ એના સર્જક ચંદ્રકાન્તને.

**– લાભશંકર ઠાકર**

ઇતિહાસની અટારીએથી :

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી- ગાંધીનગર : અમારો પ્રવાસ

પોપટલાલ મ. પટેલ

ગયા વર્ષની હુતાશણીના દિવસે શ્રી છગનલાલ પીતાંબરદાસ તથા શ્રી પોપટલાલ ગુલાબદાસ અને હું સાતેક વિદ્યાર્થીઓ સાથે ગામડાની સફરે નીકળ્યા. અહીંથી સાંજના નીકળી રાત્રે પા. આત્મરામ માલદાસને ત્યાં છત્રાલ મુકામે રહ્યા. ત્યાં ઉઘરાણાનું કામ થયું નહિ. ત્યાંથી સવારે વડાઈ મુકામે ગયા. ત્યાંના ભાઈ ડુંગરદાસની તથા છત્રાલના વયોવૃદ્ધ ઝવેરદાસની મદદથી રૂ. ૧૧ થયા. બપોરે ઇસંડ ગયા. પા. કાળીદાસ ડુંગરદાસને ઘેર બપોરા કર્યા. જમ્યા. રૂ. ૧૦ ઉઘરાવ્યા. ત્યાંથી બપોરની ગાડીએ મહેસાણા ગયા. ત્યાંના મંદિરમાં ગામના બધા પાટીદારોનું રાવણું બેઠું હતું એથી અમો પરબારા ત્યાં ગયાં. શ્રી ગંગારામ મુખીએ તથા શ્રી જેઠાલાલ લાલદાસ તથા શ્રી રામદાસ તેમજ અમોએ અમારી હકીકત કહી સંભળાવી. દર વર્ષે ઘર દીઠ એક તોલું દાણા પાટીદાર કેળવણી મંડળને આપી મદદ કરવાનો ઠરાવ બધા ભાઈઓએ પણ કર્યો.

રાત્રે શ્રી મુખીને ત્યાં જમવા-સૂવાની વ્યવસ્થા હતી. સેવામંડળના સેક્રેટરી ભાઈ કાળીદાસ સાથે શ્રી રામદાસને ઘેર ગયા. ત્યાં દૂધ-પાન વગેરે થયાં હતાં. સવારે ઊઠી ગાડીમાં બેસી સિદ્ધપુર મુકામે આવ્યા. બાળકોને વીજળીનું કારખાનું, બ્રહ્મચર્યાશ્રમ, રુદ્રમાળ, સરસ્વતી નદી, માધુ પાવડી વગેરે બતાવ્યાં. બપોરે નદીને કિનારે વિશ્રામ કરી સાંજના કોઢા ગામે ગયા. પા. મગનલાલ વકતનદાસને ઘેર જમવા-સૂવાનું હતું. રાત્રે ગામના પાટીદારો ભેગા થયા. પા. મગનલાલે રૂ. ૫૧ આપ્યા. બીજા પણ રૂ. ૨૪ થયા. બીજે દિવસે ગામ ભૂણાવ ગયા. ત્યાંના તલાટી પેટલાદના રહીશ પા. મગનલાલ વાઘજીભાઈને ઘેર જમ્યા. ચોરામાં મુકામ રાખ્યો. રાત્રે બધા ભેગા મળ્યા. ઉઘરાણું થયું નહિ. ત્યાંથી ઉપેરા ગયા. ઉપેરા ગામે સંસ્થાને સારી મદદ કરેલી, પણ ગામમાં ક્લેશને લઈ આ વખતે કંઈ થયું નહિ.

ઉનાવાના પા. માધવલાલ જોઈતનદાસની દુકાને રાતે રહ્યા. દિવસે અમારા જમવાનો પ્રબંધ ન થવાથી અમારા વિદ્યાર્થીઓએ અક્ષયપાત્ર શોધી કાઢ્યું કે જે દરેક સ્થળેકામ લાગે. અસલના વિદ્યાર્થીઓ ભિક્ષા માગી વિદ્યાભ્યાસ કરતા તથા પર્યટન કરી જ્ઞાન મેળવતા તે વસ્તુની અમને અહીં ઝાંખી થઈ. વિદ્યાર્થીઓ ઝોળી વાળી પાટીદાર બહેનો પાસેથી રોટલા, મરચાં વગેરે માગી લાવ્યા. બેત્રણ ડોલો છાશ ભરી લાવ્યા અને બહુ જ આનંદથી પેટ ભરીને, અનેક ઘરનો પ્રસાદ લઈ, સંતોષ પામ્યા. આને અમે અક્ષયપાત્ર કેમ કહ્યું, કારણ બાળકો મુસાફરી કરતાં કોઈ સમે ખાવાનું ખૂટી જાય તો કોઈ જ્ઞાતિભાઈના ઘેરથી એને ભિક્ષા માગતા શરમ આડી નથી આવતી.

ઉપેરા ગામે રહ્યા. તે દરમિયાન અમારું નાવણધોવણ ધુધળીમલના મઠે હતું. જ્યાં અમને બહુ જ આનંદ મળ્યો. ત્યાંથી અમો જાસકા, સરદારપુર વગેરે ગામોએ થઈ ઉમતા ગયા. વિદ્યાર્થી પુરુષોત્તમ અંબારામને ઘેર સાંજ વાળુ કરી શ્રી ગણેશલાલ જેસંગદાસને ઘેર મુકામ કર્યો. બીજે દિવસે રાત્રે ગામના ભાઈઓ ભેગા થયા હતા.

શ્રી રંગૂનવાસી ભાઈ હીરાલાલે રૂ. ૧૦૧ આપ્યા તથા બીજા પચીસેક રૂપિયા થયા. આ ગામે પહેલાં સંસ્થાને બહુ મદદ કરેલી છે. શ્રી ગણેશલાલ તથા પોપટલાલના મામાને ઘેર અમારું જમવાનું રહ્યું હતું. શ્રી ગણેશલાલના પિતા શ્રી સ્વર્ગસ્થ પા. જેસંગદાસ રામદાસે શ્રી છગનલાલની સાથે રહી સંસ્થાના કાર્યમાં ઘણી જ મદદ કરી હતી. તેમની સંસ્થા પ્રત્યે અપૂર્વ ભાવના હતી. પરમાત્મા એમના આત્માને શાંતિ અર્પો.

રંગૂનથી રૂ. ૫૦૧ સંસ્થાને મોકલ્યા છે. ત્યાંથી અમો ગુંજા સ્ટેશને ગયા, પણ ગાડી ઊપડી જવાથી વિસનગર ગયા. શ્રી પ્રભુદાસ ભાવસંદદાસને ત્યા ભોજન કરી રાત રહ્યા. સવારે તેમના ચિ. શિવલાલે અમને ઉઘરાણાના કાર્યમાં સારી મદદ કરી. જૂના તથા નવા મળી રૂ. ૧૫૦ થયા. બપોરે પટેલના ઘેર જમી ગાડીએ બેસી અમો પરત આવ્યા.

**પોપટલાલ મગનલાલ પટેલ,**

અધ્યાપક, કડી

(સૌજન્ય : સામાજિક ક્રાંતિના પ્રણેતા પૂ. છગનભા/ ડૉ. મંગુભાઈ પટેલ (૨૦૦૮, પૃ. ૧૭૯-૧૮૧)

# ભારતના પ્રથમ એટર્ની જનરલ
# શ્રી મોતીલાલ સેતલવાડ

શરદભાઈ શાહ

(ગયા અંકમાં શ્રી મોતીલાલ સેતલવાડના જન્મથી માંડી તે એટર્ની જનરલ નીમાયા ત્યાં સુધીની જીવનકથા રજૂ થઈ હતી. તેમાં તેમના જન્મ, બાળપણ, અભ્યાસ, વકીલાતની શરૂઆતની કારકિર્દી, વકીલાતનાં સફળતાનાં વર્ષો, ઍડ્વોકેટ જનરલ તરીકેની નિયુક્તિ, રાજીનામું, ફરીથી પ્રાઇવેટ પ્રેક્ટિસમાં, લાહોર પાર્ટિશન. ટ્રિબ્યૂનલની કામગીરી અને યુનોમાં તેમની કામગીરી અંગેની બાબતો રજૂ થઈ હતી. આ લેખમાં તે સને ૧૯૫૦માં એટર્ની જનરલ નીમાયા ત્યારથી માંડી તેમનાં જીવનનાં અંત સુધીની સફરની વાત રજૂ કરી છે. ગયા અંકના અનુસંધાનમાં વાચક તેને વધારે સારી રીતે માણી શકશે, પરંતુ જો ગયો અંક હાથવગો ન હોય તોપણ આ લેખ વાચવો ગમશે, કારણ તેમાં તેમની સફળ કામગીરીની વ્યાપક અને સ્વતંત્ર નોંધ છે. સંપાદક)

**એટર્ની જનરલ તરીકે નિયુક્તિ અને કામગીરી**

મોતીલાલની ઉંમર ૬૫ વર્ષની હતી. મુંબઈમાં દરિયાકાંઠે વિશાળ બંગલામાં રહેઠાણ હતું. ભારતભરની કૉર્ટોમાં કાર્ય ચલાવવાનો અનુભવ હતો. ભારત, યુરોપ, અમેરિકાનું વ્યાપક પ્રમાણમાં ભ્રમણ કર્યું હતું. અમેરિકામાં. UNOમાં કામગીરી કરી હતી. જીવન ખૂબ જ સંતોષકારક રીતે વ્યતીત થતું હતું અને સુપ્રીમકૉર્ટના ન્યાયમૂર્તિની નિવૃત્ત થવાની ઉંમર પણ પ્રાપ્ત કરી લીધી હતી. ત્યારે મોતીલાલને ભારતના પ્રથમ એટર્ની જનરલ થવાનું કહેણ મળ્યું અને તેમણે તે સ્વીકાર્યું. ભારતનું નવું બંધારણ હતુ, તેનાં અર્થઘટનની મૂંઝવણો હતી, તેનાં અનુસંધાને ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હતા અને તે બધાના ઉકેલ માટે વિદ્વાન ન્યાયમૂર્તિઓને સહાયભૂત થવાનું તેમનું કામ હતું. ચૅલેન્જિંગ કામ હતું. મોતીલાલે તે જવાબદારી સ્વીકારી, ૧૩ વર્ષ સુધી નિભાવી અને સારી રીતે પાર પાડી.

દિલ્હીમાં મોતીલાલનું નવું જીવન શરૂ થયું. ફેડરલ કોર્ટના વરિષ્ઠ ન્યાયિક અધિકારી ઍડ્વોકેટ જનરલ કહેવાતા. ૨૬-૧-૫૦થી ફેડરલ કોર્ટના બદલે સુપ્રીમકોર્ટ અસ્તિત્વમાં આવી. તેના વરિષ્ઠ ન્યાયિક અધિકારી એટર્ની જનરલ કહેવાયા. ફેડરલ કોર્ટના ઍડ્વોકેટ જનરલ શ્રી એન્જિનિયર ૧, રેસકૉર્સ રોડના બંગલામાં રહેતા હતા. શ્રી એન્જિનિયર, મોતીલાલ સાથે મિત્રતા ધરાવતા હતા. તેમણે તરત જ મકાન ખાલી કરી મોતીલાલને સોંપ્યું. મોતીલાલને વિશાળ બંગલો, સુંદર બગીચો પ્રાપ્ત થયાં. બીજી અનુકૂળતા એ હતી કે વડા પ્રધાનનું નિવાસસ્થાન આ બંગલાની ખૂબ જ નજીક હતું. મોતીલાલના બંગલામાં વિશાળ લાઇબ્રેરી હતી. મોતીલાલ આ મકાનમાં લગભગ ૧૩ વર્ષ રહ્યા અને વિવિધ પ્રકારની જવાબદારી નિભાવી.

શરૂઆતનાં વર્ષોમાં બંધારણીય પ્રશ્નો અંગે ઘણી રીટ દાખલ થતી હતી. પ્રિવેન્ટિવ ડિટેક્શન ઍક્ટ નીચે આર્ટિકલ ૩૨ અન્વયે રીટ દાખલ થતાં ઘણા મહત્ત્વના મુદ્દાઓ ઉપસ્થિત થયા. આર્ટિકલ ૧૯ અને ૨૧ની વ્યક્તિ સ્વાતંત્ર્ય અંગેની દિવસો સુધી ચર્ચા થઈ. સુપ્રીમકોર્ટે પણ ખૂબ જ અભ્યાસપૂર્ણ જજમેન્ટ આપ્યું જે એ. કે. ગોપાલનના કેસ તરીકે પ્રલચિત છે.

ત્યાર બાદ આર્ટિકલ ૧૪ના અર્થઘટન અંગે કેસ ચાલ્યો. શોલાપુર મિલ્સ કેસના નામે જાણીતા થયેલા કેસમાં કાયદા સમક્ષની સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ એ બાબતે અર્થઘટન અને નિર્ણય કરવાનો હતો. વિસ્તૃત દલીલો થઈ.. કોર્ટે એકસરખા સંજોગોમાં કાયદાનું એકસરખું રક્ષણ મળે તે સ્પષ્ટ કર્યું.

આમ ઘણા મહત્ત્વના કેસોમાં મોતીલાલનું ઉમદા પ્રદાન રહ્યું, પરંતુ સુપ્રીમકોર્ટ ઉપરાંત એટર્ની જનરલ હોવાના કારણે બંધારણીય પ્રશ્નો અન્વયે મોતીલાલને દેશની વિવિધ હોઈકોર્ટોમાં પણ જવાનું થતું. તેઓ કલકત્તા, અલ્હાબાદ, મુંબઈ વગેરે હાઈકોર્ટોમાં વારંવાર ગયા. આમ કામનું દબાણ ખૂબ જ રહેતું તેથી સરકારે ૧૯૫૧માં જ સૉલિસિટર જનરલ ઑફ ઇન્ડિયાની નિમણૂક કરી, જેથી તેમનાં દ્વારા સુપ્રીમકોર્ટના કાર્યો માટે મદદ મળી રહેતી.

પરંતુ એટર્ની જનરલ તરીકે મોતીલાલને સુપ્રીમકોર્ટ અને હાઈકોર્ટોમાં કેસો ચલાવવા ઉપરાંત સલાહ અને કન્સલટેશનની ખૂબ જ કામગીરી રહેતી હતી. પાકિસ્તાન સાથેની તકરારોના મામલામાં એમની સલાહ વારંવાર લેવાતી

હતી. તેમને કૅબિનેટ સાથે કે કૅબિનેટની સબ કમિટી સાથે વારંવાર મિટિંગ ઍટેન્ડ કરવાની થતી હતી. તે જ પ્રમાણે કાશ્મીરના પ્રશ્ને સિક્યુરિટી કાઉન્સિલે કરેલા રેઝોલ્યુશન અંગે પણ માર્ગદર્શન આપવાનું થતું હતું. વળી સ્પીકર ગણેશ વાસુદેવ માવલંકર પણ પાર્લમેન્ટના સંચાલનના Rules અને Procedure અંગે તેમની વારંવાર સલાહ લેતા હતા.

રાષ્ટ્રપતિ સાથે પણ તેમને ચર્ચા-વિચારણા કરવાની રહેતી. રાષ્ટ્રપતિની સત્તા અંગે રાષ્ટ્રપતિના અને કૅબિનેટના વિચારો ભિન્ન હતા. મોતીલાલને તે સ્પષ્ટ કરવા જણાવાયું. તેમણે બ્રિટન પાર્લમેન્ટની કાર્યપદ્ધતિ, ચુકાદાઓ અને આપણાં બંધારણની જોગવાઈઓ ધ્યાનમાં લઈ અભિપ્રાય કર્યો કે રાષ્ટ્રપતિ પ્રધાનમંડળની aid અને advice પ્રમાણે કાર્ય કરવા બંધાયેલા છે. આજ સુધી આ અભિપ્રાય સ્વીકૃત રહ્યો છે અને સુપ્રીમકોર્ટે ઘણા ચુકાદાઓ દ્વારા તેનું સમર્થન કર્યું છે.

ઘણી વખત મોતીલાલ પ્રધાનોનાં મંતવ્ય સાથે સંમત ન થાય તો પોતાને ન્યાયી લાગે તેવો જ અભિપ્રાય કરતા. એક કેસમાં કનૈયાલાલ મુનશી માનતા હતા કે પ્રોસિક્યુશન કરવા જેવાં કેસ નથી. તેમણે ખૂબ લંબાણપૂર્વક પોતાની વાત મોતીલાલને ગળે ઉતારવા પ્રયત્ન કર્યો, પરંતુ મોતીલાલને કેસનો અભ્યાસ કરતાં જણાયું કે પ્રોસિક્યુશન મંજૂરીનો કેસ છે. તેથી મુનશી માટે ખૂબ જ માન હોવા છતાં મુનશીની વાત સ્વીકારી નહીં.

એટર્ની જનરલ તરીકે મોતીલાલે કોર્ટમાં કરેલી કામગીરી ખૂબ જ વિસ્તૃત છે. થોડીક બાબતો આપણે જોઈ, પરંતુ કોર્ટમાં સરકાર વતી કેસો લડવા ઉપરાંત આ ૧૩ વર્ષ દરમિયાન મોતીલાલે વિવિધ પ્રકારની કામગીરી કરી છે. દેશમાં અને પરદેશમાં વિવિધ કામગીરી સંભાળી છે. ખૂબ જ વ્યાપક પ્રવાસ કર્યો છે અને ઘણા દેશોમાં કેળવણીના ધામોમાં શિક્ષણપદ્ધતિ સમજવા કોશિશ કરી છે, તેમજ ન્યાયાધીશો અને રાજકારણીઓને મળ્યા છે. આપણે તે બધી બાબતો સંક્ષિપ્તમાં જોઈશું.

### લોકસભાની ચૂંટણી લડવા વિનંતી

૧૯૫૨ની ચૂંટણી પહેલાં મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ અને શ્રી શાંતિલાલ શાહ, મોતીલાલને મળ્યા. તેમણે મોતીલાલને આગ્રહ કર્યો કે તેઓ મુંબઈની સીટ ઉપરથી કૉંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડે. મોતીલાલ માટે આ વાત અણધારી હતી. તેમણે જણાવ્યું કે તેઓ સક્રિય રાજકારણમાં નથી અને તે વકીલાતને વધુ પસંદ કરે છે. શ્રી મોરારજીભાઈએ જણાવ્યું કે તેઓ જરૂર ચૂંટાશે અને નહેરુજીના પ્રધાનમંડળમાં તેમને કાયદા પ્રધાનનું સ્થાન મળશે. મોતીલાલે વિનયપૂર્વક ઇન્કાર કરી કહ્યું કે એટર્ની જનરલ તરીકેનું મારું ગમતું કાર્ય હું છોડી શકું નહીં. પાછળથી જ્યારે શ્રી રાજગોપાલાચારીજીએ આ અંગે સાંભળ્યું ત્યારે કહ્યું, 'It was a fantastic proposal'

### સુપ્રીકોર્ટના ન્યાયમૂર્તિઓ સાથે સંવાદિતા

૧૯૫૧થી ૧૯૬૩ દરમિયાન એટર્ની જનરલ તરીકે મોતીલાલે સુપ્રીમકોર્ટના ઘણા વિદ્વાન ન્યાયમૂર્તિઓ સમક્ષ કામગીરી કરી. તેમણે બધા જ ન્યાયમૂર્તિઓ સાથે સંવાદિતા અને સુમેળભર્યા સંબંધો રહ્યા. તે ઘણા ન્યાયમૂર્તિઓથી ખૂબ પ્રભાવિત પણ થયા અને તેમની આત્મકથામાં તેઓની ભરપેટે પ્રશંસા પણ કરી છે.

સુપ્રીમકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ સર હરિલાલ કણિયાએ સમર્થ વકીલ અને ઉત્તમ ન્યાયાધીશ તરીકે વર્ષો સુધી સેવાઓ આપી, સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે લગભગ બે વર્ષ સુધી સેવાઓ આપ્યા બાદ તેમનું હૃદયરોગના હુમલામાં નવેમ્બર ૧૯૫૧માં અવસાન થયું હતું. તેમને ભવ્ય અંજલિ આપવામાં આવી. ચીફ જસ્ટિસ પતંજલિ શાસ્ત્રીએ કહ્યું, 'As a Judge, he was always jealous in maintaining and guarding the independence and prestige of this court and was generous in dealaing with his colleagues.'

મોતીલાલે શ્રી કણિયાને શ્રદ્ધાંજલિ આપતાં તેમની સાથેનાં ૩૫ વર્ષના સંબંધનો ઉલ્લેખ કર્યો, શ્રી કણિયા વકીલાતની શરૂઆતમાં મોતીલાલના જુનિયર હતા. મોતીલાલે જણાવ્યું કે સખત પુરુષાર્થ અને સતત અભ્યાસથી શ્રી કણિયાએ ન્યાયતંત્રનું સર્વોચ્ચપદ પ્રાપ્ત કર્યું હતું. તેમણે જણાવ્યું કે, 'I have not known a truer man or a more trusted friend.'

શ્રી હરિલાલ કણિયાના મૃત્યુ પછી તમામ વકીલોના મનમાં ભાવના જાગી કે તેમનું તૈલચિત્ર સુપ્રીકોર્ટમાં મુકાવવું જોઈએ. મોતીલાલે ચીફ જસ્ટિસને આ વાત કરી. ચીફ જસ્ટિસે જણાવ્યું કે માત્ર સુપ્રીમકોર્ટના બાર તરફથી નહીં, દેશભરનાં બાર ઍસોસિયેશનોનો આમાં ફાળો હોવો જોઈએ. મોતીલાલે દેશભરના બાર ઍસોસિયેશનોને પત્ર પાઠવ્યા. ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો. મુંબઈના આર્ટિસ્ટે અદ્ભુત તૈલચિત્ર તૈયાર કર્યું. સુપ્રીમકોર્ટના નવા બિલ્ડિંગમાં ચીફ જસ્ટિસની કોર્ટ રૂમમાં શ્રી હરિદાસ કણિયાનું તૈલચિત્ર સૌને પ્રેરણા આપે છે.

શ્રી હરિલાલ કણિયાનું અચાનક અવસાન થતાં બીજા ચીફ જસ્ટિસની નિમણૂકનો પ્રશ્ન ઉપસ્થિત થયો. તે વખતે

ડૉ. કૈલાસનાથ કાત્જુ ગૃહપ્રધાન હતા. તેઓ વર્ષોથી મોતીલાલને જાણતા હતા. તેમણે મોતીલાલને જણાવ્યું કે English practice પ્રમાણે એટર્ની જનરલ ચીફ જસ્ટિસ બને છે. તમે ચીફ જસ્ટિસ બનો. મોતીલાલે કહ્યું, વકીલાત મને વધુ અનુકૂળ છે, પરંતુ તમે એ ભૂલી ગયા કે મેં ૬૫ વર્ષની ઉંમર પાર કરી દીધી છે.

શ્રી પતંજલિ શાસ્ત્રી બીજા ક્રમે હતા. વિદ્વાન હતા. તે બીજા ચીફ જસ્ટિસ બન્યા. શ્રી શાસ્ત્રીએ આપેલા ચુકાદાની મોતીલાલ ભારોભાર પ્રશંસા કરે છે.

જસ્ટિસ શ્રી ફઝલઅલી વિશે મોતીલાલ ખૂબ જ પ્રશંસાનાં પુષ્પો વેરે છે. તેમનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ અને કાયદાનું અગાધ જ્ઞાન ઉપરાંત સૌની સાથે તેમનો સૌજન્યતાભર્યો વ્યવહાર તેમની એક આદર્શ જજ તરીકેની આભા ઉત્પન્ન કરે છે. મોતીલાલે તેમના ત્યાં શ્રી ફઝલઅલી નિવૃત્ત થયા ત્યારે ભોજન સમારંભ યોજ્યો હતો, જેમાં ઘણા નામી માણસોએ ભાગ લીધો હતો. વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ પણ હાજર રહ્યા હતા.

ચીફ જસ્ટિસ શ્રી મહેરચંદ મહાજન માટે મોતીલાલ લખે છે, 'The new chief Justice had a unique personality. He had a very quick perception of facts and his industry was phenominal' તેમની સાથે જોડાયેલા જસ્ટિસ શ્રી પી. એન. ભગવતી અને જસ્ટિસ વેંકટ રામા આયરને કારણે સુપ્રીમકોર્ટ બહુ દૃઢ બની હતી તેમ મોતીલાલ માને છે.

ચીફ જસ્ટિસ મુખરજી વિશે મોતીલાલ કહે છે કે તે બહુ સરળ વ્યક્તિત્વ ધરાવતા હતા. તે બધા સાથે મૈત્રીભર્યો વ્યવહાર કરતા હતા અને તેમની વાતચીતમાં ઉદાહરણો અને હ્યુમર અગ્રસ્થાને હતાં. તેમની સાથે દલીલો કરવી સૌને ગમતી. તેઓ કોર્ટની અંદર અને કોર્ટની બહાર હંમેશાં આનંદપૂર્વક વાતો કરતા. તેમની તબિયત નરમ થતાં નિવૃત્તિ પહેલાં તેમણે રાજીનામું આપ્યું અને થોડાં સમયમાં અવસાન પામ્યા.

મોતીલાલે ઉપરનાં ન્યાયમૂર્તિઓ અને અન્ય ન્યાયમૂર્તિઓ સમક્ષ ચલાવેલા કેસોની અને ઘણા વિદ્વતાપૂર્ણ લખાયેલા ચુકાદાઓની ચર્ચા તેમની આત્મકથામાં કરી છે. મોતીલાલે સૌની સાથે સંબંધ રાખી સંવાદિતાભરી કામગીરી કરી હતી અને ન્યાયતંત્રનું ગૌરવ જાળવવામાં અને ઊંચી પ્રણાલિકાઓ સ્થાપવામાં ફાળો આપ્યો હતો.

**લૉ કમિશનના ચૅરમેન તરીકેની કામગીરી**

૧૯૫૪માં લૉ કમિશનની રચના થઈ. પાર્લમેન્ટના સભ્યોને લાગ્યું કે સિવિલ, ક્રિમિનલ, રેવન્યૂ કાયદાઓમાં અને ખાસ કરીને પીનલ કોડ અને ક્રિમિનલ પ્રોસિજર કોડમાં સુધારા જરૂરી છે. લોકોને Simple, Speedy, Cheap, Effective અને Substantial Justice મળી રહે તે માટે ધોરણો નક્કી કરવાં જરૂરી છે, તેથી લૉ કમિશનની રચના થઈ.

તે પછી લૉ કમિશનનાં સભ્યો અને ચૅરમૅન પસંદ કરવાનું કામ શરૂ થયું. ગૃહપ્રધાન શ્રી ગોવિંદ વલ્લભ પંત અને કાયદા પ્રધાન શ્રી બિશ્વાસને માથે આ જવાબદારી હતી. તેમની સમક્ષ ન્યાયમૂર્તિ શ્રી વાન્છા અને ન્યાયમૂર્તિ શ્રી એમ. સી. ચાગલાનાં નામો મુકાયાં, પરંતુ તેઓને લાગ્યું કે શ્રી મોતીલાલ સેતલવાડ આ કાર્ય વધારે સારી રીતે પાર પાડી શકશે. તેથી લૉ સેક્રેટરી શ્રી સુંદરમ્ મોતીલાલને મળ્યા અને આ જવાબદારી સ્વીકારવા જણાવ્યું. શરૂઆતમાં મોતીલાલે આનાકાની કરી, પરંતુ સુંદરમે જણાવ્યું કે પ્રધાનશ્રીઓનો ખાસ આગ્રહ છે, તેથી તે સંમત થયા. તેમની સાથે ચર્ચા-વિચારણા કરી અન્ય સભ્યો પસંદ થયા. તેમાં મદ્રાસના ઍડ્વોકેટ જનરલ શ્રી વી. કે. ટી. ચારી, આંધ્ર પ્રદેશના ઍડ્વોકેટ જનરલ નારાસા રાજુ, પંજાબના ઍડ્વોકેટ જનરલ શ્રી એસ. એમ. સીકરી પસંદ થયા. વકીલમંડળમાંથી કલકત્તાના શ્રી એન. સી. સેનગુપ્તા, અલ્હાબાદના શ્રી જી. એસ. પાઠક અને મુંબઈના શ્રી જી. એન. જોષી પસંદ થયા. આ ઉપરાંત મુંબઈ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી એમ. સી. ચાગલા, કલકત્તા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ જી. એન. દાસ તથા મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી સત્યનારાયણ રાવ પણ પસંદ થયા. આમ સમર્થ વ્યક્તિઓની ટીમ બની.

લૉ કમિશને બે ટીમ બનાવી કામગીરી શરૂ કરી. ચૅરમૅન સાથે સંપર્કમાં રહી તેમના માર્ગદર્શન પ્રમાણે બંને ટીમ કામ કરતી હતી. કમિશને દેશનાં જુદા જુદા ભાગમાં જઈને લગભગ ૫૦૦ જેટલાં નિવેદનો લીધાં અને મંતવ્યો જાણ્યાં. કાયદાઓમાં જરૂરી સુધારા ઉપરાંત ન્યાયતંત્રની કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફાર અંગે પણ સૂચનો કરવાનાં હતાં. તે ઘણું કઠિન કામ હતું અને મહેનત માગી લે તેવું કામ હતું. તેથી ભારતભરમાં ન્યાયતંત્ર સાથે સંકળાયેલા વકીલો અને ન્યાયાધીશોને પણ કમિટીમાં કૉ-ઑપ્ટ કર્યા. ઘણાનાં મંતવ્યો જાણ્યાં. દિલ્હીમાં તો સુપ્રીમકોર્ટના ત્રણ ન્યાયમૂર્તિઓએ અને ચીફ જસ્ટિસે પણ મંતવ્યો રજૂ કર્યાં. મુંબઈ, જોધપુર, ચંદીગઢ વગેરે ઘણાં સ્થળોએ નિવેદનો નોંધ્યાં.

ખૂબ મહેનતને અંતે ૨૬ સપ્ટેમ્બર, ૧૯૫૮ના રોજ લૉ કમિશને પોતાનો રિપોર્ટ રજૂ કર્યો.

મોતીલાલ અને તેમની ટીમે ત્રણ વર્ષ મહેનત કરી

રિપોર્ટ તૈયાર કર્યો હતો. મોતીલાલે રિપોર્ટની કૉપી મુંબઈ હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી Beaumontને મોકલી. તેમણે રિપોર્ટને 'Monumental' ગણાવ્યો.

કમિશને જુદા જુદા ૧૪ વિભાગોમાં રિપોર્ટ તૈયાર કર્યો. અપકૃત્યો માટે રાજ્યની જવાબદારી, સેલ્સટેક્સ અંગે પાર્લમેન્ટ દ્વારા કાનૂન, લિમિટેશન ઍક્ટ અંગે સૂચનો, રાજ્યમાં જુદાં જુદાં સ્થળોએ હાઈકોર્ટની બેંચના સિટિંગ અંગે, ભારતને લાગુ પડતા બ્રિટિશ સ્ટેચ્યૂટ્સ અંગે, રજિસ્ટ્રેશન ઍક્ટ અંગે સૂચનો, પાર્ટનરશિપ ઍક્ટ અંગે સૂચનો, સેલ્સ ઑફ ગુડ્ઝ ઍક્ટ અંગે સૂચનો, સ્પેશિફિક રીલીફ ઍક્ટ અંગે સૂચનો, એક્વિઝિશન અને રિક્વિઝિશન કાયદા અંગે સૂચનો, ઇન્કમટેક્સ ઍક્ટ અંગે સૂચનો, કોન્ટ્રેક્ટ ઍક્ટ અંગે સૂચનો તથા ન્યાયના વહીવટીતંત્રના સુધારા અંગેના સૂચનોનો સમાવેશ રિપોર્ટમાં કર્યો. એ દર્શાવે છે કે ઘણો વ્યાપક અભ્યાસ કરી રિપોર્ટ તૈયાર થયો.

ન્યાયતંત્રમાં સુધારા માટે સુપ્રીમકોર્ટથી માંડી નીચેની કોર્ટો સુધી સ્પર્શે તેવાં સૂચનો કર્યાં.

આ ઉપરાંત ઝડપી, સસ્તો, સરળ ન્યાય પ્રાપ્ત થાય તે માટે સૂચનો કર્યાં.

અને ૧૯૫૯માં પાર્લમેન્ટમાં લૉ કમિશનના રિપોર્ટની વિસ્તૃત ચર્ચા થઈ.

મોતીલાલે પોતાની આત્મકથામાં લખ્યું છે કે રિપોર્ટને ૧૦ વર્ષ થઈ ગયાં છતાં બહુ જ થોડી ભલામણોનો અમલ થયો છે. મોટા ભાગની ભલામણોનો અમલ થયો નથી. તેમાંય. ન્યાયતંત્રની સુધારણા માટેનાં સૂચનો ખાસ ધ્યાનમાં લેવાયાં નથી. મોતીલાલ લખે છે કે સરકાર ભલામણોને સ્વીકારે તેવું જરૂરી નથી, પરંતુ રિપોર્ટને કૉલ્ડ સ્ટોરેજમાં મૂકી દેવાનું વલણ વાજબી નથી.

### પદ્મવિભૂષણ ઍવૉર્ડ એનાયત થયો

તા. ૨૯ ઑક્ટોબર, ૧૯૫૭ના રોજ રાષ્ટ્રપતિભવનમાં એક દબદબાભર્યા સમારંભમાં શ્રી મોતીલાલ ચીમનલાલ સેતલવાડને પદ્મવિભૂષણ ઍવૉર્ડ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના હસ્તે એનાયત થયો. તે દિવસે ગોવિંદ વલ્લભ પંતને ભારતરત્ન ઍવૉર્ડ એનાયત થયો. પદ્મવિભૂષણ ઍવૉર્ડ મોતીલાલ ઉપરાંત શ્રી શ્રીપ્રકાશને એનાયત થયો.

ઍવૉર્ડ સાથેનાં સન્માનપત્રમાં જણાવાયું કે ૭૩ વર્ષના શ્રી મોતીલાલ ચીમનલાલ સેતલવાડ એ પ્રતિભાશાળી વકીલ છે. તેમણે યુનાઇટેડ નેશન્સમાં જુદા જુદા ડેલિગેશનમાં ભારતનું પ્રતિનિધિત્વ અને નેતૃત્વ પણ કર્યું છે. ૧૯૪૮માં સિક્યુરિટી કાઉન્સિલમાં કાશ્મીર ડેલિગેશનના તે સભ્ય હતા. ૧૯૫૨માં સિક્યુરિટી કાઉન્સિલમાં કાશ્મીર પ્રશ્ને મુખ્ય પ્રતિનિધિ તરીકે રજૂઆત કરી હતી. શ્રી સેતલવાડે હાઈકોર્ટમાં કાર્યવાહીમાં થતા વિલંબને નિવારવા નિમાયેલી સમિતિના સભ્ય તરીકે પણ કામગીરી કરી હતી. તેમણે લૉ કમિશનના ચૅરમૅન તરીકે પણ કામગીરી કરી હતી.

શ્રી સેતલવાડ લખે છે કે રાષ્ટ્ર તરફથી પ્રાપ્ત થયેલ આ સન્માનથી મને પ્રસન્નતા થઈ. મને ૧૯૪૧નો સમયગાળો યાદ આવ્યો. તે વખતે બ્રિટિશ ગવર્નમેન્ટ તરફથી મને 'નાઇટહૂડ'. (સર)નો ખિતાબ આપવાની દરખાસ્ત થઈ હતી. મેં તેનો વિનયસર ઇન્કાર કર્યો હતો.

શ્રી સેતલવાડને આ સન્માન મળ્યું ત્યારે તે ભારતના એટર્ની જનરલ તરીકે કાર્યરત હતા. તેમણે ત્યાર બાદ પણ ૬ વર્ષ તે પદ શોભાવ્યું હતું.

### યુરોપ, અમેરિકા, કૅનેડા, રશિયાના પ્રવાસો

૧૯૬૦ અને ૧૯૬૧ના વર્ષો દરમિયાન મોતીલાલે વિવિધ દેશોના અભ્યાસકીય અને કામગીરી અંગે પ્રવાસ કર્યા. મહત્ત્વની વિગતો ટૂંકમાં જોઈશું.

### કૉમનવેલ્થ કૉન્ફરન્સ

૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૦ના રોજ ઓટાવા, કૅનેડામાં બીજી કૉમનવેલ્થ કૉન્ફરન્સ યોજાવાની હતી. મોતીલાલે તેમાં જવાનું નક્કી કર્યું. સાથે સાથે અમેરિકાની જાણીતી શિક્ષણ સંસ્થાઓની મુલાકાત લેવાનું નક્કી કર્યું. ખાસ કરીને લૉના શિક્ષણના સ્તરને સુધારવા બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા પગલાં ભરવાનું હતું. તેથી લૉ કૉલેજોની મુલાકાત પણ લેવાનું નક્કી કર્યું. જોકે ૭ અઠવાડિયાનો લાંબો પ્રવાસ કરવામાં એમનું મન ડંખતું હતું. તેમણે ડાયરીમાં નોંધ્યું છે કે સરકારી કામની ખૂબ જ જવાબદારી હોવા છતાં જાણે વૅકેશન ભોગવતો હોઉં તેવો લાંબો પ્રવાસ ગમતો નથી, પરંતુ પ્રવાસને અંતે તેમને લાગ્યું કે પ્રવાસ ફળદાયી હતો.

કૉમનવેલ્થ કૉન્ફરન્સમાં તેમણે ઘણા વિદ્વાન વક્તાઓને સાંભળ્યા અને ઉદ્બોધન પણ કર્યું. તેમનું ઉદ્બોધન ખૂબ જ વખણાયું. કૅનેડાની સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ અને કાયદા પ્રધાને પણ પ્રવચનો કર્યા. કૉન્ફરન્સ સાત દિવસ ચાલી. છેલ્લા દિવસે પ્રાઇમ મિનિસ્ટર Diefenbaker દ્વારા ડિનર પાર્ટીનું આયોજન થયું. તેમાં ૧૨૮૦ ડેલિગેટ્સ હતા. હેડટેબલ પર પ્રાઇમ મિનિસ્ટર સાથે ૩૦ વ્યક્તિઓને સ્થાન મળ્યું. જેમાં મોતીલાલ અને તેમનાં ધર્મપત્ની પણ હતાં. વડા પ્રધાન સાથે વાતચીતનો પ્રસંગ પણ પ્રાપ્ત થયો.

## હાર્વર્ડ લૉ સ્કૂલ, યેલ લૉ સ્કૂલ, ન્યૂયૉર્ક લૉ સ્કૂલ, સ્ટેનફર્ડ અને બર્કલી યુનિવર્સિટીની મુલાકાત

કૅનેડાથી મોતીલાલ અમેરિકા ગયા. સૌ પ્રથમ હાર્વર્ડ યુનિવર્સિટીની મુલાકાતે ગયા. લૉ સ્કૂલનું સંકુલ અને વિશાળ લાઇબ્રેરી જોઈ પ્રભાવિત થયા. લાઇબ્રેરીમાં ૧૦ લાખ પુસ્તકો હતાં. ભારતની ઑલ ઇન્ડિયા રિપોર્ટરની સીરીઝ પણ હતી.

લૉ ફૅકલ્ટીના ડીન Roscoe Poundને મળ્યા. ૯૦ વર્ષના ડીન નિયમિત રીતે તેમની કામગીરી કરી રહ્યા હતા. મોતીલાલે પ્રૉ. ફિશર સાથે વર્ગખંડની મુલાકાત પણ લીધી. તેમણે કેસ લૉ મેથડથી ચાલતું શિક્ષણ નિહાળ્યું. ૧૭મી સદીમાં સ્થપાયેલી આ યુનિવર્સિટી દુનિયાની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાંની એક છે. કાયદાના અધ્યાપકો ખૂબ જ વિદ્વાન હતા. તેમના પગાર ઘણા ઊંચા હતા. વકીલોની આવક ધ્યાનમાં લઈ અધ્યાપકોના પગાર નક્કી થતા હતા.

હાર્વર્ડ પછી મોતીલાલે યેલ લૉ સ્કૂલની મુલાકાત લીધી. અહીં ડીન Restow સાથે તથા પ્રૉફેસરો સાથે વ્યાપક ચર્ચા થઈ. વિદ્યાર્થીઓને પણ મળ્યા. ઘણું જાણવાનું મળ્યું.

ત્યાર બાદ ન્યૂયૉર્ક યુનિવર્સિટીની લૉ સ્કૂલની મુલાકાત લીધી. ત્યાં ડીન વોટેન અને ફૅકલ્ટી મેમ્બર્સ સાથે ચર્ચા કરી. તેમાં એક પ્રૉફેસર Friedman હતા. તે અતિ વિદ્વાન હતા. તેમણે યુરોપ, અમેરિકા, કૅનેડા વગેરે દેશોમાં શિક્ષણ કાર્ય કર્યું હતું. તે માનતા હતા કે અમેરિકામાં શિક્ષણનું સ્તર સૌથી ઊંચું હતું.

મોતીલાલ લખે છે કે અમેરિકાની લૉ સ્કૂલની મુલાકાતથી ઘણું જાણવાનું મળતું. તેમણે ભારતમાં કાનૂની શિક્ષણમાં સ્તરને સુધારવા ચિંતન કર્યું, તેમને લાગ્યું કે મર્યાદિત સંખ્યામાં પ્રવેશ, ઉચ્ચ કક્ષાના શિક્ષકો, શિક્ષણપદ્ધતિમાં ફેરફાર, લૅક્ચર મેથડ સાથે કેસ લૉ મેથડનો સમાવેશ વગેરે બાબતો કાનૂની શિક્ષણનાં સ્તરને સુધારી શકે. જેનો ફાયદો ન્યાયતંત્રને થાય. તેમના મતે માત્ર વકીલાત કરવાના ઉદ્દેશથી યુવાનો લૉ કૉલેજમાં જોડાય અને સઘન શિક્ષણ પ્રાપ્ત કરે તે જરૂરી છે.

ત્યાર બાદ મોતીલાલ સાન્ફ્રાન્સિસ્કો ગયા. તેમણે સ્ટેનફર્ડ યુનિવર્સિટી અને બર્કલી યુનિવર્સિટીની મુલાકાત લીધી. આ બંને ખૂબ જ પ્રસિદ્ધ યુનિવર્સિટીઓ છે અને ત્યાંની કાર્યપદ્ધતિથી મોતીલાલ પ્રભાવિત થયા. મોતીલાલે અભ્યાસની વૃત્તિથી આ બધી યુનિવર્સિટીઓની મુલાકાત લીધી.

## રાજધાની વૉશિંગ્ટનની મુલાકાત

૧૯૬૦માં એમ. સી. ચાગલા અમેરિકામાં ઍમ્બેસેડર હતા. તેમણે મોતીલાલને વૉશિંગ્ટન આવવા આમંત્રણ પાઠવ્યું. મોતીલાલ તથા તેમનાં પત્ની એક દિવસ તેમના મહેમાન તરીકે વૉશિંગ્ટનમાં રહ્યાં. શ્રી ચાગલાએ ભોજન સમારંભ ગોઠવ્યો. જેમાં ન્યાયમૂર્તિઓને આમંત્રણ પાઠવ્યાં. મુખ્ય ન્યાયમૂર્તિ Frankfurter બીમાર હતા તેથી ન આવી શક્યા, પરંતુ અન્ય ન્યાયમૂર્તિઓ Douglas અને Black હાજર રહ્યા. એટર્ની જનરલ Rogers પણ હાજર રહ્યા. બધા સાથે ખૂબ સારી ચર્ચા થઈ.

જસ્ટિસ ડગ્લાસે બીજા દિવસે મોતીલાલને સુપ્રીમકોર્ટની મુલાકાત માટે આમંત્રણ પાઠવ્યું. કોર્ટ સમય પહેલાં મોતીલાલ ત્યાં પહોંચી ગયા. કૉમનરૂમમાં તમામ ન્યાયમૂર્તિઓ સાથે મોતીલાલની મુલાકાત થઈ. મોતીલાલે Frankfurterને કહ્યું કે ભારતમાં અમે તમારા ચુકાદાઓના પ્રશંસક છીએ. Frankfurter નમ્રતાથી બોલી ઊઠ્યા God bless you. મોતીલાલે એટર્ની જનરલ સાથે ખૂબ જ વિગતે વાત કરી ત્યાંની કાર્યપદ્ધતિ વિશે માહિતી મેળવી પ્રૉસિક્યુશન મંજૂરી આપવાની સત્તા બાબતે વાત કરી. સૉલિસિટર જનરલની કામગીરીની પણ વાત કરી. મુલાકાત. યાદગાર રહી.

## લંડનની મુલાકાત

અમેરિકાથી મોતીલાલ અને તેમનાં પત્ની લંડન ગયાં. હેમલીન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા તેમનું સ્વાગત થયું. તેમની લિન્કન્સ ઇન હૉલમાં ‘ધી કૉમન લૉ ઑફ ઇન્ડિયા’ એ વિષય પર પ્રવચનમાળા ગોઠવાઈ હતી. તેમણે ખૂબ જ મહેનતથી ચાર પ્રવચનો રજૂ કર્યાં. પહેલાં પ્રવચનમાં ઐતિહાસિક ભૂમિકા રજૂ કરી. બીજા પ્રવચનમાં સિવિલ લૉ, ત્રીજામાં ક્રિમિનલ લૉ અને છેલ્લે ભારતીય બંધારણની ચર્ચા કરી. જુદાં જુદાં ચાર દિવસોએ પ્રવચનો રજૂ થયાં, જેમાં દરેક દિવસે જુદા જુદા વિદ્વાનો પ્રમુખસ્થાને હતા. જેમાં લૉર્ડ ડેનિંગ, લૉર્ડ એવરશેડ અને પ્રૉફેસર ગુડહાર્ટનો સમાવેશ થતો હતો. લંડનના પત્રો ‘ટાઇમ્સ’ અને ‘ધી માન્ચેસ્ટર ગાર્ડિયને’ તેમનાં પ્રવચનોની ભારોભાર પ્રશંસા કરી હતી. ‘ન્યૂ સ્ટેટ્સમૅન’ના પત્રકારે તો હેમલીન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા આવા સુંદર આયોજનની પ્રશંસા કરી જણાવ્યું કે એક અધિકૃત કાનૂની સાહિત્ય પ્રાપ્ત થયું છે.

મોતીલાલ અને તેમનાં પત્ની પંદર દિવસ લડનમાં રોકાયાં અને ઘણા મનોરંજક કાર્યક્રમોમાં સામેલ થયાં. લૉર્ડ ડેનિંગ અને લૉર્ડ એવરશેડે તેમને ભોજન માટે નિમંત્ર્યાં. તેઓની સાથે મોતીલાલને સારી ગોષ્ઠિ થઈ. યુનાઇટેડ કિંગ્ડમના સૉલિસિટર જનરલે પણ ભોજન માટે નિમંત્ર્યાં. હેમલીન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ યોજેલ ભોજન સમારંભ યાદગાર

રહ્યો. તેમાં મોટી સંખ્યામાં કાનૂનીક્ષેત્ર સાથ જોડાયેલા મહાનુભાવો હાજર રહ્યા. દરેકે ટૂંકા પ્રવચનો પણ કર્યાં.

મોતીલાલે જે ચાર પ્રવચનો આપ્યાં તેની કૉપી ઘણા વિદ્વાનોને મોકલી. ઘણાંએ પ્રશંસાના પત્રો લખ્યા. હાર્વર્ડના ડીન ગ્રીસવોલ્ડે લખ્યું, 'I found it facinating. It brought me much information about the Law in India and I am greatly indebted to you, for the clear and scholarly way in which you have prepred the lectures.'

મોતીલાલની અભ્યાસવૃત્તિનાં આ પ્રવાસમાં દર્શન થાય છે.

### રશિયાની મુલાકાત

યુરોપના પ્રવાસ પછી તરત જ મોતીલાલને સૉવિયેટ યુનિયનની સુપ્રીમકોર્ટ દ્વારા સૉવિયેટ યુનિયનની મુલાકાત લેવા અને ત્યાંની કાનૂની પદ્ધતિ જાણવા તથા ત્યાંના લોકોની જીવન પ્રવૃત્તિ સમજવા આમંત્રણ પ્રાપ્ત થયું.

મોતીલાલ તાસ્કંદ થઈ મૉસ્કો પહોંચ્યા. ત્યાં તેમનું સૉવિયેટ સુપ્રીમકોર્ટના પ્રેસિડન્ટ ગોરકીન દ્વારા સ્વાગત થયું. સુપ્રીમકોર્ટના વાઇસ પ્રેસિડન્ટ સ્મીરનોવ તથા પ્રૉફેસર નીકીફોરવ પણ મળ્યા. પ્રૉફેસર નીકીફોરવનો અંગ્રેજી ભાષા પર સારો કાબૂ હતો. તેમણે રશિયાના પ્રવાસની વિગતો તૈયાર કરી.

સુપ્રીમકોર્ટના પ્રેસિડન્ટ ગોરકીન સાથે ત્રણ કલાકની બેઠક થઈ તેની સંપૂર્ણ નોંધ મોતીલાલે રાખી. ત્યાંની સુપ્રીમકોર્ટની રચના અને કાર્યો વિશે માહિતી મેળવી. મોતીલાલે મિનિસ્ટ્રી ઑફ જસ્ટિસની પણ મુલાકાત લીધી. તેમણે જોયું કે રશિયાના લિગલ પ્રૉફેશનમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘણું વધારે છે. મોતીલાલ Procurator General ને પણ મળ્યા. તેમનું સ્થાન આપણા એટર્ની. જનરલ જેવું હોય છે. તેમની સત્તાઓ વધુ વ્યાપક હતી.

મોતીલાલે લેનિન મ્યુઝિયમની પણ મુલાકાત લીધી. લેનિનની બધી વસ્તુઓ ત્યાં કાળજીપૂર્વક જાળવી રાખવામાં આવી છે.

મોતીલાલે મૉસ્કો યુનિવર્સિટીની મુલાકાત પણ લીધી. લૉ ફૅકલ્ટીના ડીન સાથે વિસ્તૃત ચર્ચા કરી. યુનિવર્સિટીમાં ૬૧ દેશોના ૨૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. વકીલાતના અભ્યાસમાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ જોવા મળ્યું. ન્યાયાધીશો પણ ૩૦% જેટલી સ્ત્રીઓ છે. મોતીલાલે જુદી જુદી ફૅકલ્ટીના અભ્યાસની પદ્ધતિ વિશે પણ ચર્ચા કરી.

મૉસ્કોથી મોતીલાલ લેનિનગાર્ડ ગયા. ૨૫ લાખની વસતી ધરાવતું તે રશિયાનું બીજા નંબરનું મોટું શહેર હતું. ત્યાં તે સિટી સિવિલ કોર્ટના પ્રેસિડન્ટ અને અન્ય ન્યાયાધીશોને મળ્યા. ત્યાંની કોર્ટની કાર્યપદ્ધતિ પ્રત્યક્ષ નિહાળી. લેનિનગાર્ડમાં તેમને એક રશિયન પ્રૉફેસરે ટેલિફોન કરી હિંદીમાં વાત કરી. તેમનું હિંદી એટલું બધું સાહિત્યિક હતું કે ઘણા શબ્દો મોતીલાલને અજાણ્યા લાગ્યા. તેમણે તે પછી હિંદી શિક્ષણ અપાતું હતું તે શાળાની મુલાકાત લીધી. તેમાં ૩૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા અને સરકાર સંપૂર્ણ આર્થિક સહાય કરતી હતી.

રશિયામાં બીજા થોડાં સ્થળોએ જઈ મોતીલાલ ફરી મૉસ્કો પહોંચ્યા. ત્યાં નીકીતા ખ્રુશ્ચેવ સાથે તેમનો યાદગાર ઇન્ટરવ્યૂ થયો ગોરકીન પણ સાથે હતા. બિલકુલ નિયત સમયે ખુશ્ચેવ તેમની રૂમમાં આવ્યા અને નમસ્તે કરી અભિવાદન કર્યું અને પછી હાથ મીલાવ્યા. દુભાષિયા દ્વારા વાતચીતનો દોર ચાલ્યો. મોતીલાલે જણાવ્યું કે તેમની સાથે મુલાકાત ગોઠવાઈ તે ગૌરવની બાબત છે, ત્યારે ખ્રુશ્ચેવે કહ્યું કે ભારત સાથે મિત્રતાના સંબંધો છે, તેના પ્રતિનિધિને મળવું તે આનંદની બાબત છે. ખ્રુશ્ચેવે કહ્યું કે ડૉક્ટરોની જેમ વકીલો સમાજ માટે ઉપયોગી છે. ડૉક્ટરો સ્વાસ્થ્યનું ધ્યાન કરે છે. વકીલો સમાજનાં લોકોની તકલીફો દૂર કરવાનું કામ કરે છે. મોતીલાલે જણાવ્યું કે તેમણે રશિયાની ન્યાયપદ્ધતિ વિશે ગણી માહિતી મેળવી છે અને તેમને ઘણું જાણવાનું મળ્યું છે.

ખ્રુશ્ચેવે તે પછી છેલ્લાં ૪૩ વર્ષના ગાળામાં રશિયાએ કરેલા વિકાસની વાત વિસ્તારથી કરી. તેમણે જણાવ્યું કે તેમની રાજ્યવ્યવસ્થા મનુષ્ય જીવનને ઉન્નત બનાવવા માટેની છે. સૉવિયેત પદ્ધતિમાં વ્યક્તિએ અમીર બનવાનું નથી. નફો અને સંપત્તિ એ રાજ્યની માલિકીની છે અને તે પ્રજાના કલ્યાણ માટે છે. તેમણે વિસ્તારથી પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું. તે પછી મોતીલાલના રશિયાના પ્રવાસ અંગે પણ વાતો કરી. ખ્રુશ્ચેવે અંતમાં નમસ્તે કહ્યું, ત્યારે મોતીલાલે રશિયન ભાષાના બે. શબ્દો યાદ કરેલા તે કહ્યા. તેનો અર્થ થતો હતો – Good bye till we meet again.

મોતીલાલ ખ્રુશ્ચેવથી પ્રભાવિત થયા. ખ્રુશ્ચેવ તેમને ખૂબ અભ્યાસુ લાગ્યા અને ખૂબ ચિંતનને અંતે બોલતા હોય તેમ લાગ્યું.

ઇન્ટરવ્યૂ પૂરો થયા બાદ ભારતીય ઍમ્બેસેડર સાથે મોતીલાલે ભોજન લીધું. ઍમ્બેસેડર ઘણાં વર્ષોથી રશિયામાં રહેતા હતા અને તેમણે રશિયા વિશે ઘણી વાતો કરી. રશિયાનો પ્રવાસ આનંદદાયક રહ્યો.

**૫૦ વર્ષની વકીલાત અને વિવિધ સ્થળોએ સન્માન**

૧૭મી ઑગસ્ટ ૧૯૬૧ના રોજ મોતીલાલ સેતલવાડે પોતાની વકીલાતના ૫૦ વર્ષ પૂરાં કર્યાં. તેમણે વિશેષતઃ મુંબઈ હાઈકોર્ટમાં અને દિલ્હી સુપ્રીમકોર્ટમાં વકીલાત કરી, પરંતુ ભારતમાં ઘણાં રાજ્યોની હાઈકોર્ટોમાં પણ દલીલો કરી. તેમની કામગીરી ખૂબ ઉત્તમ કક્ષાની રહી.

મોતીલાલને વકીલાતમાં ૫૦ વર્ષ પૂરાં થતાં ઘણા ન્યાયાધીશોએ અને વકીલોએ અભિનંદન પાઠવ્યાં. ઘણાં બાર ઍસોસિયેશન દ્વારા સન્માન સમારંભ પણ ગોઠવાયો.

પહેલાં પત્રો દ્વારા મળેલા કેટલાક વ્યક્તિગત **અભિપ્રાયો** જોઈએ.

સૉલિસિટર જનરલ સી. કે. દફતરીએ પત્રમાં જણાવ્યું કે, 'I doublt if anyone has commanded the admiration and respect that you do from judges, lawyers and people.'

સુપ્રીમકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી મહેરચંદ મહાજને લખ્યું,

'Allow me to felicitate you on your completing 50 years at the Bar with great integrity. clarity, strainght forwardness, forensic skills clarity of expression and what not. I am one of your humble admirers and wish you health and happiness.'

મુંબઈ હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ Beaumont નીચેના પ્રશંસાના શબ્દો લખે છે, 'I have heard many a counsel from the whole of Commonwealth, but there is none who is a match to my old friend Motilal Setalvad.'

ડૉ. સી. પી. રામાસ્વામી આયરે લખ્યું, 'His qualities had marked him out to be a great lawyer and a jurist of international reputation.'

મોતીલાલનું દેશના ઘણા બાર ઍસોસિયેશનો દ્વારા સન્માન થયું.

ફેબ્રુઆરી ૧૯૬૨માં મુંબઈ હાઈકોર્ટ બાર ઍસોસિયેશને સન્માન સમારંભ ગોઠવ્યો. તેમાં ઍડ્વોકેટ જનરલ શ્રી શીરવાઈ તથા અન્ય વકીલોએ મોતીલાલની ભરપૂર પ્રશંસા કરી. બાર ઍસોસિયેશન દ્વારા મોટું ફંડ એકઠું કરી હાઈકોર્ટ લાઇબ્રેરીમાં તેમનું તૈલચિત્ર મૂકવાનું નક્કી થયું. તૈલચિત્ર મુકાયું પછી ઘણી રકમ બચી. વધારાની રકમ વકીલોના ઉત્કર્ષ માટે ખર્ચવાનું નક્કી થયું.

એપ્રિલ ૧૯૬૨માં દિલ્હી બાર ઍસોસિયેશન દ્વારા સન્માન સમારંભ ગોઠવાયો. જેમાં સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ બી. પી. સિંહાએ મોતીલાલના ગુણો દર્શાવી કહ્યું કે મોતીલાલને સવારે ૧૦-૩૦ વાગે સાંભળો કે આખા દિવસની દલીલોના અંતે સાંજે સાંભળો પણ તે તરોતાજા જ માલૂમ પડે. તેમના અવાજની તાકાત અને દલીલ કરવાની પદ્ધતિ અસરકારક જ રહે. આ સમારભમાં કાયદા પ્રધાન શ્રી એ. કે. સેન પણ હાજર રહ્યા અને મોતીલાલના ગુણો દર્શાવી અભિનંદન પાઠવ્યાં.

ઑગસ્ટ ૧૯૬૨માં મદ્રાસ બાર ઍસોસિયેશનમાં મોતીલાલનો સન્માન સમારંભ યોજાયો. તેમાં સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ હાજર રહ્યા અને મોતીલાલના તૈલચિત્રનું અનાવરણ પણ કર્યું. તેમણે અને અન્ય વકીલોએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યાં.

મોતીલાલે દરેક સન્માન પ્રસંગે બાર ઍસોસિયેશન અને વકીલ મિત્રોનો આભાર માન્યો. વકીલોના ઉત્કર્ષ માટે અને ખાસ કરીને યુવાન વકીલોના વિકાસ અંગે મંતવ્યો રજૂ કર્યાં. બાર અને બેંચ વચ્ચે સંપૂર્ણ સહકારનું વાતાવરણ રહે અને ન્યાયતંત્રનું ગૌરવ જળવાતું રહે તેવી આશા વ્યક્ત કરી.

**સુપ્રીમકોર્ટ બાર ઍસોસિયેશન**

૧૯૫૦માં સુપ્રીમકોર્ટ સ્થપાઈ ત્યારથી ૧૯૬૮ સુધી મોતીલાલ સેતલવાડે સુપ્રીમકોર્ટ બાર ઍસોસિયેશનના પ્રમુખ તરીકે સેવાઓ આપી. અને ૧૯૬૭ સુધી ચૂંટણી વિના બિનહરીફ તેમની વરણી પ્રમુખ તરીકે થતી હતી. ૧૯૬૮માં ચૂંટણી યોજવાનું નક્કી થયું. તે ચૂંટણી લડ્યા અને વિજયી થયા, પરંતુ મનોમન ચિંતન ચાલ્યું કે આવા પદ માટે તેમણે ચૂંટણી લડવી જોઈએ નહીં. પછી એવો સુધારો આવ્યો કે પ્રમુખપદ બે વર્ષથી વધારે સમય માટેનું રહેશે નહીં. ૧૯૬૯માં સી. કે. દફતરી પ્રમુખ બન્યા. તે એટર્ની જનરલ હતા.

મોતીલાલના માનમાં સુપ્રીમકોર્ટની લોનમાં ભવ્ય ભોજન સમારંભ ગોઠવવામાં આવ્યો. જાણે લગ્નસમારંભ હોય તેવો માહોલ ઊભો થયો. શ્રી દફતરી અને અન્ય વકીલોએ મોતીલાલનાં ગુણો દર્શાવી પ્રશંસાનાં પુષ્પો પાથર્યાં. મોતીલાલે સન્માનનો સ્વીકાર કરતા કહ્યું કે, તેમના મતે બે બાબતો સૌથી અગત્યની છે : પ્રથમ બાબત એ છે કે Legal aid માટે સઘન પ્રયત્નો થવા જોઈએ. જેને Legal aidની જરૂર હોય તેને યોગ્ય Legal aid મળવી જ જોઈએ. બીજી બાબત એ છે કે એવી સ્કીમ ઘડી કાઢવી જોઈએ કે જે બાર ઍસોસિયેશનના જુનિયર મેમ્બર્સને લાભદાયી હોય. તેમણે જણાવ્યું કે આ બંને બાબતો માટે તે દરેક પ્રકારે મદદ કરવા તૈયાર છે.

**સમાપન**

મોતીલાલ સેતલવાડ વિશેના આ લેખનું સમાપન કરતા પહેલાં કેટલીક બાબતો જણાવવી જરૂરી છે. મોતીલાલના જીવનમાં તેમણે વિવિધ કામગીરી કરી છે તેની સંપૂર્ણ નોંધ નાનકડા લેખમાં આપવી સંભવિત નથી. હું જેમ જેમ તેમની આત્મકથા વાંચતો ગયો અને તેમાંથી જે બાબતો વધારે સ્પર્શી તે નોંધતો ગયો. તે આધારે લેખ લખાયો. જોકે તેમાં ઘણી મહત્ત્વની બાબતો સમાવવાની રહી પણ ગઈ છે. તે બાર ઍસોસિયેશન ઑફ ઇન્ડિયાના સ્થાપક હતા. તે રાજ્યસભાના સભ્ય નીમાયા હતા. તેમણે સંખ્યાબંધ ઇન્સ્ટિટ્યૂશનમાં પ્રવચનો આપ્યાં હતાં. તેમણે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ કેસ અને અન્ય જાણીતા ઘણાં કેસોમાં અસરકારક દલીલો કરી હતી. મુંદ્રા સ્કૅન્ડલ તપાસમાં કરેલી કાર્યવાહી કે વર્લ્ડ કોર્ટની કાર્યવાહી વિશે પણ વાત થઈ શકી નથી તેનો મને રંજ છે. છતાં મને લાગે છે કે મેં પૂરતી માહિતી રજૂ કરી છે. જે આધારે વકીલો અને અભ્યાસુઓને તેમની આત્મકથા વાંચવા પ્રેરણા મળશે.

મોતીલાલનો જન્મ ૧૨ નવેમ્બર, ૧૮૮૪ના રોજ થયો હતો અને તેમનું અવસાન ૧૯૭૪ના ઑગસ્ટમાં થયું હતું. આમ તેઓ ઘણું દીર્ઘજીવન જીવ્યા. ૮૫ વર્ષની ઉંમરે આત્મકથા પ્રસિદ્ધ થઈ ત્યારે તેમણે લખ્યું, 'It has been a joy to recount these events spread over 85 years. In retrospect that they have been really worth-while.'

જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે કામ કરવા મળ્યું તેને તેઓ પોતાનું સદ્ભાગ્ય માને છે. તે લખે છે કે આવાં મહાન વ્યક્તિત્વ દેશને ભાગ્યે. જ જોવા મળશે. નહેરુ સાથે ૧૫ વર્ષ કાયદાના મુખ્ય અધિકારી તરીકે કામ કર્યું તે બાબતે તે લખે છે કે, 'I could not have worked under a more considerate or more affectionate Prime Minister.' સરદાર પટેલ સાથે તેમના સંબંધો છેક મુંબઈ હતા ત્યારથી હતા અને વધુ નિકટના હતા. સરદાર માટે તે કહે છે, 'I have not known a person so far-sighted so courageous, so practical and so decisive. મોતીલાલ લખે છે કે સેંકડો નામી વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું બન્યું છે પણ આ બંનેએ મને સૌથી વધુ પ્રભાવિત કર્યો છે.

મોતીલાલ જણાવે છે કે જીવનમાં મને શીખવા મળ્યું છે કે દરેક વ્યક્તિ મૂળભૂત રીતે સારી જ હોય છે. હજારો લોકો સાથે સંપર્કમાં આવ્યો. અસીલો, વકીલમિત્રો, ન્યાયાધીશો, અન્ય ક્ષેત્રમાં કામ કરતા માણસો – દરેકમાં મને માનવીય ગુણો જણાયા છે. મને એ વાતનો આનંદ છે કે મારા દીર્ઘજીવનમાં મારા પ્રત્યે કોઈને દુશ્મનાવટનો ભાવ નથી અને મને પણ કોઈના પ્રત્યે દુર્ભાવ નથી.

મોતીલાલે તેમનાં માતાપિતા, તેમની પત્ની, તેમનાં સંતાનો, સગાંવહાલાં, મિત્રો સૌને યાદ કરી જણાવ્યું છે કે તેઓનાં કારણે જ તેમનું જીવન ઘડાયું છે અને સુખમય રીતે પૂર્ણ થયું છે. તેમનાં પત્ની માટે તે કહે છે, 'My loving wife has been an abounding source of inspiration and strength through the years.'

જાણીતા વકીલ શ્રી ફલી નરીમાને મોતીલાલની આત્મકથાની પ્રસ્તાવના લખી છે. તેની થોડી વાત કરી લેખનું સમાપન કરીશું.

ફલી નરીમાન મોતીલાલની વકીલ તરીકેની કાર્યપદ્ધતિ અને ટૂંકાણમાં ખૂબ જ અસરકારક દલીલો કરવાની કુનેહનાં વખાણ કરે છે. સર જમશેદજી કાંગાનું મંતવ્ય ટાંકે છે. જમશેદજી કહેતા કે ચીમનલાલ સેતલવાડ જેવો મહાન કાનૂનવિદ તેમણે જોયો નથી અને ભૂલાભાઈ દેસાઈ જેવા મહાન ઍડ્વોકેટ જોયો નથી. નરીમાન લખે છે, 'Motilal was both a great lawyer and a great advocate.'

નરીમાન લખે છે કે માર્ચ ૧૯૭૪માં મોતીલાલે દિલ્હીને કાયમ માટે અલવિદા કહેવાનું નક્કી કર્યું. આ વાતની નરીમાનને જાણ થતાં તેમને મોતીલાલને ટેલિફોન કર્યો, મોતીલાલે જણાવ્યું, 'જો, નરીમાન માણસે જવાનું છે તે નક્કી જ છે, ક્યારે જવાનું છે તે નક્કી જ છે.' તેમના દિલ્હી છોડવાની જાણ થતાં બાર ઍસોસિયેશને એપ્રિલમાં વિદાય સમારંભ ગોઠવ્યો. બધા સભ્યોએ ખૂબ પ્રેમપૂર્વક પણ આંખમાં આંસુ સાથે તેમને વિદાય આપી. ૮૯ વર્ષના મોતીલાલને જાણે કે અણસાર આવી ગયો હતો કે મૃત્યુ સમીપ છે. દિલ્હીથી મોતીલાલ મુંબઈ ગયા. થોડાં સમય માટે જૂહુ દરિયાકાંઠે બંગલામાં રહી તેમની હંમેશની ટેવ પ્રમાણે ઉનાળુ વૅકેશનમાં ઊટી ગયાં. ત્યાંથી જૂહુ પાછા આવ્યા. ઑગસ્ટમાં આ દુનિયામાંથી વિદાય લીધી.

નરીમાન લખે છે, 'Old soldiers never die. They only fade away, Grand old men only die. But they never fade away. The Grand Master's Story of his life needs to be read (and read again) by all who enter and practice in the Temple of law.'

**શરદભાઈ પી. શાહ,**
મહેસાણા
૯૪૨૯૭ ૩૬૩૬૫

# વિજ્ઞાન અને ધર્મ

તુલસીભાઈ પટેલ

**શિક્ષણ અને ધર્મનો મહિમા :**

સંસ્કૃતના એક શ્લોકમાં કહ્યું છે કે, આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ બધાં પ્રાણીઓમાં સામાન્ય છે, પરંતુ 'ધર્મ' એ મનુષ્યની વિશેષતા છે. આ વાત શિક્ષણને પણ લાગુ પડે છે. આપણી સૃષ્ટિને ઉત્પન્ન થયે હજારો વરસ થયાં. આ સૃષ્ટિ પર પશુ, પક્ષી, જીવજંતુ, મનુષ્ય વગેરે હજારો વરસથી અસ્તિત્વ ધરાવે છે, પરંતુ એ પૈકી માત્ર 'મનુષ્ય-પ્રાણી' એ જ શિક્ષણ અને ધર્મની શોધ કરી છે. હજારો વરસ પહેલાંની ગુફાવાસી દશામાંથી આજે આપણે કમ્પ્યૂટર-યુગ સુધીની જે વિકાસયાત્રા કરી, એ માટે આપણે કોનો આભાર માનવો ઘટે? જવાબ સ્પષ્ટ છે કે શિક્ષણ દ્વારા પ્રાપ્ત જ્ઞાન-વિજ્ઞાન દ્વારા આપણે આ આશ્ચર્યકારક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અજ્ઞાનના અંધકાર-યુગમાંથી આધુનિક પ્રકાશ-યુગ સુધી આપણે જે અદ્‌ભુત પ્રગતિ કરી છે; તે શિક્ષણને આભારી છે. હજારો વર્ષ પહેલાં પશુ-પક્ષી જે દશામાં હતાં; તે આજે પણ એવી જ દશામાં છે. જ્યારે હજાર વર્ષ દરમિયાન મનુષ્યે કેટલી બધી પ્રગતિ કરી છે ! અરે ! છેલ્લાં સો વરસની જ વાત કરીએ તો આપણે કલ્પનાતીત પ્રગતિ કરી છે. પ્રગતિની ગતિ આજે તો એટલી બધી ઝડપી બની છે કે, માત્ર દશ વર્ષમાં દુનિયા બે ગણી બદલાઈ જાય છે ! આ જ બાબત ધર્મને વિશે પણ સાચી છે. હજારો વરસ પૂર્વ આપણે જંગલી અવસ્થામાં જીવન વ્યતીત કરતાં હતાં; એની તુલનામાં આજે આપણે જે સંસ્કૃત-અવસ્થા પ્રાપ્ત કરી છે, તે ધર્મને આભારી છે. માણસના જીવનમાંથી ધર્મની બાદબાકી કરો, તો તરત જ ધર્મનો મહિમા સમજી શકાશે. ધર્મવિહીન માણસ એટલે જનાવર, એમ કહેવામાં કશું ખોટું નથી.

**રાજ્યસત્તા, ધર્મસત્તા અને જ્ઞાનસત્તા**

આપણા આજના સમાજ પર ત્રણ પ્રકારની સત્તાઓનું સૌથી વિશેષ વર્ચસ્વ છે : ૧. રાજ્યસત્તા, ૨. ધર્મસત્તા અને ૩. શિક્ષણસત્તા. આ ત્રણ સત્તા પૈકી રાજ્યસત્તાનો પ્રભાવ દંડ અને ભય પર આધારિત છે. જ્યારે ધર્મસત્તા તથા શિક્ષણ યા જ્ઞાનસત્તા એ મનુષ્યની અંતર-ચેતના પર આધાર રાખે છે. દંડ યા ભય પર આધારિત વર્ચસ્વ કરતા આંતરિક ચેતનાથી ઉત્પન્ન વર્ચસ્વ વિશેષ મહિમામંડિત ગણાય. રાજ્યસત્તા ઘણી વાર અન્યાય અને શોષણ કે ભ્રષ્ટચાર આચરે છે, ત્યારે સમાજ ત્રસ્ત થાય છે; અને એને ઊથલાવવા માટે બળવો કરે છે. અંતર-ચેતનાથી આવિર્ભૂત ધર્મસત્તા કે જ્ઞાનસત્તા વ્યક્તિ અને સમષ્ટિના હૃદય પર બિરાજમાન હોય છે, એટલા માટે એને ઊથલાવવાનો સવાલ પેદા થતો નથી. અલબત્ત, એ પણ ક્યારેક સ્થાપિતહિત બની જાય છે, અથવા એમાં વિકૃતિઓ પ્રવેશે છે, ત્યારે રેનાંસાં અર્થાત્ નવજાગરણ આવશ્યક બની જાય છે, પરંતુ તુલનાત્મક રીતે વિચારીએ તો દંડ પર આધારિત રાજ્યસત્તા કરતાં આંતર-ચેતના પર આધારિત ધર્મ અને જ્ઞાનસત્તા સવિશેષ મહત્ત્વપૂર્ણ છે. રાજ્યસત્તા જ્યાં સુધી ધર્મસત્તાની આણ સ્વીકારે છે, ત્યાં સુધી એ પ્રજા માટે સુખાકારી નીવડે છે આપણો ભારતીય સંસ્કૃતિમાં આદિકાળથી ધર્મસત્તાનો પ્રભાવ રહ્યો છે; એ ગૌરવ લેવા જેવી હકીકત છે. કણ્વઋષિના આશ્રમમાં રાજા દુષ્યંત નમ્ર બનીને પ્રવેશે છે. સૈનિકો અને શસ્ત્રો આશ્રમની અંદર પ્રવેશતાં નથી. રાજા ઋષિને ચરણસ્પર્શ કરે છે. આજે પણ આ ભાવાવરણ જોવા મળે છે. એથી ધર્મ અને જ્ઞાનનો મહિમા સિદ્ધ થાય છે.

**શિક્ષણની વ્યાખ્યા :**

સામાન્ય રીતે સવાલ થાય કે શિક્ષણ એટલે શું? બીજા શબ્દોમાં કહીએ તો શિક્ષણની વ્યાખ્યા શી છે? અનેક ચિંતકોએ શિક્ષણને વ્યાખ્યામાં બાંધવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ સંપૂર્ણ સંતોષજનક વ્યાખ્યા આપી શકાઈ નથી. શિક્ષણની વિભાવના વ્યાપક છે. પરિણામે એને વ્યાખ્યાની સીમામાં બાંધવી મુશ્કેલ છે. વ્યાખ્યાયિત કરવા જતાં, તર્કશાસ્ત્રની દષ્ટિએ એમાં 'અતિવ્યાપ્ત લક્ષણ' અથવા 'અવ્યાપ્ત લક્ષણ'નો દોષ આવી જાય છે. તેમ છતાં શાસ્ત્રીયપદ્ધતિ મુજબ વ્યાખ્યા આપવી જરૂરી ગણાય છે. કેટલીક જાણીતી વ્યાખ્યાઓ પર દૃષ્ટિપાત કરીએ :

શિક્ષણ એટલે આપણો મિજાજ કે આત્મવિશ્વાસ ખોયા વિના લગભગ દરેકની વાત સાંભળવાની શક્તિ.

**- જે. કૃષ્ણમર્તિ**

દેશ અને આત્મામાં અધિકથી અધિક જેટલા સૌંદર્ય અને જેટલી સંપૂર્ણતાનો વિકાસ થઈ શકે છે, તેને સંપન્ન કરવાનો શિક્ષણનો ઉદ્દેશ છે. **- પ્લેટો**

શિક્ષણ વિશે મહાત્મા ગાંધીએ આપેલી વ્યાખ્યા

સર્વમાન્ય ગણી શકાય એમ છે : ''શિક્ષણ એટલે મનુષ્યના શરીર, મન અને આત્માની સુષુપ્ત ઉત્તમ શક્તિઓનો સર્વાંગી વિકાસ.''

શિક્ષણ વિશે એક જાણીતું વિધાન છે કે, શિક્ષણની પ્રક્રિયા મનુષ્યના જન્મથી મૃત્યુપર્યંત ચાલતી રહે છે. આધુનિક મનોવિજ્ઞાન અનુસાર ગર્ભાવસ્થાથી શિક્ષણની શરૂઆત થાય છે. અભિમન્યુ અને શિવાજીને એમની માતાએ ગર્ભાવસ્થામાં જે સંસ્કાર આપ્યા હતા, તે જીવન દરમિયાન સાર્થક નીવડ્યા હતા. આપણાં પ્રાચીન શાસ્ત્ર અનુસાર તો અનેક પૂર્વજન્મોના સંસ્કાર આ જીવનમાં Carry forward થતા હોય છે ! એમાં વૈજ્ઞાનિક તથ્ય કેટલું એ સંશોધનનો વિષય ગણાય; પરંતુ પૂર્વસૂરિઓનું ચિંતન કેટલું ગહન હતું!

**ધર્મની વ્યાખ્યા :**

'ધર્મ'ને વ્યાખ્યાયિત કરવાનું કામ તો શિક્ષણ કરતાં પણ વધુ મુશ્કેલ છે. કેમ કે ધર્મની વિભાવના અતિ વ્યાપક છે. ધર્મ એટલે ફરજથી લઈને કટ્ટર સંપ્રદાયવાદ સુધીના અતિ લાંબા પટ પર 'ધર્મ'ની વિભાવના ફેલાયેલી છે. બીજું, 'ધર્મ' શબ્દ પ્રાચીનકાળથી આજપર્યંત પ્રયુક્ત અતિપરિચિત શબ્દ છે. સાચું કહ્યું છે : अतिपरिचयात् अवज्ञा । અર્થાત્ જે અતિપરિચિત હોય એને વિશે શિથિલતા પ્રવર્તતી હોય છે. તેમ છતાં કેટલીક જાણીતી વ્યાખ્યાઓ પર નજર કરીએ :

ધર્મ એક જ છે, અને તે માનવધર્મ.

**- કેદારનાથજી**

धृति: क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रह:
धीर्विधा सत्यमक्रोध: दशकं धर्मलक्षणम् ।।

(मनुस्मृति)

Religion is the everlasting search of the human spirit for the devine of man for God.

**- Annine Besant**

(ધર્મ એ મનુષ્ય-આત્માની દિવ્ય મનુષ્ય અને ઈશ્વર સાક્ષાત્કાર માટેની અનંત શોધ છે.)

આમ 'ધર્મ'ની અનેક વ્યાખ્યાઓ પ્રાપ્ત થાય છે. વિશ્વભરના મહાન આત્માઓએ ધર્મ વિશે ચિંતન કર્યું છે. ધર્મની વ્યાખ્યાઓમાં એમનો આગવો અભિગમ પ્રતિબિંબિત થાય છે. સ્થળ અને કાળનો પ્રભાવ પણ એમાં જોવા મળે છે; તદનુસાર વ્યાખ્યા બદલાતી રહે એ સહજ છે, પરંતુ સ્થળ-કાળથી પર એક સર્વસામાન્ય એ બાબત જોવા મળે છે કે તમામ ધર્મોનું મુખ્ય લક્ષણ સત્ય અને ઈશ્વરની શોધ છે. અલબત્ત, એ લક્ષ્ય કેટલે અંશે સિદ્ધ થયું છે, એ વિવાદાસ્પદ છે. મહાત્મા ગાંધીના ઘડતર અને વ્યક્તિત્વ પર ધર્મનો ખૂબ પ્રભાવ હતો. તેમનું જીવનલક્ષ્ય હતું ઈશ્વરનો સાક્ષાત્કાર. તેઓ કહેતા કે 'ઈશ્વર સત્ય છે', પરંતુ એમનું ચિંતન પરિવર્તનશીલ અને પ્રગતિશીલ હતું. બુદ્ધિજીવીઓએ એમની ઈશ્વર વિભાવના વિશે આલોચાન કરી, ત્યાર બાદ તેઓ કહેતા કે, 'સત્ય એજ ઈશ્વર છે.'

શિક્ષણ અને ધર્મમાં એકસમાન બાબત એ છે કે, બંને 'સત્ય'ની શોધ કરે છે. અલબત્ત વળી, સવાલ થાય કે 'સત્ય'ની વ્યાખ્યા શી ? બુદ્ધિજીવીઓ માટે 'સત્ય' શબ્દ અમૂર્ત (Abstract) છે. ગાંધીજીએ 'મંગલ પ્રભાત'માં સત્યની વ્યાપક વ્યાખ્યા આપતાં કહ્યું છે. સત્ એટલે હોવું. મતલબ જે કંઈ છે તે સત્ય છે. શિક્ષણ વસ્તુલક્ષી સત્ય શોધે છે.

**શિક્ષણ : સામાન્ય અને વિશિષ્ટ**

શિક્ષણ તથા ધર્મને મુખ્ય ભાગમાં વહેંચી શકાય.

શિક્ષણના મુખ્ય બે ભાગ છે : **૧. સામાન્ય શિક્ષણ યા અનૌપચારિક શિક્ષણ** અને **૨. વિશિષ્ટ યા ઔપચારિક શિક્ષણ.**

ધર્મના મુખ્ય બે ભાગ : **૧. સામાન્ય ધર્મ** અને **૨. વિશિષ્ટ ધર્મ.** (વિશિષ્ટ ધર્મના અનેક વિભાગો છે; જેને 'સંપ્રદાય' કહી શકાય.)

ઉપરોક્ત વર્ગીકરણ આપણી સમજ સ્પષ્ટ થાય એટલા માટે આપ્યું છે. આ પ્રકારની સ્પષ્ટતાના અભાવે શિક્ષણક્ષેત્રે અને ખાસ કરીને ધર્મના ક્ષેત્રે અનેક પ્રકારની સંદિગ્ધતા, ગેરસમજ, સંકીર્ણતા અને પરિણામે લડાઈ-ઝઘડા પ્રવર્તે છે.

આપણા મોટા ભાગના શિક્ષણ-પંડિતો જ્યારે શિક્ષણ વિશે ચર્ચા કરતા હોય છે, ત્યારે એમની દષ્ટિ સમક્ષ 'સામાન્ય શિક્ષણ' હોય છે. એમાં સત્ય, અહિંસા, પ્રેમ, ન્યાય, નીતિ, સદાચાર વગેરે સદ્‌ગુણો પર જ ભાર મૂકવામાં આવતો હોય છે. ચર્ચામાં નૈતિક મૂલ્યો કેન્દ્ર સ્થાને હોય છે. એનું મહત્ત્વ નિર્વિવાદ છે, પરંતુ આપણે જે સભ્યતા અથવા ભૌતિક વિકાસ સાધ્યો છે; એમાં વિશિષ્ટ શિક્ષણનો જ મુખ્ય ફાળો છે. આપણા જીવનમાંથી ગણિત અને ભૌતિક વિજ્ઞાનોને બાદ કરો, તો એમનું મહત્ત્વ સમજાશે. એમના વિના આપણે ફરી ગુફાવાસી અવસ્થામાં જઈ પડશું. એટલું વળી સારું છે કે, આપણાં બાળકો વિશિષ્ટ વિજ્ઞાનોમાં રસ લઈ રહ્યાં છે. આગળ વધી રહ્યાં છે. બાકી પોથી-પંડિતોના રવાડે ચડીને તો આપણે ફરીથી અંધકાર યુગમાં ધકેલાઈ જઈએ! ભૌતિક વિદ્યાઓનો આભાર માનવામાં આપણે નગુણા નીવડ્યા છીએ.

**ધર્મ, વિશિષ્ટ ધર્મ અને સંપ્રદાય**

'ધર્મ'નું પ્રચલિત સ્વરૂપ પણ વિચાર અને ચિંતન

માગી લે છે. ગુણવંત શાહના શબ્દોમાં પૃથ્વી આજે ચણી બોર જેવડી થઈ ગઈ છે; ત્યારે વિશિષ્ટ ધર્મો અને સંપ્રદાયો આજે કેટલા પ્રસ્તુત ગણાય ? ધર્મનો સાર નીતિ, સદાચાર, પ્રેમ, સત્ય, અહિંસા વગેરે છે. ટૂંકમાં, 'માનવ-ધર્મ' એ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે; એમ બધા ચિંતકો, સાધુ, મહાત્માઓ, ધર્મપુરુષો ગાઈ-વગાડીને કહે છે. તેમ છતાં દિન-પ્રતિદિન સાંપ્રદાયિક કટ્ટરતા અને આતંકવાદ વધતાં જાય છે; આ તે કેવી વિડંબના! વિશિષ્ટ ધર્મ કે સંપ્રદાય શું આપણે સમજી-વિચારીને પસંદ (Select) કર્યા છે ? જન્મ સાથે એનાં લેબલ આપણને લાગી જાય છે ! જન્મ એક અકસ્માત્ છે. તો વિશિષ્ટ ધર્મ કે સંપ્રદાય એ પણ જન્મ અકસ્માતે આપણને પ્રાપ્ત થયેલ છે. તો પછી એના પ્રચાર-પ્રસાર માટે આટલો બધો આતંક શા માટે ? 'ધર્મો અનેક છે, પણ ધર્મ એક છે.' એમ આપણે પોપટ-રટણ કરીએ છીએ, પરંતુ આપણું આચરણ મોટા ભાગે વિપરીત જ જોવા મળે છે. મહાકવિ ઇકબાલ કહે છે : ''मजहब नहीं सीखाता आपस में बैर रखना ।'' પણ આ તો આદર્શ થયો.. વાસ્તવિકતા હરિવંશરાય બચ્ચન બતાવે છે : ''मस्जिद-मंदिर बैर बढ़ाते, मेल कराती मधुशाला ।'' આ સંદર્ભ કાર્લ માર્ક્સનું નિરીક્ષણ યથાર્થ લાગે છે કે : ધર્મ અફીણ છે.

### શિક્ષણનો વેપાર

**શિક્ષણ અને ધર્મના આદર્શો અને ઉદ્દેશો અતિશય ઊંચા છે, પરંતુ વાસ્તવિકતા અત્યંત દુઃખદાયક છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર તો વિદ્યા વેચવી એ મોટો અપરાધ ગણાય, પરંતુ આજે વેપારની રેસમાં વિદ્યાનો વેપાર સૌથી આગળ છે! આપણે પ્રશંસા તો સરસ્વતીની કરીએ છીએ; પરંતુ લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે સરસ્વતીનો વેપાર કરતાં જરાયે શરમાતા નથી. શિક્ષણ-સંસ્થાઓ સ્થાપવી અને સુપેરે ચલાવવી એ સરકાર અને સમાજની ફરજ છે, પરંતુ એમણે તો હાથ અધ્ધર કરી દીધા છે; ને શિક્ષણને વેપારી કંપનીઓને હવાલે કરી દીધું છે. આઝાદી પહેલાં શ્રેષ્ઠીઓએ અતિરિક્ત (Surplus) ધનનો સદુપયોગ કર્યો અને શિક્ષણ-સંસ્થાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓની સ્થાપના કરી, પરંતુ આજે ધન પ્રાપ્ત કરવા માટે શાળા-કૉલેજો ખુલવા લાગી! કાપડમિલો બંધ પડી, પણ શિક્ષણમિલો ધમધોકાર ચાલી રહી છે. હોશિયાર પરંતુ ગરીબ વિદ્યાર્થી માટે ભણતર અરણ્યરુદન બની ગયું. શિક્ષણમાં નિર્લજ્જ મૂડીવાદ ચાલુ થયો; ને શિક્ષણ કેવળ ધનિકો માટે અનામત બની ગયું! સિદ્ધાંત તરીકે લોકશાહીમાં સૌને સમાન તક; પરંતુ પહેલવાન અને સુકલકડી માટે સમાન તકની વાત મશ્કરીરૂપ ગણાય. હજારો રૂપિયા ખર્ચો તો ભણી શકો અને લાખો આપો તો નોકરી મળે ! ન પણ મળે ! પરિસ્થિતિ હૃદયદ્રાવક છે. છતાં દિગ્ગજ શિક્ષણવિદો ચૂપ છે. શા માટે ચૂપ છે? સમજાતું નથી.**

### ધર્મનો આતંક

ધર્મની વાસ્તવિકતા તો શિક્ષણને પણ સારી કહેવડાવે તેવી છે. ધર્મનો ઉદ્દેશ બે દિલોને જોડવાનો છે, પરંતુ આજે તો ધર્મના નામે જે હિંસા, રક્તપાત અને આતંક ફેલાયો છે, એ જોઈને હૃદય રડી પડે છે. ધર્મના નામે અધર્મ! 'ધર્મયુદ્ધ' શબ્દ જ કેવો વિરોધાભાસી છે ! યુદ્ધોમાં પણ આટલો રક્તપાત નહીં થયો હોય. ધર્મનો ધંધો શિક્ષણ કરતાંય વધુ નફાકારક! આચાર્ય રજનીશજી ધાર્મિક આડંબર પરનો પડદો ઊંચકતાં કહે છે :

Religions always devide you, into two, the evil and the devine. They accept the devine and are against The evil – the evil has to be destroyed... But no one really follows them, no one can follow them because. the very teaching is absurd. So what is everyone doing? Everyone is just deceiving. That is why There is so much hypocrisy. (The Book of Secret. P. 107)

વાસ્તવમાં ધર્મ એ અંતર્મુખી અને એકાંત સાધના છે. એનાં ટોળાં અને વાડા ન જ હોય. મનોવિજ્ઞાન કહે છે : Mob has no mind. ટોળાંને બુદ્ધિ હોતી નથી. દુઃખદ હકીકત એ છે કે, જે માણસ ધર્મ વિશે ઓછામાં ઓછું જાણે છે; એ ધર્મના નામે વધુમાં વધુ ઝનૂન ધરાવે છે! अन्यक्षेत्रे कृतं पापं धर्मक्षेत्रे विनश्यति, धर्मक्षेत्रे कृतं पापं व्रजलेपो भविष्यति ।

### વિજ્ઞાનયુગમાં ધર્મ

ધર્મ અને અધ્યાત્મ વચ્ચે આજે ભેળસેળ ચાલે છે. ધર્મ સંસ્થાગત બનીને સંકીર્ણ તથા વેપાર બની ગયો છે. અધ્યાત્મ વૈશ્વિક (Universal) છે. અધ્યાત્મ એ વિજ્ઞાન છે. કેટલાક ચિંતા કરે છે કે વિજ્ઞાન વધશે તો ધર્મનું શું થશે? પરંતુ વિનોબાજીનો ખુલાસો જુઓ :

''વિજ્ઞાનના આ જમાનામાં હવે જુદા જુદા ધર્મોમાં જે અસાર તત્ત્વો છે, અજ્ઞાનના અંશો છે, તે વિજ્ઞાનના કારણે નીકળી જશે. બળીને ખાખ થઈ જશે, અને દરેક ધર્મમાં જે સારરૂપ તત્ત્વો છે, સ્વચ્છ અંશો છે, તે અત્યંત ઉજ્જ્વળ થઈને પ્રગટ થશે. બધુ બુદ્ધિની કસોટીએ કસવામાં આવશે. અત્યાર સુધી બધા ધર્મોનો મુખ્ય આધાર મોટા ભાગે શ્રદ્ધા રહ્યો છે. તેને હવે શ્રદ્ધાની સાથોસાથ વૈજ્ઞાનિકતાનો આધાર પણ મળવો જોઈએ.''

(વિજ્ઞાનયુગમાં ધર્મ, પૃ. ૩૬)

વૈજ્ઞાનિક આવિષ્કારોને કારણે આજે દુનિયા નાની બની ગઈ છે. જાણે કે World village (વિશ્વગ્રામ) બની ગયું છે; ત્યારે અનેક સંપ્રદાયો કે ધર્મોને બદલે એક વિશ્વધર્મ, જેને માનવધર્મ કહી શકીએ તેવા ધર્મની આજે જરૂર છે. બહુ ઊંડાણથી વિચારીએ તો વિશિષ્ટ ધર્મ પણ સંપ્રદાય જ ગણાય. આજે લેબલ વર્ગના ધર્મની, માનવધર્મની અત્યંત આવશ્યકતા છે. બુદ્ધિનિષ્ઠ વ્યક્તિઓ આજે આ તારણ પર આવ્યા છે.

વિશિષ્ટ ધર્મના સંસ્કાર આપણા મજ્જાતંત્રનો ભાગ બની ગયા છે. આ સ્થિત હોય ત્યારે તમામ માણસો માત્ર માનવધર્મ સ્વીકારે એ આદર્શ કઠિન લાગે છે, પરંતુ ગુણવંત શાહ એક વ્યવહાર-માર્ગ બતાવે છે કે, આપણે ઘરની અંદર હોઈએ ત્યારે જે તે વિશિષ્ટ ધર્મ કે સંપ્રદાય, પરંતુ ઉંબરા બહાર નીકળીએ ત્યારે નાગરિક ધર્મનું પાલન કરીએ. આ રીતે ઘણી સમસ્યાઓ દૂર થઈ શકે.

**સેક્યુલરિઝમ એટલે શું ?**

બુદ્ધિજીવીઓ સેક્યુલર (ધર્મનિરપેક્ષતા)ની હિમાયત કરતા આવ્યા છે. 'સેક્યુલર મુરબ્બો' નામના તાજેતરમાં પ્રકાશિત ગ્રંથમાં શ્રી ગુણવંત શાહ સેક્યુલરિઝમ વિશે પ્રવર્તિત ભ્રાંતિઓ, આડંબર અને કટ્ટરતા વિશે વિશદ છણાવટ કરી છે. સેક્યુલર સ્ટેટ વિશે વિનોબાજીની સમજ સાવ સ્પષ્ટ અને બુદ્ધિગ્રાહ્ય છે : ''એ રાજ્ય ધર્મ-નિરપેક્ષ રાજ્ય હશે, પરંતુ 'ધર્મ-નિરપેક્ષ' એટલે 'ધર્મહીન' નહીં. એ બિનસાંપ્રદાયિક છે. કોઈ પણ વિશેષ સંપ્રદાય સાથે તે જોડાયેલું નથી, પણ તેથી તે કાંઈ ધર્મહીન રાજ્ય નથી.'' (વિજ્ઞાનયુગમાં ધર્મ. પૃ. ૩૩)

**ત્યારે કરીશું શું ?**

આવી પરિસ્થિતિમાં શિક્ષણ શું કરી શકે, તે વિશે આપણે વિચારવું ઘટે. શિક્ષણ અને ધર્મના સાચા સ્વરૂપ વિશે ચિંતન કરવાની અને પ્રવર્તિત ભ્રાંતિઓ અને ભ્રષ્ટાચાર વિશે સ્પષ્ટ થવાની જરૂર છે. શિક્ષણ એ સમાજ-પરિવર્તનનું સબળ સાધન છે. શિક્ષક સમક્ષ જે અબોધ, નિર્દોષ અને લગભગ કોરી સ્લેટ જેવા જ્ઞાનઉત્સુક બાળકો આવે છે, એમનો અભિગમ વૈજ્ઞાનિક બને, એ માટે આપણે સંનિષ્ઠ પ્રયાસ કરવો ઘટે, પણ એની પૂર્વશરત એ છે કે, આપણે પોતે વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા હોઈએ. અસ્તુ!

**તુલસીભાઈ પટેલ**

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૦નું ચાલું)

કેટલાક લૈંગિક શબ્દોના ઉપયોગ સામે નારાજગી પ્રદર્શિત કરી. આ નવલકથા દ્વારા ઉતાપી પ્રથમ મહિલા ઈન્ડોનેશિયન લેખકોમાંની એક બની હતી જેણે તેમની કૃતિમાં જાતિયતા વિશે સ્પષ્ટપણે ચર્ચા કરી હતી, જે સામાન્ય રીતે સ્ત્રીઓ માટે નિષિદ્ધ વિષય માનવામાં આવે છે.

ઉતામીનું ગદ્ય જીવંત અને આધુનિક છે અને તે ઇન્ડોનેશિયન મૌખિક પરંપરાની સમૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે. તેમનું લખાણ ઇન્ડોનેશિયાના ઊભરતા લેખકો માટે પથદર્શકનું કામ કરી રહી છે. સાહિત્યની સાથે સાથે તેઓ અનેકવિધ સાંપ્રત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ વિશે પણ પોતાનો આગવો મત ધરાવે છે એટલું જ નહીં, પરંતુ તેને જનસમુદાય સુધી પહોંચાડે પણ છે. આ સંદર્ભમાં તેમણે ૨૦૦૮માં પોર્નોગ્રાફી વિરુદ્ધ ઘડાયેલા કાયદાનો વિરોધ કરતું નાટક Susila's Trial પ્રકાશિત કર્યું હતું. The Jakarata Post અનુસાર Susila's Trial 'નૈતિકતાની ચળવળ અને મહિલાઓના અધિકારોનું ઉલ્લંઘન કરતા નિયમો સામે લડવાનું શસ્ત્ર છે.' તેમની નવલકથા Samanની એક લાખથી પણ વધુ પ્રતો અત્યાર સુધી વેચાઈ છે અને ૩૪ વખત પુનઃમુદ્રણ કરવામાં આવી છે. આ નવલકથાને નેધરલૅન્ડના **Prince Claus Award**થી નવાજવામાં આવી છે. હાલ જાકાર્તામાં રહીને ઉતામી લેખનની સાથે સાથે 68H નામના સ્વતંત્ર રેડિયો સ્ટેશન માટે કાર્ય કરી રહી છે.

**Further Reading**

Utami, Ayu. *Saman*, Asia Bookrom, 2001]

– *Larung*. 2002.

– *Susila's* Trial. 2003.

*Listyowulan, Widyasari. Narrating Ideas of Religion, Powers, and Sexuality in Ayu Utami's Novel : Saman, Larung, Bilangan FU. Ohio University, 2010.*

*Marching, Soe Tjen. Description of Female Sexuality in Ayu Utami's 'Saman' Cambridge University Press, 2007.*

**- ડૉ. મનીષ વ્યાસ**

એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગર

M : 94280 47463

# શિક્ષણ : દરેક વ્યક્તિ માટે વાસ્તવિક કઈ રીતે બની શકે?

રેખાબા સરવૈયા

સામાન્યતઃ આપણી સંકુચિત મનોવૃત્તિથી પ્રેરિત થઈને આપણે શિક્ષણનો અર્થ પણ સંકુચિત કરી નાખ્યો છે. આપણે શિક્ષણનો અર્થ કરીએ છીએ કે 'મગજમાં જેટલી માહિતી ઠાંસી શકાય એટલી ઠાંસવી.' – અને પરિણામસ્વરૂપ આ માહિતી સંગૃહીત સ્મૃતિવાળા માણસને આપણે 'સાક્ષર' કહીએ છીએ. જે કોઈ પણ રસનાં ક્ષેત્રે સુદીર્ઘ કારકિર્દી બનાવીને સંતુષ્ટ મનોભાવથી વધુ ને વધુ માહિતીનાં આદાન-પ્રદાનથી રૂપિયા એકત્ર કરતાં હોય છે. આ વાત બહુ સમજી શકાય એવી છે કે... યોગ્ય આવક મેળવવાના સાધન તરીકે શિક્ષણનો ઉપયોગ થવો એ વાજબી છે, પરંતુ માત્ર એ જ શિક્ષણનો અર્થ ન હોઈ શકે. શિક્ષણ તો એ કરતાં કંઈક વધુ અર્થનો ગર્ભિત સંકેત કરે છે કે જે આપણાં સૌનાં વાસ્તવિક જીવનનાં પાસાને સ્પર્શતું હોય. એવા શિક્ષણને મૌલિક/વાસ્તવિક શિક્ષણ કહી શકાય.

આપણાં વિચારકોએ વાસ્તવિક શિક્ષણ માટે કહ્યું છે : "જિવાતા જીવનની સમસ્યાઓને સમજી અને એના ઉકેલ માટે ઉપયોગી બને, રાગદ્વેષ અને મિથ્યાભિમાનને મિટાવી સમભાવનું પ્રાગટ્ય કરે અને જ્ઞાનની પિપાસા જગાડે એ વાસ્તવિક અર્થમાં શિક્ષણ" – ટૉલ્સટૉય

'વાસ્તવિક/ મૌલિક શિક્ષણ એટલે એવું શિક્ષણ જે જૂની ધાર્મિક અને આધ્યાત્મિક ગણાતી સંકલ્પનાઓને બાજુ પર મૂકીને અને એ જીવનનાં મૂળને સમજવા અને પામવાનું ચાવીરૂપ તત્ત્વ.'

ઉપરોક્ત વ્યાખ્યાઓનું વિશ્લેષણ કરીએ તો આપણાં મનમાં વાસ્તવિક શિક્ષણની એક સુસ્પષ્ટ વિભાવનાનું ચિત્ર ઊભરી આવશે.

**જીવાતું જીવન અને વાસ્તવિક શિક્ષણ**

અહીં બંને વિચારકોની એક વાત સામાન્ય છે અને એ છે આપણાં જીવનને શિક્ષણ સાથે સાંકળવાની વાત. જીવનને શિક્ષણ સાથે અવિભાજ્ય રીતે જોડી દઈને આપણે વાસ્તવિક શિક્ષણને સમજવું પડશે અને એટલે શિક્ષણનો પેલો સંકુચિત અર્થ 'માહિતીના સંગ્રહવાળો' – બાજુ પર રાખી દેવો પડશે અને એ પણ સમજી લેવું પડશે કે ચોક્કસ ખંડની ચાર દીવાલો કે સુનિશ્ચિત ચોપડીઓનાં પાનામાં સમાવિષ્ટ માહિતીનાં જોરદાર પ્રવચનોને પણ શિક્ષણ ન કહી શકાય. કેમ કે 'Not all classrooms have four walls.' અહીં જે વાત કરવાની છે એ સમગ્ર જીવનને સ્પર્શતા શિક્ષણની કરવાની છે, જેને આપણે કેળવણી પણ કહી શકીએ. અને કેળવણીનો અર્થ થાય, 'એક ખરબચડા પથ્થરમાં અદશ્ય શિલ્પની જેમ માણસમાં રહેલ ભાવના, કરુણા, દયા, સર્જનાત્મકતા અને મૌલિક વિચારપ્રક્રિયા જેવા સારા મનુષ્યત્વ તરીકેનાં ગુણોને યોગ્ય આકારમાં સંવર્ધિત કરી મૂકવો.' આવા શિક્ષણની શરૂઆત બાળકના જન્મથી જ થાય છે. સમજનાં બીજ બાળમાનસમાં અંકુરિત થાય છે ત્યારે તે ઘરમાં કે આસપાસનાં વાતાવરણમાં જે કંઈ પ્રત્યક્ષ વ્યવહાર જુએ છે ત્યાંથી જ શિક્ષણની યાત્રા અનૌપચારિકરૂપથી શરૂ થઈ જતી હોય છે અને પછી જીવનભર એ યાત્રામાં અવનવા મુકામ આવતા જ રહે છે. એ રીતે જોઈએ તો આપણે સૌ જીવનભર કંઈ ને કંઈ શીખતાં જ રહીએ છીએ – આજીવન વિદ્યાર્થી !

શિક્ષણનાં ફળદ્રુપપણાનું પહેલું સોપાન બાળક કે વિદ્યાર્થીનાં મનની શાંત પરિસ્થિતિ છે અને એ પરિસ્થિતિને સમજતાં પહેલાં બાળકમાંની કુદરતી સંભાવનાઓને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી શોધી કાઢવી એ પણ જરૂરી ગણાશે, કારણ કે દરેક મનુષ્યની સંભાવના પ્રકૃતિએ અલગ અલગ પ્રદાન કરી છે અને એ સંભાવનાને ઓળખી જઈ મનુષ્યનાં વ્યક્તિત્વને નિખાર આપવો એ વાસ્તવિક શિક્ષણની જવાબદારી બની રહી છે. બીજા સજીવો પાસે વિચારશક્તિ ન હોવાથી માત્ર પ્રશિક્ષણથી આવશ્યકતા પૂરતું શીખી લે છે કે પછી અનુકરણ કરીને જાણી લે છે, પણ મનુષ્યને તો નિત્ય નવી નવી જ્ઞાનની ક્ષિતિજો પાર કરવાની હોવાથી એની વૈચારિક શક્તિને હંમેશાં માંઝતી રાખવી પડે છે.

અનૌપચારિક રીતે બાળક જે કંઈ શીખે છે એનાથી એની વૈચારિક શક્તિને એક દિશા મળે છે અને એ દિશામાં આગળ જતાં તે દરેક પાસું જેવાં કે, માનવસંબંધ, લાગણી,

જીવનમૂલ્યો, ધર્મ, વ્યક્તિ, સમાજ અને દેશ વિશે પોતાની સમજ અનુસાર એક છાપ ઊભી કરે છે અને એ છાપનું પછીથી વિધિવત શિક્ષણ અર્થાત ઔપચારિક શિક્ષણની સાથે સાથે રૂઢિકરણ થતું રહે છે અને અહીંથી શિક્ષણની વાસ્તવિક ભૂમિકા પણ સ્પષ્ટ બની જાય છે, એટલે કે મનુષ્ય ધારી લીધેલી ધારણાઓ, માન્યતાઓ કે પૂર્વગ્રહોને ઓગાળીને જે તે પાસા અંગે યોગ્ય અને સાચી સમજ આપે તે જ વાસ્તવિક શિક્ષણ.

વ્યક્તિનાં અંગત રાગદ્વેષ-મિથ્યાભિમાન આદિનું ખંડન કરીને મનુષ્યત્વનું સુપેરે ઉદ્‌ઘાટન કરવાનું કાર્ય તથા પાશવિક વૃત્તિઓનું દમન કરીને ખરા અર્થમાં જે જ્ઞાન છે એને સન્મુખ કરવાનું કામ વાસ્તવિક શિક્ષણનું છે અને જ્યારે આ વિષય ચર્ચાની એરણ પર ચડ્યો છે, ત્યારે દરેક સહૃદયી શિક્ષણપ્રેમી કે વિચારકને પ્રશ્ન થવો ઘટે કે શું આજનું શિક્ષણ વાસ્તવિક રહ્યું છે ખરું ? અને જો નથી રહ્યું તો એનાં કયાં કારણો છે ? ને એ ઉપાયો કયા કયા છે જે શિક્ષણને ખરા અર્થમાં વાસ્તવિક બનાવે ? આવો, ક્રમશઃ ચર્ચા કરીએ :

### શિક્ષણને વાસ્તવિક બનાવનારા ઘટકો

આજની શિક્ષણપ્રણાલિ ખરેખર અવાસ્તવિક બની હોય તો એનાં મૂળ ક્યાં છે ? એ શોધવું પડશે, કેમ કે આજે આપણે જગતનાં શિક્ષણધામોને જોઈશું તો ખ્યાલ આવશે કે એના ઉચ્ચતમ ઉત્કૃષ્ઠ ઉદ્દેશ્યો આજે કઈ દશામાં ભોંયપર પટકાઈ પડ્યા છે ? પશ્ચિમના. દેશોમાં આશરે ૨૦ લાખ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષણ પદ્ધતિનાં ખોખલાં, રૂઢિગત માળખાથી ઊબકી જઈને સમગ્ર શિક્ષણ પદ્ધતિનો બહિષ્કાર કરીને શિક્ષણ જગતના માંધાતાઓનાં મોં પર સણસણતો તમાચો મારીને દુનિયાને વિચારતી કરી મૂકી છે. તેમના સવાલો છે શિક્ષકોને, સમાજને અને ખુદનાં મા-બાપની સામે કે વરસોથી ચાલી આવતી આ શિક્ષણપદ્ધતિથી હાંસલ શું થયું ? કઈ નવી ઉપલબ્ધિ મેળવી આપણે શિક્ષણથી ? કારકિર્દી જ જો એનું ધ્યેય હોય તો અમારે અમારાં કિંમતી પંદર-સત્તર વરસો નથી વેડફવા, કારણ કે ભણ્યા વિના પણ પૈસા કમાઈ શકાશે. હળ ચલાવતો ખેડૂત કે જોડાં સીવનાર મોચી કહેવાતા સાક્ષર કરતાં સુખચેનથી જીવનનિર્વાહ કરે જ છે. સમાજ જે રૂઢિઓ, માન્યતાઓ, અંધશ્રદ્ધાઓથી ગઈ કાલે પીડિત હતો એવો જ આજે ય છે. અણુબૉમ્બ બનાવવાથી કે ચંદ્ર ઉપર જઈ આવવાથી માણસ આગળ નથી વધી ગયો. એનાં મનની સંકુચિતતા, રાગદ્વેષ, હિંસાની ભાવના એ બધું તો હજુ ઠેરનું ઠેર રહ્યું છે – તો ? તો શિક્ષણની વાસ્તવિક નીપજ શું આટલી જ ?

પંદર-સત્તર વરસની તપસ્યા બાદ મળે છે શું ? પ્રશ્નોથી પીડિત અસ્પષ્ટ વિચારોથી ત્રસ્ત, સંદિગ્ધ અને અસંતુલિત મન ? તથા માત્ર સ્મૃતિ અને માહિતીની ધજાપતાકા સમુ શૈક્ષણિક પરીક્ષાનું પ્રમાણપત્ર જ પ્રાપ્ત કરવાનું હોય તો ન ખપે એ શિક્ષણપ્રણાલી. આ વિદ્રોહની સાથે સાથે આપણને ખ્યાલ આવે છે શિક્ષણદરના ઘટાડાનો. શિક્ષણપ્રત્યે ઉદાસીન વિદ્યાર્થીઓ અસામાજિક પ્રવૃત્તિઓ તથા ગુનાખોરીની દુનિયામાં પ્રવેશ પામી જતાં જોવા મળે છે. આજે આપણા સમાજનો એક ખાસ વર્ગ પોતાનાં બાળકોને શાળાએથી ઉઠાડીને નાના-મોટી મજૂરી કરાવવા મોકલી દેતો જોવા મળે છે. જે બાળકોને જીવનોપયોગી શિક્ષણ મળવું જોઈએ તે ઉંમરે બાળક પાસેથી કમાણીની આશા કરતાં મા-બાપ અને સમગ્ર સમાજે એ જાણી લેવું જોઈએ કે આઝાદી બાદનાં વર્ષોમાં બાળ મજૂરીનું પ્રમાણ કેટલી હદે વધ્યું છે ? એક સર્વેક્ષણ અનુસાર બાળમજૂરોની સંખ્યા ૯૦ લાખમાંથી ૮ કરોડ થઈ છે...!

આ માટે શિક્ષણ જ જવાબદાર છે એમ કહીને શિક્ષણ જગત પર ખુલ્લો આક્ષેપ કરવાનો ઈરાદો નથી. આ તો એક વિષચક્ર છે જે ગોળ-ગોળ ફરતું રહે છે. મજૂરી કરાવનાર મા-બાપ લાચારીપૂર્વક બાળકને આ ગર્તમાં ધકેલે છે કારણ કે ગરીબી છે, ગરીબી પણ એટલા માટે છે કે વસ્તીવધારાના વિસ્ફોટને આપણે ખાળી નથી શક્યા. બિહારમાં વિદ્યાર્થીઓએ હાલમાં જ એક સરઘસ કાઢીને માંગણી કરી હતી કે, 'અમને બેસવા માટે ઓરડા, ભણવા માટે બ્લૅકબૉર્ડ અને વાંચવા માટે ચોપડીઓ આપો. અમારા રસને પોષે એવો શિક્ષક અમને આપો.' – આ હાલત વિષચક્ર છે. શિક્ષણની વ્યાપ્ત આ સમસ્યાઓનાં ઉકેલ માટેનું એક આશાકિરણ વાસ્તવિક શિક્ષણ કહી શકાય, પણ એય કેટલું ધૂંધળું ?

વાસ્તવિક શિક્ષણને અવાસ્તવિક બનાવનારાં ઘટકો વિશે જોઈએ તો એવા તત્ત્વો શિક્ષણપદ્ધતિમાં વ્યાપ્ત છે કે જે શિક્ષણપ્રણાલીને નકામી સાબિત કરી રહ્યાં છે. એવાં તત્ત્વો આ રહ્યાં....

(૧) મહત્ત્વાકાંક્ષા, (૨) લદાયેલું અનુશાસન, (૩) સ્મૃતિ આધારિત પરીક્ષાપદ્ધતિ તથા ગેરરીતિઓ (૪) તુલનાત્મક મૂલ્યાંકન અને ગોખણપટ્ટી, (૫) ભ્રષ્ટાચાર અને લાયકાત વિનાનાં શિક્ષકો. (૬) વાસ્તવિક શિક્ષણ કઈ રીતે ? એનું ધ્યેય શું ? (૭) સૌની નજર શિક્ષણ પર જ શા માટે ? (૮) શિક્ષકો અને શિક્ષણપ્રેમીઓનું કર્તવ્ય. (૯) સ્વયં જાગૃતિ માટે હવે શિક્ષક શું કરી શકે? હવે આપણે જોઈએ એક એક મુદ્દાને :

**૧ મહત્ત્વાકાંક્ષા :**

એક સૂફીકથા યાદ આવે છે, જેમાં એક ફકીરે એક દાનેશ્વરી સમ્રાટ પાસે પોતાના ભિક્ષાપાત્રને છલકાવી દે એટલી ભિક્ષાની અપેક્ષા વ્યક્ત કરી. સમ્રાટે પોતાનો ખજાનો ખાલી કરી દીધો છતાં ખાલીખમ ભિક્ષાપાત્ર સાથે ઊભેલા ફકીરને હારીને સમ્રાટે પ્રશ્ન પૂછ્યો કે તારા ભિક્ષાપાત્રને કયા મંત્રોથી સિદ્ધ કર્યું છે ? – ત્યારે ફકીરે એક શબ્દમાં એ મંત્રનું ઉચ્ચારણ કર્યું – 'મહત્ત્વાકાંક્ષા' હાલની મેકોલે શિક્ષણપદ્ધતિનું સૌથી મોટું દૂષણ આ છે. બાળકના મનમાં મહત્ત્વાકાંક્ષાનાં બીજ આપણી શિક્ષણપદ્ધતિએ રોપ્યાં છે જે ઉંમરના વધવાથી વટવૃક્ષ બનીને પાંગરે છે. ઔપચારિક કે અનૌપચારિક શિક્ષણમાં આપણે બાળકને મહત્ત્વાકાંક્ષી બનાવીએ છીએ. 'બીજાંઓ કરતાં કંઈક વધુ, બીજાઓ કરતાં હંમેશાં આગળ' – આ રટણ બાળકનાં માનસમાં એક જાતનો તનાવ પેદા કરે છે અને એ તનાવગ્રસ્ત બાળક સતત એ પેરવીમાં રહે છે કે, 'પોતે સફળ કેમ થઈ શકે ? પોતાની જ બધે જીત કેમ થઈ શકે ?' અને આ ઘેલછા સાથે તે એક દોડમાં સામેલ થઈ જાય છે. જે કદીય ખતમ નથી થતી. આ મહત્ત્વાકાંક્ષા બાળકને એક એવા વર્તુળમાં દોડાવ્યે રાખે છે કે જ્યાં કદીય કોઈ પ્રથમ, કે દ્વિતીય રહ્યું જ નથી.

પરંતુ ઘરમાં, શાળામાં કે સમાજમાં સફળ વ્યક્તને જ પ્રેમ, આદર કે માન મળે છે એ બાળક સમજે છે અને એટલે જ પછી એ હારવાનું પસંદ કરતો નથી. એ વર્ગનાં નવ્વાણું છોકરાં – છોકરીઓને પાછળ રાખીને હંમેશાં પ્રથમ આવવાનું પસંદ કરશે અને વાસ્તવિકતા એ છે કે વર્ગમાં કે જીવનમાં બધાં જ પ્રથમ નથી આવવાનાં. પરિણામે બાળક ખીજવાઈ જશે અને બીજાંને પછાડીને પોતાનું સ્થાન મજબૂત કરવા પ્રયત્ન કરવામાં પોતાની સત્ત્વશીલ શક્તિને વેડફી નાખશે અને એ એક અસ્વસ્થ મનનું નિર્માણ કરશે. જે જીવનભર અન્યની ઈર્ષા, જલન માટે ખર્ચાશે. આ મહત્ત્વાકાંક્ષાના બુખાર થકી શિક્ષણ અવાસ્તવિક બન્યું છે.

**૨. લદાયેલું અનુશાસન**

મહત્ત્વાકાંક્ષા જેવું જ ઝેરીલું તત્ત્વ છે. 'લદાયેલું અનુશાસન' જેની શિક્ષક તથા મા-બાપને વધુ ચિંતા હોય છે. વિદ્યાર્થીનાં શાળામાં તથા સમાજમાં નઠારા વર્તનની અને એટલે જ કદાચ બાળકને વશમાં રાખવાનો ઉપાય યોજે છે. જે નિષેધાત્મક શિસ્ત બનીને બાળકને પરેશાન કરી મૂકે છે.

જાપાનમાં બનેલ એક વરવા બનાવથી આપને આ શિસ્તની ભયંકરતાનો ખ્યાલ આવશે. જાપાનની એક શાળામાં વિદ્યાર્થિની પ્રાર્થના હૉલમાં માત્ર અડધી મિનિટ મોડી દાખલ થતી હતી એ જોતાં શિક્ષકે પ્રાર્થના હૉલનું લોખંડનું ભારેખમ શટર નીચે સરકાવી દીધું. જેની હેઠળ એ વિદ્યાર્થિનીનું શરીર ચગદાઈ ગયું ! – માનવ સ્વભાવથી વિરુદ્ધ વર્તન એટલે જ બાળકોમાં લદાયેલ કડક શિસ્ત ! જે કૃત્રિમ બંધનો બાળકની સાહજિકતાને વિચ્છિન્ન કરી નાખે છે અને બાળકમાં ભય, બદલાની ભાવના, તોડફોડ, ધિક્કાર અને તિરસ્કારમાં ભાવ જન્માવે છે અને જતે દહાડે આ ભાવથી પ્રેરિત થઈ તે વિદ્યાર્થી વિશ્વ માટે એક વિદ્રોહી નાગરિક બનીને ઊભો રહી જાય છે. બાળકની પ્રતિભાનાં પુષ્પને ક્રૂરતાથી મુરઝાવી દેનાર 'શિસ્ત' કઈ રીતે વાસ્તવિક શિક્ષણનો ભાગ બની શકે ?

**૩. સ્મૃતિ આધારિત પરીક્ષાપદ્ધતિ તથા ગેરરીતિઓ**

'ન જોઈએ આ પરીક્ષાપદ્ધતિ' – એવા મથાળા હેઠળ બોર્ડની પરીક્ષામાં નિબંધ પુછાતો હોય ત્યારે વિચાર થાય કે કેવળ સ્મૃતિના આધારે યાદ રાખવામાં આવેલી માહિતીને ૩ કલાકના સમયગાળામાં ઠાલવીને પોતાની જાતને ગોલ્ડ મેડાલિસ્ટ કહેનાર વિદ્યાર્થી શું ખરેખર જે તે વિષયમાં એટલું જ્ઞાન ધરાવે છે કે એને માર્ક્સ અપાયા છે ? પ્રજ્ઞાશીલ વિદ્યાર્થી પાછળ કેમ ? માત્ર યાદશક્તિ જ શિક્ષણનું અંતિમ મૂલ્યાંકન શા માટે ? સ્મૃતિ એ યાંત્રિક પ્રક્રિયા છે. જ્યારે બુદ્ધિ એ સર્જન પ્રક્રિયા છે. બુદ્ધિ એ સંભાવ્ય અભિગમ અજ્ઞાત તત્ત્વો તરફ પ્રેરિત કરતું એક જીવંત તત્ત્વ છે. તો પછી પરીક્ષાઓમાં બૌદ્ધિક વિદ્યાર્થીઓની અવહેલના શા માટે ? પ્રથમ આવવાની ઘેલછામાં વિદ્યાર્થી માત્ર સ્મૃતિને જ નહીં પણ ચોરી જેવા અક્ષમ્ય અપરાધોવાળા રસ્તાનો પણ ઉપયોગ કરે છે. અહીં મહત્ત્વાકાંક્ષા છૂપો સાથ દે છે...! તો લદાયેલું શિસ્ત છાનીમાની ચોરી કરવાની પ્રેરણા આપે છે. વરસભરની મહેનત રંગ લાવવી જોઈએ એના બદલે અહીં તો શેર સપાટા કરીને વરસ ગાળીને પરીક્ષા દેનારનાં પ્રમાણપત્રો એટલાં તો નયનરમ્ય હોય છે કે શિક્ષણજગત એના પર ગર્વ લે છે ! ને દૂર અંધારામાં ઊભેલ નાસીપાસ બૌદ્ધિક વિદ્યાર્થી હીનતાની ભાવનાથી પીડાય છે. જે કોઈ પણ શિક્ષણપ્રેમીને (!) નથી દેખાતો કે શું ?

**૪. તુલનાત્મક મૂલ્યાંકન અને ગોખણપટ્ટી**

ગુજરાતના એક નાના કસબાની શાળામાં બનેલ એક બનાવ જોઈએ. વર્ગમાં અંગ્રેજીના શિક્ષક જે સ્પેલિંગ પૂછે એ એક છોકરાને હંમેશાં આવડે જ. આથી શિક્ષક એની તુલના વર્ગના એક ઠોઠ વિદ્યાર્થી સાથે કરીને રોજ એને હડધૂત કરતાં કહેતો રહે છે કે,. 'તું આ છોકરા જેવો હોશિયાર નથી. બાળક મૂંઝાય, લઘુતાગ્રંથિથી પીડાઈને જોઈ રહે પછી એક દિવસ શિક્ષક એ ઠોઠ વિદ્યાર્થીનાં વાલીને

કહેતો હતો કે તમારા છોકરાને જેટલું અંગ્રેજી આવડવા માંડ્યું છે એ જોઈને હું ખૂબ ખુશ છું – બારસાખ પકડીને ઊભેલો કિશોર. 'ગોખણપટ્ટી ઝિંદાબાદ' – બોલીને બહાર છટકી ગયો. આવા અવાસ્તવિક શિક્ષણને સમજવામાં હવે વધુ શું ખુલાસો કરવો

**૫. ભ્રષ્ટાચાર અને લાયકાત વિનાનાં શિક્ષકો**

'અમે તો અમારા દીકરાને લાખ રૂપિયાના ડોનેશનથી કેમિકલમાં પ્રવેશ અપાવ્યો.' – મેં જ્યારે દસ વરસ પહેલાં નોકરી જોઇન્ટ કરી ત્યારે દસ હજારમાં વાત પતી હતી અને આજે મારાં ભાણેજને એ જ નોકરીએ રખાવવા માટે બે-અઢી લાખ સુધીની બોલી બોલાય છે – આ સંવાદો સૌને કોઠે પડી ગયા છે. શિક્ષણની રગોમાં આજે ભ્રષ્ટાચારનાં એરુંનું ઝેર એટલી હદે પ્રસરી ગયું છે કે એ વિકૃતિનાં વમળમાં સપડાઈ ગયું છે, જ્યાં – બસ પૈસાથી જ પેટ ભરતા કહેવાતા શિક્ષણશાસ્ત્રીઓ શું શિક્ષણનું હાર્દ વિસરી ગયા છે ? નર્સરી સ્કૂલ, સ્કૂલ, કૉલેજ, યુનિવર્સિટી, નોકરી... દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર જ ભ્રષ્ટાચાર. ડોનેશન, નૈવેદ્ય, લાંચ.. આપીને નોકરીએ ચઢેલ શિક્ષક વિદ્યાર્થીઓમાં સંસ્કારો આપી શકે ખરો ? ઓછી લાયકાતવાળા આગળ હોય ત્યારે શું એ સઘન નેતૃત્વ પૂરું પાડીને સંઘને સુપેરે જાતરાએ પહોંચાડે ખરો ? પોતે જ જ્યાં અધૂરિયો હોય ત્યાં એ વિદ્યાર્થીઓની જ્ઞાનપિપાસા બૂઝાવે ખરો ? આ સિવાય પણ શિક્ષણને અવાસ્તવિક કરી દેનારાં બીજાં પરિબળો છે. શિક્ષણનાં હાર્દને છિન્ન ભિન્ન કરી દઈને જીવન અને શિક્ષણ વચ્ચે જે અવિભાજ્યતા હોવી જોઈએ એનાં બદલે જીવન અને શિક્ષણની વચ્ચે ઊંડી અને કદીય ન પુરાનારી ખાઈ ખોદી દે છે ત્યારે આપણને પૃચ્છા થાય કે શું એ ખાઈ પૂરી શકાય ખરી ? શું શિક્ષણને વાસ્તવિક બનાવી શકાય ખરું ? તો, તે કઈ રીતે ?

**૬. વાસ્તવિક શિક્ષણ કઈ રીતે ? એનું ધ્યેય શું ?**

'જેમ જમીનમાં વાવેલ બીજ અંકુરિત ન થાય ત્યાં સુધી સૂર્યકિરણને પામવાની એક તીવ્રતમ પ્યાસને લઈને એ અંદર-અંદર પ્રસવપીડા સહન કરે છે એવું જ કંઈક અવાસ્તવિક શિક્ષણથી પીડિત થયેલ માણસ પણ ભોગવે છે અને એ પીડાને ખતમ ત્યારે કરી શકાય જ્યારે એને એના જીવનનું મૂળ ધ્યેય સમજાઈ જાય. – અને આ કામ વાસ્તવિક શિક્ષણ કરી શકે. પાશવિકપણાને નાથીને માનવીય ગુણધર્મોને પ્રકટ કરી દે એ જ કહેવાય છે વાસ્તવિક શિક્ષણ.'

જેમાં કોઈ જ હરીફાઈ ન હોય, ન હોય કોઈને પાછળ રાખીને આગળ નીકળી જવાની દોડ. બીજાને ટોચ ઉપર જોઈને મનને હીનતાથી, ઈર્ષાથી ભરી દેનાર મૂલ્યાંકન પણ ન જોઈએ. કેવળ ભૌતિક સમૃદ્ધિમાં વૃદ્ધિ કરીને બધું પામ્યાનો ઢોંગ પણ અહીં અક્ષમ્ય છે. અહીં જે છે એ એકદમ સરળ, પ્રકૃતિગત સંભાવનાઓને નિખારતું, મનમાંથી વિકારોને મીટાવતું, સર્વ પ્રત્યે સમભાવ પ્રદર્શિત કરતું, મિથ્યા વસ્તુઓને ફેંકી ચૂકેલું અને પોતાની જાતને અતિક્રમી ગયેલું એક પરમ આનંદ અને શાંતિથી પ્રકાશિત ચેતનતત્ત્વ મનુષ્યની અંદર છે અને એ જ ચેતનતત્ત્વને પ્રકટાવનાર શિક્ષણ એ જ વાસ્તવિક શિક્ષણ.

વરસોથી, સદીઓથી ચાલ્યા આવતા રિવાજો, પરંપરાઓ, રૂઢિઓ, માન્યતાઓને ખંડિત કર્યા વિના એને વૈજ્ઞાનિક દષ્ટિકોણથી જોવાનું પણ ત્યારે જ શક્ય બનશે જ્યારે શિક્ષણ તમામ માટે વાસ્તવિકતાનાં વાઘા (વસ્ત્રો) પરિધાન કરશે. અર્થાત્ માત્ર સ્મૃતિને જ નહીં, પણ જીવનનાં અન્ય પાસાંઓ કે જે સ્મૃતિ કરતાં ક્યાંય વધુ મહત્ત્વનાં છે, જેવાં કે, સર્જનાત્મકતા, સદ્ભાવ, કરુણા, સહાનુભૂતિ, પ્રેમ... એટલે કે સંપૂર્ણ મનુષ્યત્વથી સભર એક વિશ્વમાનવ જે ખરેખર જ આ દેશ કે દુનિયાને તિલાંજલિ આપીને જીવી શકે, ધબકી શકશે, બીજાને જીવાડી શકશે, કુદરત સાથે વાર્તાલાપ કરીને મુક્તમને હસી-હસાવી શકશે. આવા નિર્ભેળ આનંદને માણનાર એક સાચા મનુષ્યનું અવતરણ કરનાર શિક્ષણ જ સાચી કેળવણી બની રહેશે.

સોક્રેટીસે એક વાર કહેલું કે,. 'હું એ માણસોને શિક્ષક માનું છું કે જે અપ્રકટ ને પ્રકટ કરી દે. જેમ સુયાણી માતાને પ્રસવ કરાવીને બાળકને પ્રકટ કરે છે એવું જ કામ શિક્ષકનું છે.' – અર્થાત્. જે કંઈ. અપ્રકટ છે, જેને જાણવું જરૂરી છે, પણ હજી સુધી જણાયું નથી. એવા કંઈક જીવનગત અજ્ઞાત તત્ત્વોનું પ્રાકટ્ય જીવનમાં કરી દે એ જ છે સમ્યક શિક્ષણ. એ ભલે પંખીના ટહુકામાંથી મળ્યું હોય, બસની ગિરદીમાંથી શિખ્યું હોય, રાતનાં અંધારામાં જોયું હોય... એ શિક્ષણ જ છે જે માણસને ભીતરથી જગાડે. બહિર્મુખ ઇન્દ્રિયોને અંતર્મુખ કરી મનુષ્યગત મૂળભૂત તત્ત્વોનો ભેટો કરાવે એ જ સાચું શિક્ષણ છે.

નિત્ત્શે હંમેશાં કહેતા. 'લીવ ડેન્જરસ' – ખતરામાં જીવો. આપણી કેળવણીએ આ સૂત્ર અપનાવવું પડે. બંધિયાર, અપરિવર્તનશીલ તળાવમાંથી નીકળીને આપણે અદીઠ માર્ગોએ દુર્ગમ્ય પહાડો સાથે અથડાઈને આગળ વધતાં ઝરણાં જેવું જીવતાં શિખવાનું છે અને વાસ્તવિક શિક્ષણ આપણને જીવનની વિકૃતિઓરૂપી ખતરાઓ સામે લડીને ઝરણાની જેમ જીવનનો માર્ગ કાઢવો કઈ રીતે ? એ શિખડાવશે ત્યારે જ તેનાં ધ્યેયનું સાર્થક્ય સાબિત થશે.

આજે જરૂર ઊભી થઈ છે માનવજાતિના પુનરુદ્ધારની – પુનર્નિર્માણની. વિશ્વમાં આજ સુધી અનેકાનેક ક્રાંતિઓ થઈ છે, પરંતુ આપણે જે કંઈ પામવાનું છે એ હજુ સુધી એકેય ક્રાંતિનાં ફળ સ્વરૂપે નથી પામ્યા. અને એટલે જ સૌની નજર ત્યાં જાય છે કે જ્યાંથી કશુંક નક્કર પરિણામ મેળવવાની સંપૂર્ણ ખાતરીભરી ધરપત દેખાય છે. આ ક્ષેત્ર એટલે જ શિક્ષણનું ક્ષેત્ર.

### ૭. સૌની નજર શિક્ષણક્ષેત્ર પર જ શા માટે ?

એટલા માટે કે શિક્ષક અને વિદ્યાર્થી એ આ ક્ષેત્રનાં જીવંત માધ્યમો છે. શિક્ષક જો શિક્ષણજગતનું ચાલકબળ હોય તો વિદ્યાર્થી શિક્ષણનો જરૂર આત્મા કહી શકાય. સદીઓથી શિક્ષકનું સ્થાન સમાજમાં આદરભર્યું રહ્યું છે, પરંતુ હવે દરેક શિક્ષક એ આદરને પાત્ર રહેશે કે કેમ એવી સ્થિતિ પણ ડગમગી રહી છે, ત્યારે દરેક શિક્ષકે એ સમજી લેવું જોઈએ કે પોતાનું સમાજ પ્રત્યેનું ઋણ અદા કરતું ઉત્તરદાયિત્વ શું હોવું જોઈએ. શિક્ષક પાસે હજુ આ ઘડીએ પણ એક તાકાત છે કે જે સમગ્ર સમાજને બદલાવી નાખે. બાળકને વિચારો કરવાની, પ્રશ્નો પૂછવાની જિજ્ઞાસા જગાડી શકનાર શિક્ષક ખરા અર્થમાં શિક્ષણની વાસ્તવિક યથાર્થતા સાબિત કરી શકે. માત્ર ૨૦ વર્ષના સઘન પ્રયાસો જો શિક્ષણને ચાહનાર તમામ વર્ગ કરે તો જરૂરથી રચનાત્મક પરિણામો મેળવી શકાય. કારણ કે, ૨૦ વર્ષે એક સશક્ત પેઢી તૈયાર થઈ શકશે અને પછીનું કાર્ય તો સરળ બની જશે. કેમ કે પછી માત્ર વિચારોનું પ્રક્ષેપણ જ કરવાનું રહેશે, પરંતુ આજે જે કરવાનું છે એ બહુ અઘરું ભલે હોય, કઠિન નથી. અત્યારે તો એકડો ઘૂંટીને બધી શરૂઆત કરવાની છે ત્યારે પહેલાનાં રૂઢિગત જડ વિચારોને પ્રસંગોપાત્ત ભૂંસી નાખવા પડશે, કારણ કે યુગે યુગે સત્ય બદલાય છે, માટે જ એમાં ફેરફાર કરવો અનિવાર્ય બને છે અને આ શિક્ષકો જ કરી શકે, કારણ કે ચાણક્યે કહ્યું છે એમ :. 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા ? પ્રલય ઔર સર્જન ઉનકી ગોદ મેં ખેલતે હૈં !'

### ૮. શિક્ષકો અને શિક્ષણપ્રેમીઓનું કર્તવ્ય

**હમારે ખ્વાબ અપને હૈ, ન ગમ કી ડોર હાથો મેં**
**લકીરે તો સુનહરી હૈ મગર કમજોર હાથો મેં.**

આપણું ભવિષ્ય આપણે રાજકારણી નેતાઓ અને તથાકથિત ધર્મગુરુઓ કે મહાત્માઓનાં હાથોમાં સોંપીએ છીએ એના કરતાં એવી લગામ શિક્ષકોને સોંપી દઈએ તો જીવનમાં સત-ચિત-આનંદનો આવિષ્કાર થઈ જશે. નવી પેઢીને વિનાશના માર્ગેથી પાછી વાળી લેવાની તાકાત શિક્ષકો, બૌદ્ધિકોનાં હાથમાં આજે પણ છે. માત્ર એમણે કટિબદ્ધ થઈને હિંમતભેર એક ક્રાંતિ – મશાલ સળગાવવાની છે અને આ માટે શિક્ષકોએ સ્વયં જાગ્રત થવાની ખાસ જરૂર છે.

### ૯. સ્વયં જાગૃતિ માટે શિક્ષકે શું કરવું જોઈએ? :

- બાળકોને શિખવવાનો વિષય અને તેને લગતાં તમામ પાસાંનું વ્યાપક તથા અનુભવલક્ષી જ્ઞાન હોવું જોઈએ.
- પોતે 'સર્વ' અને 'અંતિમ' છે એ મિથ્યાભિમાન-માંથી મુક્ત થવું.
- જગતનાં અંતિમ હેતુની કલ્પના વિશે વિદ્યાર્થી કરતાં તેના હૃદયનો સેંકડોગણો વિકાસ કરવો.
- શિખવવાની પદ્ધતિઓમાં સતત-હંમેશાં નાવીન્ય લાવવું.
- બાળકની અસમજ, વિતંડાવાદ વખતે અપાર ધીરજ કેળવવી.
- સદાય પ્રસન્ન મુદ્રામાં જ વિદ્યાર્થી સમક્ષ જવું.
- હજુ અમલી નથી બની શક્યાં તેવા સામાજિક વિષયોમાં પારંગતતા કેળવવી.
- પોતાની વૃત્તિને ધ્યાન પર ન લેતાં બાળકોની વૃત્તિને ધ્યાને લઈને પોતાના સમગ્ર વ્યક્તિત્વનું ઘડતર કરવું.
- અત્યાધુનિક સાધનો દ્વારા જ નહીં બલકે પોતાના વર્તન દ્વારા દાખલો બેસાડવાની ભાવના રાખવી. દા.ત., ચારિત્ર્યશીલતા, સૌજન્ય, વિવેક.
- ભારેખમ વિષયને વાર્તારૂપે શિખવવાની કળામાં નિપુણતા પ્રાપ્ત કરવી. દા.ત., ઇતિહાસનો કોઈ પાઠ.
- સમાજમાં પ્રવર્તતી સમસ્યાઓનું જ્ઞાન અને જાગૃતિ ખાસ કેળવવાં.
- પોતાના દુરાગ્રહો બાળકો પર કદીય ન થોપવા. દા.ત., અમુક રીતથી, અમુક કામ કરી જ નાંખવું.
- બાળકોના 'ચમત્કારિક પ્રશ્નો' કદીય ન ટાળવા દા.ત., વૃક્ષને શરદી કેમ નથી થતી ?
- અમુક મુદ્દો સમજાવવામાં પોતે નિષ્ફળ જાય ત્યારે ખેલદિલીથી સ્વીકારી લેવાની વિનમ્રતા કેળવવી.
- બાળક બેધડક પોતાને સવાલ કરી શકે એવું સહૃદયી બનવું.
- મહિનાનો પગાર અને સમાજમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન જ અંતિમ ધ્યેય ન બને તે માટે સતત પોતાની ભૂમિકાને ગંભીરતાથી મૂલવવી.
- બાળકોની કલ્પનાશક્તિ, મૌલિકવિચાર પ્રક્રિયા અને સર્જનશીલતા કદીય કુંઠિત ન બને તે માટે એને પોષતા પ્રયાસો કરવા ચિંતનશીલ બનવું.

- અન્યની હાજરીમાં કોઈ પણ બાળકને ઉતારી ન પાડવો કે ન તેની સરખામણી કરવી.
- હોશિયાર બાળક તરફ પક્ષપાતભર્યું વલણ કદી ન રાખવું.
- શિક્ષણમાં કે સમાજમાં જે કાંઈ ખોટું થાય છે કે થઈ રહ્યું છે એ વિશે હંમેશાં નીડરતાથી સત્ય વાત કહેવી
- સ્મૃતિ અને બુદ્ધિમાં, બુદ્ધિને સતેજ કરવી અને અજ્ઞાત, નવીન બાબતોનું જ્ઞાન આપવું.
- દૂરથી સંભળાતા પ્રકૃતિનો અપરિચિત અવાજ સાંભળીને બાળકોને પણ એ સંભળાવવો.
- દરેક ફિંગરપ્રિન્ટ જેમ અનોખી છે એમ દરેક બાળકમાં રહેલી વ્યક્તિત્વની સંભાવના, શિખવાની રીત, જે-તે વિષયની રુચિ પણ અનોખી છે એ વાતને મોનવૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમજવી.
- નાત-જાત-ઊંચ-નીચ નહીં, પણ આપણે સૌ એક માનવ છીએ અને આપણામાંનાં મનુષ્યત્વને પૂર્ણતઃ પ્રકટ કરવું છે. એ બોધ સર્વદા આપવો.

આટ આટલી જાગ્રતતા કેળવ્યા પછી શિક્ષક વિદ્યાર્થી પાસે જાય એને આવકારવા, ગળે લગાડવા, અરે કહો કે માથે મૂકીને નાચવા કયો વિદ્યાર્થી તૈયાર ન થાય? આટ-આટલું એક જ વ્યક્તિમાં કેળવવું જરા મુશ્કેલ કામ છે, પરંતુ આ સમાજે જે સ્થાન એને આપ્યું છે એની આટલી કિંમત હોઈ શકે એવો આ સમર્પિત વ્યવસાય છે.

અહીં માત્ર શાળા કે કૉલેજનાં શિક્ષકોની જ વાત નથી. બાળકનાં ઉછેર અને વ્યક્તિત્વઘડતર સાથે સંલગ્ન દરેક પક્ષને આ વાત લાગુ પડે છે, જે કંઈક બદલાવ, પરિવર્તન લાવવા માટે નક્કર ભોગ જરૂરી બની જાય છે, જ્યારે અહીં તો સમગ્ર માનવના વ્યક્તિત્વમાં પરિવર્તનની વાત છે. ત્યારે આપણે તો માત્ર સ્વભાવ અને કેટલીક જડ પદ્ધતિઓ જ બદલાવવાની છે.

આજ સુધી આપણે બાળકને ઔપચારિક - અનઔપચારિક શિક્ષણના નામે ગોંધી રાખ્યો હતો એક કોટડીમાં બસ ! હવે એ દ્વાર ખોલી નાખો ! બાહ્યજગતની અદ્‌ભુતતા બાળક એની મેળે જ આત્મસાત કરી લેશે. એનાં દબાયેલા અવાજ **'વોચ મી ગ્રોવ' (મને ઊછેરતો જુઓ)**ને ખાલી કાન નહીં હૃદય ખોલીને સાંભળો.

આ માટે આપણે એ વિચારવું પડશે કે આપણી વિભાવનાઓને સાકાર કરવા માટે આપણે આધાર શેનો લેવાનો ? જવાબ આ રહ્યો - ભાવિ પેઢી માટે શિક્ષણની એક સંકલ્પના તૈયાર થવી જોઈએ, જે કંઈક આ પ્રકારની હોઈ શકે.

(A) સામ્પ્રત શાળાઓની રચનામાં બદલાવ

(B) સામ્પ્રત શિક્ષણપદ્ધતિમાં બદલાવ.

આ માળખામાં પહેલાં તો શાળાઓની રચનાને બદલવા માળખાની સંકલ્પના જોઈએ તો..

'બાળકમાં પ્રકૃતિદત્ત ગ્રહણશક્તિ જ્યારે જાગ્રત હોય ત્યારે જ શીખી શકે અને એ ગ્રહણશક્તિ રમત વખતે અને આનંદ વખતે હોય છે' -- આ મનોવૈજ્ઞાનિક તથ્યો અનુસાર બાળકને વર્ગખંડની દીવાલોમાં વ્યવસ્થિત બેસાડીને શિખવવાને બદલે ખુલ્લું, પ્રાકૃતિક વાતાવરણ આપવું જોઈએ. પ્રવાસમાં ઘૂમતાં કે બગીચામાં કામ કરતાં કરતાં જે શીખે છે એ વર્ગખંડમાં નથી શીખી શકતું. સમયનાં બંધનમાં બાળક કરતાં સમયની બેડીથી મુક્ત એવા ગોવાળિયાઓ જીવનની કળાઓમાં વધુ હોશિયાર હોય છ, જે ધ્યાને રાખવું રહ્યું. 'ઘરથી શાળાએ આવતો બાળક પૂર્ણતઃ ખીલેલાં પુષ્પ જેવો જોઈએ, ચાર્લ્સ ડિકન્સની નવલકથાની જેમ શિક્ષણ અને શિસ્ત માટે એકેય શાળામાં જુલમ ન જ થવા જોઈએ.

**નિષ્કર્ષ**

માળખાની સંકલ્પનામાં જોતાં જ ખ્યાલ આવી જશે કે આપણે આખેઆખી શિક્ષણપદ્ધતિને ફેંકી નથી દીધી, પણ એમાં કેટલુંક ઉમેરીને એને રચનાત્મક અભિગમથી મૂકી છે. જેમાં ભાષાની અભિવ્યક્તિ, દુનિયાની જાણકારી માટેનું વ્યવહારુ વિજ્ઞાન, ગણિત તથા જાણવા લાયક હોય એટલી ભૂગોળ અને ભૂતકાળની માહિતીનો સમાવેશ થઈ જાય છે. ઉપરાંત આધુનિક સાધનો દ્વારા દઢિકરણ પામતું શિક્ષણ વધુ અસરદાર સાબિત થશે.

આ સંકલ્પનાનો અમલ સાચા અર્થમાં શિક્ષણશાસ્ત્રી કહી શકાય તેવા શિક્ષકો દ્વારા અને તે પણ પ્રાથમિક કક્ષાના શિક્ષણથી જ થવો જોઈએ, કારણ કે આ કક્ષાએ એ જે કંઈ શીખશે એની અસર જીવનભર રહેવાની જ છે. માટે જ આ તબક્કે આપેલ જ્ઞાન એનાં જીવનના આકારને મજબૂત પાયા પર ઊભા રહી શકતા પિરામિડ જેવી દઢતા પ્રદાન કરી શકશે. ને એટલે જ પ્રાથમિકકક્ષાએ શિક્ષકત્વથી સભર શિક્ષકોની જરૂરિયાત હાલમાં વરતાય છે. અને આ જ અવસર છે. પ્રાથમિકકક્ષાએ આવતાં બાળકોનાં સમગ્ર જીવનને શિક્ષણની વાસ્તવિક ઉપલબ્ધિઓથી ભરપૂર કરી દેવાનો અને સમસ્ત જીવનને શિક્ષણ સાથે જોડી દઈને એક ભગીરથ કાર્યની શરૂઆત કરવાનો...!

**રેખાબા સરવૈયા**
ડેપ્યુટી કલેક્ટર, કેશોદ
મો. ૯૯૨૫૦ ૧૭૫૮૪

વિશ્વ સાહિત્યની અટારીએથી :

# આયુ ઉતામી :૧૯૬૮ - (ઇન્ડોનેશિયા)

**(Ayu Utami)**

ઇન્ડોનેષશીયન સાહિત્ય એ દક્ષિણ-પૂર્વી એશિયન સાહિત્યના વિવિધ સાહિત્યપ્રકારને એક જ સમૂહમાં આવરી લેતું સાહિત્ય છે. ઇન્ડોનેશિયા ૩૦૦૦ કરતાં પણ વધુ ટાપુઓનો દેશ છે અને તેમાં ૨૦૦ ઉપરાંત ભાષાઓ બોલાય છે. આથી આ તમામ દ્વીપસમૂહોમાં લખાયેલ સાહિત્ય ઇન્ડોનેશિયન સાહિત્ય તરીકે જ ઓળખવામાં સુગમતા રહે છે. ઇન્ડોનેશિયાનું મધ્યકાલીન સાહિત્ય મુખ્યત્વે મલય (Malay) ભાષામાં લખાયેલું છે. આ ભાષાને ૧૯૪૫માં રાજ્યભાષાનો દરજ્જો પ્રાપ્ત થયો હતો. તેનું સાહિત્ય સુમાત્રા, જાવા, બાલી અને લોંબોક વગેરે ટાપુઓની ભાષાઓમાં મૌખિક પરંપરા દ્વારા ઊતરી આવેલું છે. આ ભાષા અને તેમાં લખાયેલ સાહિત્ય ઉપર હિન્દુ અને બૌદ્ધ ધર્મનો પ્રભાવ સવિશેષ જોવા મળે છે, પરંતુ અહીં એ પણ નોંધવું રહ્યું કે મલય ભાષાનો વ્યાપ ફક્ત ઇન્ડોનેશિયાના દ્વીપસમૂહો પૂરતો જ મર્યાદિત ન રહેતાં મલેશિયા, બ્રુનેઈ અને સિંગાપોર જેવા દેશોમાં પણ તેનો વ્યાપક વપરાશ અને ઉપયોગ જોવા મળે છે. આ એ દેશો અને ટાપુઓ છે જેની સાથે ઇન્ડોનેશિયા સૈકાઓથી સામુદ્રીક વ્યાપાર અર્થે જોડાયેલું હતું.

ઇતિહાસના પૃષ્ઠો ઉપર નજર નાખતાં જણાઈ આવે છે કે બારમી સદી સુધી આ મહાકાય દ્વીપસમૂહ ઉપર ethnic અને linguistic લઘુમતીઓનું વર્ચસ્વ હતું. જેના પરિણામે સાચા અર્થમાં 'રાષ્ટ્રીય' કહી શકાય તેવા સાહિત્યનો સદંતર અભાવ હતો. સુદાન, જાવા બાલી, મલેશિયા અને મધ્ય-પૂર્વી દેશોમાં તેનો પ્રસાર હોવા છતાં મલય ભાષા રાષ્ટ્રીય ભાષાના દરજ્જાથી તો વંચિત જ રહી. વીસમી સદીની શરૂઆત સાથે જ મલય ભાષા અને સાહિત્ય માટે હકારાત્મક બદલાવો શરૂ થયા. ઇન્ડોનેશિયાના શિક્ષિત નાગરિકોમાં રાષ્ટ્રીય સાહિત્ય પ્રત્યે જાગરૂકતાનો નવીન સંચાર થતો જોવા મળ્યો. આ માટેનું એક અગત્યનું ઉદ્દીપક હતું – વર્તમાનપત્રો જે શરૂઆતમાં તો ચાઇનીઝ ભાષામાં લખાયાં હતાં, પરંતુ ત્યાર બાદ મલય ભાષામાં લખાવા લાગ્યાં. સ્વાભાવિક છે કે વર્તમાનપત્રોનો બહોળો પ્રસાર અને પ્રચારથી નાગરિકોમાં ઐક્યની ભાવનાનાં બીજ રોપાયાં; જે ક્રમશઃ રાષ્ટ્રીય ચેતનામાં પરિણમ્યાં. આ સાથે સાથે શિક્ષણના વ્યાપે પણ આ ચળવળને વેગવાન બનાવી અને સમાવેશક (comprehensive) ઇન્ડોનેશિયન સાહિત્યના શ્રીગણેશ થયા. આ સમયગાળામાં એક નવી અને અનપેક્ષિત પરંતુ આવકારદાયક ઘટના ઘટી. ઇન્ડોનેશિયા લગભગ ૪૦૦થી પણ વધુ વર્ષો સુધી  ડચ સંસ્થાન હતું. ભારતમાં જેમ અંગ્રેજ સરકારે લૉર્ડ મેકોલેની શિક્ષણનીતિ અંતર્ગત શાળા-કૉલેજોમાં અંગ્રેજી શિક્ષણ અને સાહિત્યનો અભ્યાસ શરૂ કરાવ્યો તેવી જ રીતે ડચ સામ્રાજ્યે પણ ઇન્ડોનેશિયાના લોકોને 'સાક્ષર' બનાવવા માટે સુવ્યવસ્થિત યોજના અનુસાર શાળાઓ શરૂ કરી. આ અંતર્ગત ૧૯૦૮માં હાલની રાજધાની જાકાર્તામાં 'બેલાઈ પુસ્તક'નામની પ્રકાશન સંસ્થા બ્યૂરો ઑફ પૉપ્યુલર લીટરેચરના નેજા હેઠળ સ્થાપી. આ પ્રકાશન સંસ્થા આમ તો સરકારની સીધી દેખરેખ અને નિયંત્રણ હેઠળ જ હતી અને સરકારની ટીકા કરતી હોય તેવી કોઈ પણ કૃતિ કે સાહિત્યના પ્રકાશન ઉપર સંપૂર્ણપણે પાબંદી ફરમાવી હતી; છતાં પ્રથમ પ્રકાશનમાં આ સંસ્થા દ્વારા મલયની સ્થાનિક લોકકથાઓ પ્રકાશિત કરવામાં આવી હતી. ૧૯૧૮માં આ સંસ્થાએ શાળાઓ માટે પાઠ્યપુસ્તકો રચ્યાં અને ૧૯૨૦માં મેરારી સીરેગુર રચિત પ્રથમ મૌલિક કૃતિ 'અજબ સેંગ્સરા સેઓરંગ ગદિસ' પ્રકટ કરી. આમ, ડચ શાસન હેઠળ મૌલિક સાહિત્યને ધીરે ધીરે પણ મક્કમ વેગ અને જોમ મળતાં ગયાં. આ સાથે સાથે શાળાઓમાં પુસ્તકાલયોનું પણ સર્જન થવા લાગ્યું અને ડચ તથા વિશ્વ-સાહિત્યની કૃતિઓનું સ્થાનિક ભાષામાં ભાષાંતરણ પણ થવા લાગ્યું. ૧૯૨૦ થી ૧૯૫૦ના ત્રણ દસકાઓમાં બલાઈ પુસ્તકાએ શિષ્ટ મલય ભાષામાં અગણિત પુસ્તકોનું પ્રકાશન કર્યું.

ઇન્ડોનેશિયન સાહિત્યના આરંભિક તબક્કામાં પાશ્ચાત્ય શૈલીના સાહિત્યની ઊંડી છાપ અને અસર જોવા મળે છે, પરંતુ સમયના બદલાતા પ્રવાહની સાથે સાથે મૌલિક અને સ્થાનિક સર્જનમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી રહી છે. અનેક નવોદિતોમાં અસ્તરૂલ સાની અને તેમની પત્ની સિત્તી નરૈની સાની, બન્દહરો હરહપ, ઉતુય તતગ, એમ. બલ્ફાસ, એસ. એમ. અર્ધન વગેરે ઇન્ડોનેશિયન સાહિત્યના વિકાસમાં સારો ફાળો આપી રહ્યાં છે. પચાસના દશકાના લેખકોનો

ધ્યેય રાષ્ટ્રને સ્વતંત્ર કરવાનું હતું. 'કળા ને ખાતર કલા' (Art for Art's Sake) નહીં, પરંતુ 'સ્વાતંત્ર્ય માટે કલા' (Art for Freedom) તેમનો મૂળમંત્ર રહ્યો છે. અન્ય સાહિત્યકારોમાં ઉસ્માન અવાંગ, સુરતમાન માર્કસન, મસૂરી એસ. એન. અશરફ, અબ્દુલ ગની હમીદ, મુહમ્મદ આરિફ અહમદ વગેરેનાં નામ નોંધપાત્ર છે. સિંગાપોરથી પોતાની કારકિર્દી શરૂ કરી મલેશિયા તથા ઇન્ડોનેશિયામાં સ્થાયી થઈ સાહિત્ય સર્જન કરવામાં અબ્દુલ હમીદ, નોરિદા કાયરી, અબ્દુલ રહેમાન, કાસ્માની ડોલાહનો ઉભરતા લેખકોમાં સમાવેશ કરી શકાય. ઘણા યુવાન ઇન્ડોનેશિયન સાહિત્યકારોની કૃતિઓની નોંધ હવે વૈશ્વિક સ્તરે લેવાની શરૂઆત થઈ ચૂકી છે, જેના પરિણામ સ્વરૂપ આ લેખકોને ઘણા બધા આંતરરાષ્ટ્રીય અકરામોથી નવાજવામાં આવ્યા છે. ઇન્ડોનેશિયાનું સાહિત્ય ભલે હજુ 'વિકસતા સાહિત્ય'ની પંક્તિમાં આવે છે, પરંતુ તે પણ મુખ્ય પ્રવાહના સાહિત્ય (mainstream)ની શ્રેણીમાં આવતા વધુ વાર નહીં લાગે. આ જ કારણથી આ અંકમાં પરંપરાગત 'પ્રખ્યાત'ની વ્યાખ્યામાં ના આવતા એવા એક લેખકના જીવન અને કવન વિશે વાત કરવાની છે.

૨૧મી નવેમ્બર, ૧૯૬૮ના રોજ જન્મેલા આયુ ઉતામી આવા જ એક નોંધપાત્ર ઇન્ડોનેશિયન લેખક છે, જેમણે નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ અને લેખો લખ્યાં છે. પશ્ચિમી જાવાનાં બોગોર (Bogor) પરગણામાં તેમનો જન્મ થયો અને દેશના પાટનગર જાકાર્તામાં તેમનો ઉછેર થયો હતો. યુનિવર્સિટી ઑફ ઇન્ડોનેશિયા ખાતે રશિયન ભાષા અને સાહિત્યમાં અભ્યાસ કરીને સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. કૉલેજનાં વર્ષો દરમિયાન તેમણે અખબારોમાં અહેવાલો અને નિબંધો લખવાનું શરૂ કર્યું. ઇન્ડોનેશિયાના લોકપ્રિય સામયિકો જેવા કે, Humor, Matra, Forum, Keadilam અને B & R માટે તેમણે પત્રકારિતા પણ કરી હતી. ઇન્ડોનેશિયાના શાસક સુહાર્તો દ્વારા ૧૯૯૪માં ત્રણ સામયિકો ઉપર પ્રતિબંધ મુકાયા બાદ તેના વિરોધમાં ઉતામી Alliance of Independent Journalists સાથે જોડાયા હતા અને ભૂગર્ભમાં રહીને પત્રકારત્વનું કાર્ય ચાલુ રાખ્યું હતું; જેમાં સુહાર્તો શાસનમાં ભ્રષ્ટાચાર ઉપરના એક અનામી પ્રકાશનનો પણ સમાવેશ થાય છે. અલબત્ત, સરમુખત્યારશાહી સામેના વિરોધ સબબ ૧૯૯૪માં તેમને લેખન કાર્ય કરવા ઉપર પાબંદી ફરમાવવામાં આવી હતી. જ્યારે તેમના કેટલાક સાથીદારોને અટકમાં લેવામાં આવ્યા હતા. આ પહેલાં ૧૯૯૦માં તેમને ઇન્ડોનેશિયામાં Wajah femina નામે ઓળખાતી સૌંદર્ય સ્પર્ધામાં ફાઇનલીસ્ટ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા, પરંતુ સૌંદર્ય પ્રસાધનો અને મેકઅપ પ્રત્યેનો અણગમો હોવાને લીધે તેઓ મોડેલિંગના વ્યવસાયથી દૂર જ રહ્યા.

ઇન્ડોનેશિયાના સરમુખત્યાર શાસક સુહાર્તોના પતનના થોડા અઠવાડિયાં પહેલાં જ ૧૯૯૮માં ઉતામીની પ્રથમ નવલકથા Saman પ્રકાશિત થઈ હતી. આ નવલકથા ઇન્ડોનેશિયાના બદલાતા જતા સાંસ્કૃતિક અને રાજકીય ઊથલપુથલ પ્રત્યે અંગૂલિનિર્દેશ કરે છે. ઇન્ડોનેશિયાના રાજકીય બદલાવ સાથે આ નવલકથાનું પ્રકાશન થવું એ એક આકસ્મિક ઘટના તો હતી જ, પરંતુ neo-colonial ઇન્ડોનેશિયામાં સરમુખત્યારશાહીએ જે જુલમો અને યાતનાઓ ગુજારી હતી તેનું સ્પષ્ટ ચિત્રણ રજૂ કરે છે. આ નવલકથામાં ઉતાપીએ સુહાર્તોના શાસન દરમિયાન ખેડૂતો અને ગ્રામ્ય સામાજિક વ્યવસ્થા (rural social set-up)ને બરબાદ કરનાર નિયો-વસાહતી નીતિઓ સામે ઇન્ડોનેશિયન નારીવાદી જાગ્રતિ અને પ્રતીકારની એમ બે વાર્તાઓ એકસાથે વણી છે. નવલકથાનું માળખું જટિલ છે, જે ૧૯૯૦ના દાયકાથી ૧૯૬૦ અને ૧૯૮૦ના દાયકા વચ્ચે આગળ અને પાછળ વધે છે. આ નવલકથાએ ઇન્ડોનેશિયન સાહિત્યને બે સમયાવકાશમાં વહેંચી નાખ્યું એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. કારણ કે, આ નવલકથાએ સૌ પ્રથમ વખત સામાજિક નિષેધ (social taboos)ને તેની સંપૂર્ણ નિરર્થકતા અને નગ્નતામાં ઉજાગર કર્યા છે. આ ઉપરાંત પ્રેમ અને લૈંગિકતા, મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વચ્ચેના વૈમનસ્યપૂર્ણ સંબંધો પણ આ નવલકથામાં બખૂબી રીતે વર્ણવવામાં આવ્યા છે. આ નવલકથાનો બીજો ભાગ Larung શીર્ષકથી ૨૦૦૧માં પ્રકાશિત થયો હતો.

આ નવલકથાનાં મુખ્ય પાત્રોમાં free sexમાં માનવાવાળી ચાર સ્ત્રી - મિત્રો - યાસ્મીન, કોક, શંકુતલા અને લૈલા-ની વાત છે. આ ચાર પાત્રો અને તેમની મુક્ત જીવન-પ્રણાલીને વણી લેતું એક એક સ્વતંત્ર પ્રકરણ આ નવલકથામાં જોવા મળે છે. ઓછા-વત્તા અંશે આ ચારેય સ્ત્રી પાત્રો પોતાનું કૌમાર્યભંગ કરવા માટેની અનેકવિધ યોજનાઓ અને તેના પરિણામ સ્વરૂપ ઉદ્‌ભવતી હતાશાઓ, દગો અને માનસિક સંતાપ બખૂબીથી આલેખાયો છે. એક રૂબરૂ મુલાકાતમાં ઉતામી એ નોંધ્યું છે કે આ નવલકથા તેની પોતાની બેચેની અને ચિંતાનું પ્રતિબિંબ છે. આ નવલકથાના સ્ત્રી પાત્રોમાં જોવા મળતી 'સ્વચ્છંદતા' તત્કાલીન પુરુષપ્રધાન ઈન્ડોનેશિયન સમાજ સામે બંડનું પ્રતીક કહી શકાય. સ્વાભાવિક રીતે જ કેટલાક વિવેચકો અને રૂઢિચુસ્ત વાચકોએ

(અનુસંધાન પૃષ્ઠ ૨૨ પર)

# ગુરુત્વાકર્ષણ બળ

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

આપણે 'પ્રિન્સિપિયાનું ત્રીજું પુસ્તક' લેખમાં (સર્વ વિશ્વવિદ્યાલય – વૃત્ત, અંકઃ ૬૨, માર્ચ-એપ્રિલ 2021) પ્રિન્સિપિયાના ત્રીજા પુસ્તકની શરૂઆત કરેલી. ન્યૂટનના તત્ત્વજ્ઞાનના ચાર નિયમો (Rules for Natural Philosophy) શરૂઆતનાં આપેલા. એ સમયે ખગોળશાસ્ત્રીઓએ ગ્રહોના જે સિદ્ધાંતો મેળવેલા તે અને અવલોકનો ઉપરથી પરિણામો મેળવેલાં તેનું નિશ્ચિત વિધાન બને છે. આવાં નિશ્ચિત વિધાનોને ન્યૂટન 'ફીનોમીના (Phenomena)' કહે છે. આવાં છ ફીનોમીના ન્યૂટને આપેલાં. પ્રિન્સિપિયાના ત્રીજા પુસ્તકમાં 4 નિયમો, છ ફીનોમીના અને પહેલાં છ પ્રમેયો સાબિતી વગર આપ્યાં છે. આપણે પહેલાં છ પ્રમેયોમાંથી અગત્યનાં પ્રમેયોની સાબિતી જોઈશું.

પ્રમેય 1 : That the forces by which the circumjovial planets are continually drawn off from rectilinear motions, and retained in their proper Orbits, tend to Jupiter's centre; and are inversely as the squares of the distances of the places of those planets from that centre.

જે ગુરુના ચંદ્રોને સીધી રેખાની ગતિમાંથી સતત ખેંચી લઈને તેમને યોગ્ય ભ્રમણકક્ષામાં રાખે તે બળો ગુરુગ્રહના કેન્દ્ર તરફ વળે છે અને તેઓ (બળો) કેન્દ્રથી ચંદ્રો સુધીના અંતરના વર્ગોના વ્યસ્ત પ્રમાણમાં છે.

**સાબિત કરવાનું :**

(1) ગુરુના ચંદ્રો પર લગતાં બળો ગુરુગ્રહના કેન્દ્ર તરફ વળે છે.

(2) ચંદ્ર ઉપર લાગતાં બળો ગુરુના કેન્દ્રથી ચંદ્રના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.

**સાબિતી :**

(1) ફીનોમીના (1)થી ગુરુના ચંદ્રોથી ગુરુના કેન્દ્રને જોડતી ત્રિજ્યાઓથી બનતું ક્ષેત્રફળ સમયના પ્રમાણસર છે.

ગુરુનું કેન્દ્ર સ્થિર હોય કે એકરૂપ (uniform) ગતિથી સીધી રેખામાં મુસાફરી કરતું હોય તોય પુસ્તક Iના પ્રમેય 2 થી (1) અને (2) બંને સાબિત કરી શકાય. પણ ફીનોમીના Vથી મુખ્ય પાંચ ગ્રહો બુધ, ગુરુ, શુક્ર, મંગળ અને શનિની ભ્રમણકક્ષાઓ સૂર્યને ઘેરે છે. આનો અર્થ ગુરુ સ્થિર નથી કે સુરેખામાં મુસાફરી કરતો નથી. આથી આપણે Book Iનું પ્રમેય 2 વાપરી ન શકીએ. ફીનોમીના 1થી આપણે જાણીએ છીએ કે ગુરુના ચંદ્રોની ભ્રમણકક્ષાઓ કેન્દ્રીય વર્તુળો હોઈને પુસ્તક Iના પ્રમેય 4ના ઉપપ્રમેય 6 પ્રમાણે જો આવર્ત $\propto$ (અંતર)$^{3/2}$ હોય તો કેન્દ્રીય બળ $\propto \frac{1}{r^2}$ છે.

આપણે ગુરુના ચાર ચંદ્રોના આવર્તકાળ કલાકોમાં મેળવીએ.

| ચંદ્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | $1^d$ | $18^h$ | 27' | 34'' | 42.4594 | કલાકો |
| 2. | $3^d$ | $13^h$ | 13' | 42'' | 85.2283 | કલાકો |
| 3. | $7^d$ | $3^h$ | 42' | 36'' | 171.7100 | કલાકો |
| 4. | $16^d$ | $16^h$ | 32' | 9'' | 400.5358 | કલાકો |

દરેક ચંદ્રનું અંતર ગુરુના કેન્દ્રથી ગુરુની ત્રિજ્યામાં આપ્યું છે.

| **ચંદ્ર** | **ચંદ્રનું ગુરુના કેન્દ્રથી અંતર** | **(અંતર)$^{3/2}$** | **આવર્ત** |
|---|---|---|---|
| 1 | 5.52 | 12.97 | 42.4594 |
| 2 | 8.78 | 26.02 | 85.2283 |
| 3 | 13.47 | 49.44 | 171.7100 |
| 4 | 24.72 | 122.91 | 400.5358 |

**આપણે દરેક ચંદ્ર માટે (અંતર)$^{3/2}$/ આવર્ત મેળવીએ**

| ચંદ્ર | (અંતર)$^{3/2}$/આવર્ત |
|---|---|
| 1 | 0.3054 |
| 2 | 0.3053 |
| 3 | 0.2879 |
| 4 | 0.3069 |


એક વગર (3) બાકીના બધા અચળ હોઈને આપણે કહી શકીએ કે આવર્ત $\propto$ (અંતર)$^{3/2}$ છે. આથી પુસ્તક Iના ઉપપ્રમેય 6થી (અહીંયાં આ પ્રમેયની સાબિતી આપી છે) કેન્દ્રીય બળ $\propto \frac{1}{r^2}$ છે.

**પુસ્તક I નું પ્રમેય** 4

The centripetal forces of bodies, which by equable motions describe different circles, tend to the centers of the same circles; and are to each other as the squares of the arcs described in equal times divided respectively by the radii of the circles.

પદાર્થો ઉપર લાગતા કેન્દ્રગામી બળો, જે સૌમ્ય ગતિથી જુદાં જુદાં વર્તુળો વર્ણવે છે, તેમનો ઝોક એ જ વર્તુળોના કેન્દ્ર તરફ હોય છે અને તે બળો સરખા સમયમાં જે ચાપ વર્ણવે તેના ચાપના વર્ગ ભાગ્યા એ જ વર્તુળની ત્રિજ્યાના પ્રમાણસર હોય છે.

બે પદાર્થો સમરૂપ ગતિ $v_1$ અને ગતિ $v_2$ થી ત્રિજ્યા $r_1$ અને ત્રિજ્યા $r_2$ વાળાં બે વર્તુળો વર્ણવે છે. આ બે પદાર્થો $\delta t_1$, અને $\delta t_2$ સમયમાં ચાપ $A_1 B_1$ અને $A_2 B_2$ વર્ણવે છે.,




$A_1$ થી $A_1S_1$ વ્યાસ દોરો અને $C_1B_1$ જોડો. $B_1$ બિંદુથી $B_1D_1$, $A_1S_1$ને લંબ દોરો. એ જ પ્રમાણે બીજા વર્તુળમાં પણ દોરો.

ચાપ $A_1B_1 = r_1\delta\theta_1 = r_1\dfrac{\delta\theta_1}{\delta t_1}\delta t_1 = v_1\delta t_1.$

એ જ પ્રમાણે

ચાપ $A_2B_2 = r_2\delta\theta_2 = r_2\dfrac{\delta\theta_2}{\delta t_2}\delta t_2 = v_2\delta t_2.$

આપણે કેન્દ્રગામી બળ $F_1$ શોધવાનું છે. પ્રમાણમાં નાના હોઈને ચાપ

$A_1B_1$ આશરે $A_1D_1$ લઈએ તો અંતર $A_1D_1 = \dfrac{1}{2}(F_1)(\delta t_1)^2$

$\therefore F_1 = \dfrac{2A_1D_1}{(\delta t_1)^2}$. એ જ રીતે બીજા વર્તુળના કેન્દ્રગામી બળ

$F_2 = \dfrac{2A_2D_2}{(\delta t_2)^2}$ થશે. આપણે $A_1D_1$ અને $A_2D_2$ શોધવાના રહ્યા.

$\Delta A_1B_1S_1$ અને $\Delta A_1D_1B_1$ માં

$\angle A_1B_1S_1 = \angle A_1D_1B_1 = 90^\circ$

$\angle D_1A_1B_1 = \angle S_1A_1B_1$

$\therefore \Delta A_1B_1S_1 \equiv \Delta A_1D_1B_1$

$\therefore \dfrac{A_1B_1}{A_1D_1} = \dfrac{A_1S_1}{A_1B_1} \quad \therefore A_1D_1 = \dfrac{(A_1B_1)^2}{A_1S_1} = \dfrac{(r_1\delta\theta_1)^2}{2r_1}$

$$\therefore F_1=\frac{2A_1D_1}{(\delta t_1)^2}=\frac{2(r_1\delta\theta_1)^2}{2r_1(\delta t_1)^2}=\frac{r_1(\delta\theta_1)^2}{(\delta t_1)^2} \qquad (1)$$

એ જ રીતે $F_2=\frac{r_2(\delta\theta_2)^2}{(\delta t_2)^2} \qquad (2)$

જો $\delta t_1=\delta t_2$ હોય તો $\frac{F_1}{F_2}=\frac{(r_1\delta\theta_1)^2}{r_1}\cdot\frac{r_2}{(r_2\delta\theta_2)^2}$.

**ઉપપ્રમેય ૫ :** જો $\frac{T_1}{T_2}=\frac{r_1}{r_2}$ હોય તો $\frac{2\pi r_1}{T_1}=\frac{2\pi r_2}{T_2}$ આથી $v_1=v_2$

આથી (1) અને (2) માં મૂકતાં

$$\frac{F_1}{F_2}=\frac{r_2v_1^{\ 2}}{r_1v_2^{\ 2}}=\frac{r_2}{r_1} \qquad (3)$$

**ઉપપ્રમેય ૬ :** જો $\frac{T_1}{T_2}=\frac{r_1^{3/2}}{r_2^{3/2}}$ હોય તો $\frac{2\pi r_1}{T_1}\cdot r^{1/2}=\frac{2\pi r_2}{T_2}\cdot r_2^{1/2}$

આથી $v_1r_1^{1/2}=v_2r_2^{1/2}$.

(1) અને (2) માંથી

$$\frac{F_1}{F_2}=\frac{r_2(r_1\delta\theta_1/\delta t_1)^2}{r_1(r_2\delta\theta_2/\delta t_2)^2}=\frac{v_1^{\ 2}/r_1}{v_2^{\ 2}/r_2}=\frac{r_2}{r_1}\left(\frac{v_1}{v_2}\right)^2=\frac{r_2}{r_1}\frac{r_2}{r_1}:$$

આથી $\frac{\text{કેન્દ્રગામી બળ } F_1}{\text{કેન્દ્રગામી બળ } F_2}=\frac{r_2^{\ 2}}{r_1^{\ 2}}$

**પ્રમેય** 2 :

That the forces by which primary planets are perpetually drawn back from rectilinear motions, and are held back in their orbits, look to the sun, and are inversely as the squares of the distances from its center.

જે મુખ્ય ગ્રહોને સીધી રેખાની ગતિમાંથી સતત ખેંચી લઈને તેમની યોગ્ય ભ્રમણકક્ષામાં રાખે તે બળો સૂર્ય તરફ વળે છે અને આ સૂર્યના કેન્દ્રથી ગ્રહો સુધીના અંતરોના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.

**સાબિત કરવાનું :**

(1) કેન્દ્રગામી બળો જે ગ્રહો બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિને સીધી રેખાની ગતિમાંથી સતત ખેંચી લઈને તેમની યોગ્ય ભ્રમણકક્ષામાં રાખે છે.

(2) આ કેન્દ્રગામી બળો સૂર્યના કેન્દ્રથી ગ્રહોના અંતરોના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.

**સાબિતી :**


મુખ્ય ગ્રહોથી પૃથ્વીને જોડતી ત્રિજ્યાઓથી બનતું ક્ષેત્રફળ સમયના પ્રમાણસર નથી પણ સૂર્યને જોડતી ત્રિજ્યાથી બનતું ક્ષેત્રફળ સમયના પ્રમાણસર છે. આથી પુસ્તક Iના પ્રમેય બેથી ઘણું બધું કહી શકાય પણ સૂર્ય સ્થિર કે સીધી રેખામાં મુસાફરી કરતો ન હોઈને આ પ્રમેય 2નો ઉપયોગ ન થઈ શકે. પણ અગાઉની જેમ પ્રમેય 4 અને તેનો ઉપયોગ કરીને (1) અને (2) સાબિત થઈ શકે. આથી યે સરળ સાબિત Book Iના પ્રમેયો 43, 44 અને 45નો ઉપયોગ કરીને મેળવી શકાય જે અહીંયાં આપી નથી.

પુસ્તક Iના પ્રમેય 1 અને 2માં કેન્દ્ર સ્થિર છે કે સીધી રેખામાં એકધારી ગતિથી મુસાફરી કરે છે. આપણે સૂર્યમંડળ લઈએ કે ગ્રહોની આસપાસ મુસાફરી કરતા ચંદ્રો લઈએ. સૂર્ય અથવા ગ્રહો સ્થિર નથી કે સીધી રેખામાં એકધારી ગતિથી મુસાફરી કરતા નથી. આ માટે

**પુસ્તક** 1 - **પ્રમેય ૩ :**

A body, that by a radius drawn to the center of another body, however moved, describes areas about that center proportional to times, is urged by a force compounded of the centripetal force tending to that other boy, and of all the accelerative force by which that other body is impelled.

બીજો કોઈ પદાર્થ જે ગમે તેમ ફરતો હોય તેના કેન્દ્રની આસપાસ કોઈ પદાર્થ ફર્યા કરે છે અને આ કેન્દ્રને અને આ પદાર્થને જોડતી રેખાઓ સમયના પ્રમાણમાં ક્ષેત્રફળ આપે છે. અને આ પદાર્થને લાગતુ બળ અગાઉનું કેન્દ્રગામી બળ અને પ્રવેગીકય બળ જે બીજા પદાર્થને ઉત્તેજિત કરે છે તેનું મિશ્રણ છે.




પહેલો પદાર્થ L છે જે પદાર્થ Tના કેન્દ્રની આસપાસ ફરે છે. Tને બળ F લાગે છે, આથી T સ્થિર નથી કે સીધી રેખામાં મુસાફરી કરતો નથી. આ Tને સ્થિર કરવા માટે Fની ઊલટી દિશામાં F+( - F) = 0 થશે. આપણી આ systemમાં ફેરફાર ન કરવા માટે પદાર્થ L ઉપર - F લાગે છે. આના કારણે Lની Tની સાપેક્ષ ગતિમાં ફેર પડશે નહિ. અને Tનું કેન્દ્ર સ્થિર રહેશે. આ કારણે L કેન્દ્ર Tની આસપાસ સરખા સમયમાં સરખું ક્ષેત્રફળ વર્ણવે છે. પુસ્તક Iના પ્રમેય 2થી કહીએ કે પદાર્થ L ઉપર લાગતા કેન્દ્રગામી T તરફ આકર્ષાતાં બળો છે.

**પ્રમેય ૪ :**

That the Moon gravitates towards the Earth, and by the force of gravity is continually drawn off from rectilinear motion, and retained in its Orbits.

ચંદ્ર પૃથ્વી તરફ આકર્ષાય છે, અને ગુરુત્વાકર્ષણ બળ સતત રીતે સીધી રેખાની ગતિમાંથી ખેંચી લઈને તેની ભ્રમણકક્ષામાં રાખે છે.

આની સાબિતી આપણે સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત, સળંગ અંક ૬૨માં આપી છે અને ગણી બતાવ્યું છે કે જે ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વી ઉપર લાગે છે તે જ બળ ચંદ્રને એક મિનિટમાં $15\frac{1}{120}$· ફીટ નીચે ખેંચે છે, આ પ્રમેયે 'સાર્વત્રિક ગુરુત્વાકર્ષણનો નિયમ (Universal Gravitational)'ના વિકાસમાં ખૂબ જ અગત્યન ભાગ ભજવેલો. આપણે કહી શકીએ કે જે બળ પૃથ્વી ઉપર પથ્થર પાડે છે (ખેંચે છે) એ જ બળ ચંદ્રને તેની ભ્રમણકક્ષામાં રાખે છે. આ વિચારવું તે ચમત્કારી હતું અને તે સમયે ખરેખર નવો વિચાર હતો. વિજ્ઞાનના ઇતિહાસમાં આ ખૂબ જ અગત્યનો માર્ગસ્તંભ છે અને કદાચ પ્રિન્સિપિયામાં રોમાંચકારી દાખલા-દલીલની સ્પષ્ટ રજૂઆત છે.

ન્યૂટન હવે પૃથ્વી અને તેના ચંદ્રને તેના જેવી જ સંહિતા (system)ના ગુરુ અને તેના ચંદ્રો સાથે સરખાવે છે.

**Rule II :**

Threfore to the Same natural effects We must as far as possible, assign the Same Causes.

આથી એક જ જાતની પ્રાકૃતિક અસર માટે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી સમાન કારણો આપવા.

ચંદ્રો ગ્રહોની આસપાસ પરિભ્રમણ કરે છે. જેમ ગુરુત્વાકર્ષણ બળ ચંદ્રને તેની ભ્રમણકક્ષામાં રાખે છે. તેમ ચંદ્રોને ગુરુત્વાકર્ષણબળ તેમની ભ્રમણકક્ષામાં રાખે છે.

અત્યાર સુધી આપણે અવકાશના પદાર્થોને ભ્રમણકક્ષામાં રાખતા બળોને કેન્દ્રગામી બળો તરીકે ઓળખતા; પણ હવે આપણે જાણીએ છીએ કે તે બળ ગુરુત્વાકર્ષણ બળ છે. આથી આપણે કેન્દ્રગામી બળને ગુરુત્વાકર્ષણ બળ તરીકે ઓળખીશું.

આ લેખ નીચેના પુસ્તકોના આધારે લખાયો છે :


(1) Collin, Pask. 'Magnificient Principia.' Prometheus Books New York, 2019.

(2) Chandrasekhar, S. 'Newton's Principie for the common Reader.' Clarendon Press, Oxford, 1995.

(3) Densmore, Dana. 'Newton's Principia The Central Argument.' Third Edition. Green Lion Press, Sante Fe, New Mexico, 2003.



**– વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જી. ગાંધીનગર

મો. 94280 19042

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**કેળવણીની કેડીએ : કવિવર ઉમાશંકર જોશી/ઈશ્વર પરમાર.** રાજકોટ : પ્રવીણ પ્રકાશન, ૨૦૨૨, ૬૪ પૃ. ISBN : ૯૭૮-૯૩-૯૧૮૨૫-૭૮-૨ કિં. રૂ. ૮૦/-

પ્રસ્તુત 'લઘુચરિત્ર-લેખ'ના 'પ્રાસ્તાવિક'માં લેખકે 'કેળવણી' અને 'શિક્ષણ' વચ્ચેની ભેદરેખા સંક્ષેપમાં સમજાવીને આ પુસ્તિકાનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કરેલ નોંધ : 'શ્રદ્ધેય સર્જક શ્રી ઉમાશંકર જોશીએ... અનેકવિધ [સાહિત્ય] સ્વરૂપો કે ક્ષેત્રોમાં પોતાની કલમ ચલાવીને યાદગાર પ્રદાન કર્યું છે. આમ છતાં, તેઓ પોતાની ઓળખ એક 'કવિ' કે શિક્ષક તરીકેની જ આપવાનું પસંદ કરતા... કેળવણીક્ષેત્રે પણ ઉમાશંકર જોશીની સિદ્ધિઓ અને સેવાઓ બચપણથી જ એવી ધીંગી રહી કે એમને કેળવણીના કીમિયાગાર તરીકે અનુભવી શકાય છે, અત્રે ઉમાશંકર જોશીના પ્રાથમિક શિક્ષણથી માંડીને એમણે વિશ્વવિદ્યાલય તેમજ રાષ્ટ્રીયસ્તરે મેળવેલ કિંમતી અનુભવો અને કરેલ પ્રદાનની ઝાંખી કરાવવાનો... [તેમજ] વિશાળ અર્થમાં 'કેળવણી' લેનાર તથા આપનાર વિદ્યાપ્રેમી તરીકે પરિચય આપવાનો નમ્ર પ્રયાસ છે.' આ કૃતિના હાર્દ તથા રચનાના ઉદ્દેશને સમજવા માટે ધ્યાનાર્હ બની રહે છે.

પ્રબુદ્ધ સાહિત્યસર્જક – વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના શબ્દોમાં કવિવર ઉમાશંકર જોશી 'કાલિદાસ અને રવીન્દ્રકુળનો ગુજરાતી કવિ, જગત કવિ' ઉપરાંત કેળવણીકાર પણ હતા અને ખાસ તો પોતાને શિક્ષક તરીકે ઓળખાવવાનું પસંદ કરતા હતા. જેની પ્રતીતિ તેમના આચાર-વિચાર તેમજ તેમના વિદ્યાર્થીઓ અને સમકાલીનો દ્વારા વર્ણવવામાં આવેલાં તેમની સાથેનાં સંસ્મરણો તેમજ પ્રસ્તુત વિષયક તેમનાં ચિંતનશીલ ઉદ્‌બોધનો અને લખાણોના માધ્યમથી સહજમાં થાય છે. અહીં લેખકે ઉમાશંકર જોશીની બાલ્યવયથી શરૂ કરીને તેમણે મેળવેલ શિક્ષણ, યુનિવર્સિટીના અધ્યાપક અને ભાષાભવનના વડા, કુલપતિ, રાજ્યસભાના સભ્ય, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ, વિશ્વભારતી શાંતિનિકેતનના કુલાધિપતિ, વિદેશોમાં અને અશ્રુભીની અંતિમ વિદાય સુધીના ઘટનાક્રમો ખૂબ જ સંક્ષેપમાં વર્ણવીને તેમને મન શિક્ષક હોવું એટલે શું? કેળવણી એટલે શું? તે દૃષ્ટિપૂત રીતે ઉજાગર કરી આપ્યું છે અને તે પણ તેમના આચાર-વિચાર સંબંધી વર્તણૂકનાં પસંદગીનાં ઉદાહરણો સહિત. સમગ્ર વિષયવસ્તુ નાના-નાનાં ૨૦ પ્રકરણોમાં (નાનાં એટલા માટે કે ૯ પ્રકરણો તો ૧-૧ પેજનાં છે.) વિભાજિત કરવામાં આવ્યું છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે વિદ્યાર્થીઓ/જિજ્ઞાસુઓ કે લેખકને અભિપ્રેત જે વાચકવર્ગ છે તેને ધ્યાનમાં રાખીને લેખકે મનોવૈજ્ઞાનિક અભિગમથી તેમની બાલ્યવયથી જ કેળવણીને પોષક એવી પ્રેરક ઘટનાઓની પસંદગી અને ગૂંથણી તેમના સાહિત્યસાગરનું અવગાહન કરીને કરી છે જે વિદ્યાર્થી કે જિજ્ઞાસુ વાચકને સ્પર્શી જાય તેવી છે. અને તે પણ ઉત્તરોત્તર વાચકના માનસ ઘડતરમાં ઉપકારક બની રહે તેવી હોવાની સાથે ઉમાશંકરની અખિલાઈને પામવા માટેના અપેક્ષિત બૌદ્ધિકસ્તરને પરિપક્વતા ભણી દોરી જાય છે.

પુસ્તિકાનાં પ્રથમ ત્રણ પ્રકરણોમાં વિદ્યાર્થી ઉમાશંકર જોશીના જીવન ઘડતરના કેટલાક ધ્યાનાર્હ પ્રસંગો જેમ કે, સત્સંગી માતા બારણે આવેલાને આવકારે – જમાડે, પિતાજીની સર્વધર્મ સમન્વયી પ્રકૃતિ, પિતાજી પોતાના નજીકના મિત્રને ઉમાશંકરની ઓળખ આપતાં કહે કે, 'આ છોકરાને હંમેશાં સાચુ બોલવાની ટેવ છે હોં', આ બોલ કિશોર ઉમાશંકરના અંતરમાં ઝીલાવા, રખડુ છોકરાઓ સાથે નિશાળમાંથી ગાપચી મારવી, સૌથી વહેલા શાળાએ પહોંચી જવાની ટેવ, ઈડર ભણવા જતાં માતાની શીખ, 'બેટા ભલે દેશાવર ખેડે... આપણા ઘરનું બારણું પૂર્વમાં છે એ ન ભૂલતો', વાંચનટેવ, ઈડરમાં ચાલુ વર્ગે ચોરીછૂપીથી 'સરસ્વતીચંદ્ર' વાંચતાં શિક્ષકે ચાલુ વર્ગે ચોરીછૂપીથી 'સરસ્વતીચંદ્ર' વાંચતાં શિક્ષકે ધીમેકથી નજીક જઈને કહેવું. 'ઉમાપતિ', 'સરસ્વતીચંદ્ર' વાંચવાની હજી વાર છે', પ્રવાસ શોખ, ઈડર બોર્ડિંગમાં પન્નાલાલ સાથે મૈત્રી, શાળા છોડતાં મનોમન શાળાને વચન આપવું : 'શાળા, તારું નામ ઉજ્જ્વળ રાખીશ', છેવટ લગી વતન – ગામ બામણા અને ઈડરની શાળા તથા ગુરુ-ગણને વિસરવું નહીં, ઉત્તરોત્તર પ્રશિષ્ટ ગ્રંથોના વાંચનની ટેવ અને શિક્ષકોનો અપાર પ્રેમ મેળવવો, અમદાવાદમાં અભ્યાસ, કૉલેજ અભ્યાસ દરમિયાન સત્યાગ્રહની લડતમાં જોડાતાં જેલવાસ, કૉલેજ અભ્યાસ છોડી વિદ્યાપીઠમાં જોડાવું અને પુનઃ મુંબઈમાં કૉલેજ અભ્યાસ શરૂ કરી એમ.એ. થવું. વગેરે પ્રેરક બની રહે છે. આ બધી જ ઘટનાઓ વિદ્યાર્થી હોવું એટલે શું ? અથવા બીજા શબ્દોમાં કહીએ તો જાત કેળવણી માટેનો આદર્શ પ્રસ્થાપિત કરી આપનારી છે, જેની પ્રસ્તુતિ અને પસંદગી ધ્યાનાર્હ બની રહે છે.

ઉમાશંકર જોશીના વિદ્યાર્થીકાળ દરમિયાનના વિદ્યા અર્થી તથા સાહિત્ય-સર્જનના પ્રારંભ વિશેનાં પાસાંને સ્પર્શી જાય તે રીતે લાઘવતા જાળવીને ઉજાગર કરી આપ્યા બાદ કુટુંબજીવન, વ્યવસાયિક કારકિર્દી, રાજ્યસભામાં, દેશ-વિદેશની પરિષદોમાં વગેરે પાસાંઓમાં તેમના આચાર-વિચાર, ઉમદા શિક્ષકત્વ અને મૂલ્યનિષ્ઠામાં સહજમાં દર્શન થાય છે. 'સંસ્કૃતિ' પ્રકરણમાં એક આદર્શ પત્રકાર-સંપાદક/ તંત્રી – તરીકેના નિર્ભીક વ્યક્તિત્વની ઝાંખી કરાવી છે. 'વિદ્યાર્થીઓને વિદ્યા અને વહાલ' તથા 'કુલપતિ' મથાળા હેઠળનાં બે પ્રકરણોમાં શિક્ષક તરીકે પ્રાપ્ત કરેલ ભરપુર પ્રેમ, આદર અને કુલપતિ તરીકે પણ વર્ગ લેવાનું ન ભૂલવું (અલબત્ત, અનિવાર્ય સંજોગો બાદ કરતાં), ઉપરાંત અણધાર્યું બહાર જવાનું થાય ત્યારે દક્ષ વિદ્યાર્થીને વર્ગ લેવાની જવાબદારીની સોંપણી કરવી અને ખાસ તો કુલપતિના કાર્યકાળ દરમિયાન પોતાના બીમાર વિદ્યાર્થી અનિલ જોશીને તેને સાંત્વના આપવા તેના ઘેર જવું, વિદ્યાર્થી યોસેફ મૅકવાન અપર્યાપ્ત તૈયારીના અભાવે ડ્રોપ લેવાના મૂડમાં હોવા છતાં છેવટે પરીક્ષાખંડમાં ઉપસ્થિત રહેતાં તેને પ્રોત્સાહિત કરવા તેના પરીક્ષાખંડમાં આચાર્ય શ્રી યશવંત શુક્લ સાથે મળવું વગેરે વિગતોની ગૂંથણી તેમના શિક્ષક હૃદયને સમજવા માટે ઉપકારક બની રહે છે. આ સાથે જ અહીં તેમના ૧૧ જેટલા વિદ્યાર્થીઓ. જેમ કે, મોહનલાલ પટેલ, રમણલાલ જોશી, જયંત પંડ્યા, ચિનુ મોદી, ચંદ્રકાન્ત શેઠ, અનિલ જોશી, રમણ સોની, ધીરેન્દ્ર મહેતા વગેરેના તથા 'અશ્રુભીના ઉદ્‌ગારો' પ્રકરણમાં તેમની ચિરવિદાય પ્રસંગે તેમના ૮ વિદ્યાર્થીઓ તેમજ સાક્ષરો, જેમ કે, પૂ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ગુણવંત શાહ, રાધેશ્યામ શર્મા, યોસેફ મૅકવાન, મણિલાલ હ. પટેલ વગેરેના અહોભાવપૂર્વકના ઉદ્‌ગારો ઉમાશંકર એટલે શું? કેવા આર્ષદ્રષ્ટા કેળવણીકાર તેમજ ઉમદા વ્યક્તિ હતા વગેરે સમજવા માટે ઉપકારક બની રહે છે. જોકે લેખકે આ બધા ઉદ્‌ગારોના આદિસ્રોત દર્શાવ્યા હોત તો વાચક માટે બહુવિધ રીતે ઉપયોગી નીવડત, જેનો અહીં અભાવ વરતાય છે. 'રાજ્યસભાના સભ્ય' પ્રકરણમાં ઉમાશંકરને રાજકારણના પ્રવાહોના તટસ્થ નિરીક્ષક તરીકે તેમજ કટોકટી વખતે 'આગઝરતી વાણીમાં વિરોધ' વ્યક્ત કરનારા, તેમજ ઇન્દિરા ગાંધીની હત્યા સમયે તેમનાં ઉમદા કાર્યોને માથે ચડાવનાર તરીકે ઓળખાવ્યા છે.

અહીં ઉમાશંકર જોશીના કેળવણી વિશેના ચિંતનને વાચા આપતા બે ગ્રંથો 'કેળવણીનો કીમિયો' (પ્ર. આ. ૧૯૭૭, ત્રીજી સંવર્ધિત આવૃત્તિ ૨૦૧૧) અને 'સમયરંગ' (૧૯૭૮)માંથી ૯-૯ પ્રસંગો તારવીને મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત અશ્રુભીની વિદાય બાદનાં અંતિમ ૯ પ્રકરણોમાં 'કેળવણીનો કીમિયો' કે જેમાં ચિંતનસભર ૫૬ વિસ્તૃત લેખો, ગ્રંથસ્થ છે. જેમ કે, 'કેળવણીનો કીમિયો', 'બૌદ્ધિક પારતંત્ર્ય', 'વર્ગ એ સ્વર્ગ', 'છાત્રાલય', 'ભાષાસમસ્યા', 'વિશ્વવિદ્યાલયનો આદર્શ', 'અધ્યાપન અને અધ્યયન', 'શિક્ષક' વગેરે ગ્રંથસ્થ છે, તેમાંથી તારવી-સારવીને ફક્ત ૯ અંશો સંક્ષેપમાં રજૂ કર્યાં છે. આ વાંચતાં જ અનાયાસ મહેન્દ્ર મેઘાણીનું સ્મરણ તાજું થાય છે. આ અંશો વાચક-વિદ્યાર્થી કે શિક્ષકના અંતરાત્માને હલાવી દે તેવા છે અને ઉ. જો. કેવા આર્ષદ્રષ્ટા કેળવણીકાર હતા તેની સહજમાં પ્રતીતિ ધરાવે છે. આ અંતર્ગત 'વર્ગ એ સ્વર્ગ'માં 'અમારે શિક્ષકોને મન વર્ગ એ સ્વર્ગ છે.... વર્ગમાં..... વિદ્યાપ્રીતિના તાર ઝણઝણાવી ઊઠે એ કીમિયો કરવાનો હોય છે', 'અધ્યાપન અને અધ્યયન'માં કુલપતિ તરીકેના કાર્યકાળના અનુભવો ભારે વ્યથા સાથે નોંધ્યા છે : 'હું જોઉં છું કે મોટા ભાગનો પત્રવ્યવહાર વિદ્યાર્થીઓની હાજરીની ઊણપ તથા અધ્યાપકોની પાત્રતાની ઊણપ માફ કરવા અંગે થાય છે.... આપણે શિક્ષણને વ્યવસાય તરીકે સ્વીકાર્યું છે, પણ તે ધંધો ન રહેતાં ધર્મ બની શકે તેમ છે.... 'કેળવણી' શબ્દ એ મારે મન 'ધર્મ'નો ઘરગથ્થું પર્યાય છે.' માતૃભાષા ગુજરાતીનો માધ્યમ તરીકેનો પ્રયોગ સાચી દિશાનો ગણવાની સાથે જ નોંધેલ ચેતવણી : 'પૂરી જવાબદારી સાથે હું કહેવાની રજા લઉં છું કે ગુજરાતના યુવકો અંગ્રેજી (અથવા જર્મન કે રશિયન જેવી અર્વાચીન પાશ્ચાત્ય) ભાષાનાં પોતાનાં વિષયનાં પુસ્તકો છૂટથી વાંચી શકે તેવી સ્થિતિમાં નહીં હોય તો જોતજોતામાં આ પ્રદેશનું જીવન અંધકારમય બનશે', સંસ્થાઓ તેમજ વિદ્યાર્થીઓને રાજકારણના હાથા ન બનવા સમજાવીને વિદ્યાર્થીઓને 'નીવડેલા ધનરૂપે બહાર આવવા' તેમજ શિક્ષકોને પ્રજા કેળવણીનું કામ કરવા કરેલ અપીલ વગેરે બાબતો આજે પણ પ્રસ્તુત હોવાની સાથે શાશ્વત છે.

અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે પ્રસ્તુત પુસ્તિકાના ક્રિયાશીલ સર્જક ઈશ્વર પરમાર એક સહૃદયી શિક્ષક-સર્જકોના સર્જક એવા શિક્ષણ મહાવિદ્યાલયના સેવાનિવૃત્ત અધ્યાપક છે. કેળવણીવિદ ડોલરરાય માંકડ (ડો'કાકા)ના પ્રીતિપાત્ર વિદ્યાર્થી રહી ચૂક્યા હોઈ તેમના વિદ્યાવ્યાસંગ અને આચાર-વિચારરૂપી સંસ્કારવારસાથી લથપથ છે. પરિણામે ઉમાશંકર જોશીના કેળવણીકાર તરીકેના પાસાને તેમના સાહિત્યસાગરનું અવગાહન કરીને ઉજાગર કરી શક્યા છે અને તે પણ વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓને સ્પર્શી જાય તેવું વિષયવસ્તુ રસળતી ભાષા-શૈલીમાં પ્રસ્તુત કરીને. તેમણે બાળસાહિત્ય, બાલઉછેર, શિક્ષણ, ચરિત્ર, લઘુકથા વગેરે વિષયક્ષેત્રોમાં મહિમાવંતુ પ્રદાન કર્યું છે. પરિણામે અનેકવિધ વિદ્યોતેજક સંસ્થાઓ દ્વારા પારિતોષિકો – એવૉર્ડ્સથી અલંકૃત થયા છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અલમ્નસ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સ્નેહમિલનનું આયોજન તા. ૨૮ જાન્યુઆરીના રોજ કરવામાં આવતાં ૨૦૦ જેટલાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. પ્રારંભમાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ સૌનું સ્વાગત કરીને પ્રાસંગિક સંબોધનમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ કૉલેજની સાદ્યંત પ્રગતિ અને સિદ્ધિઓ વિશે વાકેફ કરતાં તેના વિકાસમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સિંહ ફાળો ગણાવ્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દીને સફળ બનાવવામાં કૉલેજ હંમેશાં મદદરૂપ થશે. ઉપાચાર્ય અને ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ તન્નાએ કૉલેજ દ્વારા હાથ ધરવામાં આવતી ચાલતી પ્રવૃત્તિઓનો ખ્યાલ આપી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે નેટવર્કિંગ અને કનેક્ટિવિટી જાળવવી એ કૉલેજની પ્રાથમિકતા ગણાવી હતી. આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થી અજિતસિંહ ચૌહાણ, રાજદીપસિંહ ચાવડા, કાજોલ પટેલ, બિનલ પટેલ, પ્રિયંકા ચોરસિયા અને રોહિત પટેલને કૉલેજને આપેલ સહયોગ બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### આત્મસંરક્ષણ

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન તથા સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમનું તા. ૧થી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન આયોજન કરવામાં આવતાં, ૧૨૦ જેટલી વિદ્યાર્થિનીઓને ગાંધીનગરના ટ્રેનર શ્રી જવલ જાની દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

### ઉદ્યમશીલતા

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડ્મિનિસ્ટ્રેશન, બી.પી. કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૩, ગાંધીનગર કેમ્પસ ખાતે તા. ૧૩થી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન 'મેગ્નેટ', 'આઇ.ટી.' 'કૉમર્સ-ડે' તથા 'આંત્રપેન્યોર ફિએસ્ટા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચૅરમૅન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે આયોજિત પ્રદર્શનની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની વિચારશક્તિ, તર્કશક્તિ અને સર્જનાત્મકશક્તિને અભિનંદિત કરી હતી. આ પ્રદર્શનની ગાંધીનગર અને આસપાસના વિસ્તારની ૬૬ શાળાઓના ૫૭૦૦ વિદ્યાર્થીઓ તથા ૨૨૪ શિક્ષકો / આચાર્યશ્રીઓએ મુલાકાત લીધી હતી. આ બધી પ્રવૃત્તિઓમાં ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં વિજેતા તથા રનર્સ અપ ને ૭૪ ટ્રૉફી આપવામાં આવી હતી. 'આંત્રપેન્યોર ફિએસ્ટા' વિભાગ હેઠળ બી. કૉમ., બી.બી.એ. તથા બી.સી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા ૩૮ પ્રદર્શનો બનાવવામાં આવ્યાં હતાં. જેમાં કાલ્પનિક કંપનીના સર્જનાત્મક નામ સાથે સ્થાપના, જી.એસ.ટી. નંબર, લાઇસન્સ નંબર, ઓર્ગેનાઈઝેશન સ્ટ્રક્ચર, ઑનલાઇન પેમેન્ટ સિસ્ટમ, વિઝન-મિશન સ્ટેટમેન્ટ તેમજ અલગ-અલગ કૉર્પોરેટ પ્રેક્ટિસ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ તેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. નોંધપાત્ર છે કે આ કાર્યક્રમ આયોજિત કરનાર તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ દ્વારા મુલાકાતી શાળાઓના શિક્ષકો તથા આચાર્યશ્રીઓ સાથે પ્રત્યક્ષ મુલાકાત કરી આ પ્રોગ્રામના આયોજનનું હાર્દ સમજાવવામાં આવ્યું હતું.

### કમ્પ્યૂટર તજ્જ્ઞતા

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન તથા સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે Faculty Development Program અંતર્ગત ૬ દિવસના Enhancing Computer Competencies વર્કશૉપનું આયોજન કરવામાં આવતાં તજ્જ્ઞ તરીકે શ્રી મિતાબેન

પટેલે સેવાઓ આપી હતી. આ વર્કશૉપમાં ૧૮ અધ્યાપકોએ ભાગ લીધો હતો.

### કારકિર્દી માર્ગદર્શન

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન તથા સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીના પ્લેસમેન્ટ સેલ અંતર્ગત TET/TAT તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કેવી રીતે કરવી તે અંગે કારકિર્દી માર્ગદર્શન વિષય પર ડૉ. ડી. એમ. ભદ્રેસરિયાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. અતિથિ વક્તાશ્રીનો પરિચય અને સ્વાગત ડૉ. ભાવિક એમ. શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ગુજરાત ગણિત મંડળ

● 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગરના યજમાનપદે 'ગુજરાત ગણિત મંડળ'નું ૫૯મું વાર્ષિક અધિવેશન 'ગુજરાત ગણિત મંડળ'ના પ્રમુખશ્રી અને 'કેલિફોર્નિયા સ્ટેટ પોલિટેક્નિક યુનિવર્સિટી', હમ્બોલ્ટ - આર્કેટાના ગણિતશાત્રના એમિરિટસ પ્રોફેસર ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલના અધ્યક્ષ સ્થાને અને ISRO, અમદાવાદના ડાયરેકટર શ્રી નિલેશ દેસાઈના મુખ્ય મહેમાનપદે તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૪-૬ નવેમ્બર, ૨૦૨૨ના દિવસોમાં 'ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ'ના 'શેઠ શ્રી ખીમજી વિસરામ સંસ્કાર ભવન'માં યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં વિશ્વવિદ્યાલયનાં ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરાએ ઉપસ્થિત સૌ પ્રતિનિધિશ્રીઓ અને મહેમાનનું હાર્દિક સ્વાગત કરી 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'નો પરિચય કરાવ્યો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાનશ્રીએ મંગલયાન અને ચંદ્રયાનમાં ગણિતની ભૂમિકા અને પોતાના કાર્યાનુભવો વિગતે વર્ણવીને ભારતીય અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં તેનું મહત્ત્વ સમજાવ્યું હતું. સંક્ષિપ્ત અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં પ્રો. વિઠ્ઠલભાઈ પટેલે અધ્યાપનકાર્ય અને સમાજમાં શિક્ષકની સુચિંતનીય ભૂમિકા રજૂ કરી હતી. ગણિત મંડળના મંત્રી શ્રી કૌશલ શાહે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. અધિવેશનના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ગુજરાત ગણિત મંડળમાં મહિમાસંપન્ન સેવાઓ આપવાના ઉપલક્ષ્યમાં પ્રો. પી. કે. વ્યાસનું શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત 'એ. આર. રાવ ફાઉન્ડેશન' દ્વારા એનાયત કરવામાં આવતા અવૉર્ડ્સ અંતર્ગત પ્રો. હેમાબહેન વસાવડા, પ્રો. મેઘરાજ ભટ્ટ, પ્રો. નિમિશ શાહ અને પ્રો. પી. કે. વ્યાસને **'એ. આર. રાવ ફાઉન્ડેશન અવૉર્ડ'** એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સમારોહના અંતમાં એમ.એસસી.આઈ.ટી.ના વડા પ્રા. ડૉ. ભદ્રેશ પંડ્યાએ અધિવેશનના સૌ સહયોગીઓનો ઋણસ્વીકાર કર્યો હતો. અધિવેશન દરમ્યાન ગણિત વિષયક પ્રદર્શન 'ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજ'માં આયોજિત કરવામાં આવ્યું હતું.

### પ્રજાસત્તાક પર્વ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી કેમ્પસમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ અર્થાત્ રાષ્ટ્રના ૭૪ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. આ અન્વયે મંડળ ઑફિસમાંથી માનનીય ચેરમેનશ્રી, મંત્રીશ્રીઓ, અતિથિશ્રીઓ, ડાયરેકટર-પ્રિન્સિપાલશ્રીઓ વગેરેનું બેન્ડવાજા સાથે ધ્વજવંદન મેદાનમાં આગમન કરાવવામાં આવ્યું. ત્યાર બાદ મંડળ સંચાલિત વિવિધ શાળા-કૉલેજોના શિક્ષકો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને કડીના નગરજનોની ઉપસ્થિતિમાં મંડળના સન્માનનીય મંત્રીશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલના વરદહસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. ત્યાર બાદ ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવીને રાષ્ટ્રની પ્રગતિ, ઉજ્જ્વળ ભવિષ્ય અને નાગરિક ફરજો પ્રતિ માર્મિક ટકોર કરીને રાષ્ટ્રના અને પોતાના વિકાસ માટે કર્તવ્યશીલ બની રહેવા જણાવ્યું હતું. ત્યાર બાદ વિવિધ શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ કે જેમણે રાજ્ય/રાષ્ટ્રીયસ્તરે સિદ્ધિઓ હાંસલ કરી હોય તેમને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સન્માનવિધિ બાદ કૅમ્પસની તમામ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા દેશભકિત, રાષ્ટ્રપ્રેમ, પર્યાવરણ, ઇતિહાસ, સેલ્ફ ડીફેન્સ, નાગરિકના અધિકારો અને ફરજો, પૌરાણિક રાસ જેવા વિવિધ વિષયો પર કલાત્મક પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર કૅમ્પસ સ્થિત તમામ શાળા, કૉલેજો દ્વારા રાષ્ટ્રના ૭૪મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી સેકટર-૨૩ ના કૅમ્પસ ખાતે

મંડળના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ પી. પટેલના સાંનિધ્યમાં કરવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. ગાર્ગી રાજપરા, રજિસ્ટ્રાર શ્રી સૂર્યકૃષ્ણન્ મંત્રાલા, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. કેયૂર શાહ સહિત સંસ્થાના ડિરેક્ટરશ્રીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, સ્ટાફ, વિદ્યાર્થીઓ અને અમેરિકા નિવાસી દાતાઓ શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ પટેલ, શ્રી નરેશભાઈ પટેલ અને શ્રી સંજયભાઈ ઉપરાંત ડૉ. કાંતિભાઈ શેખાવત, શ્રી કમલેશભાઈ બારોટ અને શ્રી બિપિનભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી શાળાના વિદ્યાર્થીઓના પરેડ ગ્રૂપ દ્વારા મહેમાનોને ઉજવણી સ્થળે લાવવામાં આવ્યા બાદ કેમ્પસ ડાયરેક્ટર પ્રિ. ડૉ. કેયૂર શાહે મુખ્ય મહેમાનશ્રીનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર શાખાના પ્રમુખ, વી.પી.એમ.પી. કૉલેજના મુખ્ય દાતા અને સમારોહના મુખ્ય મહેમાન શ્રી વિષ્ણુભાઈ પટેલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપવામાં આવી હતી. ધ્વજવંદન બાદ આ પ્રસંગે શ્રી વિષ્ણુભાઈ પટેલે પ્રસંગોચિત્ત ઉદ્બોધનમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે સૌને હાર્દિક શુભેચ્છાઓ અને શહીદોની વંદના કરીને પ્રજાસત્તાક રાજ્યની ઘોષણા અને તેનું બંધારણ વગેરે વિશે અર્થસભર પરિચય કરાવ્યો હતો. વધુમાં ભારતની આન બાન અને શાનનાં શાબ્દિક દર્શન કરાવીને રાષ્ટ્રના નાગરિક તરીકેની ફરજો વિશે સચેત કરીને વૈશ્વિક જવાબદારીઓ તરફ પણ સંકેત કર્યો હતો. વધુમાં સદ્ગત માણેકલાલ એમ. પટેલ સાહેબ, ડૉ. કનુભાઈ પટેલ વગેરેને સંસ્થાના ખંતીલા કર્મયોગી સેવકો ગણાવીને તેમનાં કાર્યોની સરાહના કરીને સંસ્થા સાથેના પોતાના નાતા વિશે જણાવ્યું હતું. એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, શ્રી જે. બી. પ્રાયમરી સ્કૂલ, શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ, શ્રીમતી એમ. બી. ગર્લ્સ પ્રાયમરી, શ્રીમતી એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી, શ્રી આર. એન. પ્રાયમરી સ્કૂલ અને બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરીને દેશભકિતના લાગણીસભર ભાવો સર્જીને દેશભકિતની લાગણીનો મહાસાગર છલકાવી દીધો હતો. કાર્યક્રમનું સંચાલન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ તથા એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના સંયુકત યજમાનપદે કરવામાં આવ્યું હતું. ધ્વજારોહણનું સંચાલન એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વ્યાયામ શિક્ષક શ્રી નરેશભાઈ ચૌધરીએ સંભાળ્યું હતું તથા એન્કરિંગ શાળાની શિક્ષિકાઓના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ કાવ્યા વ્યાસ, હીર પંડ્યા તથા રક્ષિત વડુકરે સંભાળ્યું હતું.

## ફૂડ ફેસ્ટ ૨૦૨૩

● ગર્લ્સ હોસ્ટેલ, સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા 'ફૂડ ફેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુકિંગ કળા, મેંદી, બ્યૂટીપાર્લર, ફેશન ડિઝાઇન વગેરે જેવા વિવિધ વર્ગોમાં તાલીમ લીધેલ વિદ્યાર્થિનીઓ દ્વારા ફેશન-શૉ, બ્યૂટી-શો, ફૂડ-ફેસ્ટ શૉ રજૂ કરવામાં આવ્યા. ફૂડ-ફેસ્ટમાં ગુજરાતી, કાઠિયાવાડી, ચાઇનીઝ, મરાઠી, ઇન્ડિયન, ઇટાલિયન વગેરે વાનગીઓ બનાવવામાં આવી હતી. આ ફેસ્ટીવલમાં વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. અમૃતાબેન અને શ્રી નરસિંહભાઈએ વિવિધ વાનગીઓનો સ્વાદ માણ્યો હતો. વિવિધ તાલીમનાં તજ્જ્ઞ શ્રી અમિતાબેન, શ્રી આશાબેન અને શ્રી દક્ષાબેન દ્વારા આયોજિત આ કાર્યક્રમને હોસ્ટેલ સુપ્રિટેન્ડેન્ટ શ્રી વાસંતીબેન તેમજ હૉસ્ટેલ પરિવારે ખૂબ જ જહેમત કરીને સફળ બનાવ્યો હતો.

## મતદાતા દિવસ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સર્વ નેતૃત્વ કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લાના કડી તાલુકા લેવલનો ૧૩ મો રાષ્ટ્રીય મતદાતા દિવસ સર્વ વિદ્યાલય કેમ્પસ કડીમાં ઉજવવામાં આવ્યો. જેમાં મતદારયાદી સુપરવાઈઝર શ્રી હર્ષદભાઈ અને ડેપ્યૂટી માલતદાર શ્રી સાગરભાઈ એ વિદ્યાર્થીઓને મતદાન વિશેનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડીને એક મત નું શું મહત્ત્વ છે ? ચૂંટણી પંચની કામગીરી શું હોય છે ? મતદાર યાદીમાં કઈ રીતે પોતાના નામની નોંધણી કે કમી કે પોતાના વોટર કાર્ડને કઈ રીતે અપડેટ કરી શકાય એ બાબતે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતે 'મેં ભારત હું' નામનું ગીત લોન્ચ કરવામાં આવ્યું હતું, તેમજ સૌ વિદ્યાર્થીઓ દ્વારા ભારતના સુવર્ણ ભવિષ્ય માટે પોતાના

મત અધિકારનો અવશ્ય ઉપયોગ કરશે તેની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

### રક્તદાન શિબિર

● 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના વિકાસમાં સિંહફાળો આપનાર અને 'શિક્ષણ એ જ સાચી સેવા'નું સૂત્ર આપીને તેને જીવનમંત્ર બનાવનાર સ્વ. પૂજ્ય માણેકલાલ એમ. પટેલ સાહેબની ૯૪મી જન્મ જયંતી તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવતાં કડી કેમ્પસમાંથી ૭૩૧ અને ગાંધીનગર કેમ્પસમાંથી ૪૧૪ એમ કુલ મળીને ૧૧૪૫ બોટલ રકત મેળવ્યું હતું. એકત્રિત કરેલ રકત યુનિટો રેડક્રોસ, કડી અને સર્વોદય બ્લડ બેંક ખાતે મોકલી આપવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે સ્વ. માણેકલાલ એમ. પટેલ સાહેબની સ્મૃતિમાં સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૩ સુધીની ૧૨ રકતદાન શિબિરોમાં કુલ ૧૦૩૬૯ રકતની બોટલો એકત્રિત કરવામાં આવી. ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ, ડૉ. આનંદભાઈ પટેલ અને ભગીની સંસ્થાઓના પ્રિન્સિપાલશ્રીઓએ રકતદાનનું પ્રતીક એવા સફેદ અને લાલ ફુગ્ગાઓને આકાશમાં ઉડાડી, દીપ પ્રાગટય કર્યા બાદ રકતદાન શિબિરનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી અને ગાંધીનગર ખાતે પૂજ્ય શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબની રંગોથી બનેલી પ્રતિકૃતિ વિદ્યાર્થીઓએ તૈયાર કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ રકતદાન શિબિર પૂર્વે પણ તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ સેકટર-૨૩ ફાર્મસી કેમ્પસ ગાંધીનગર ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૯૩ રકત યુનિટો એકત્રિત કરવામાં આવી હતી.

### રમતોત્સવ

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન તથા સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી દ્વારા તા. ૭-૧-૨૩ ના રોજ રમતોત્સવનું આયોજન કરવામાં આવતાં ૧૮૨ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્યશ્રી ર્ડા. ભાવિન એમ. શાહ દ્વારા મશાલ પ્રગટાવી તથા તાલીમાર્થીઓ દ્વારા મશાલ માર્ચ કરી આ રમતોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં કેરમ, ચેસ, ૧૦૦ મીટર દોડ, ગોળા ફેંક, લીબું ચમચી, કોથળા દોડ, લાંબી કૂદ, ત્રિપગી રોડ, બેડમિન્ટન, સ્લો સાયકલિંગ જેવી રમતો કરાવવામાં આવી હતી. વિજેતા તાલીમાર્થીઓને મેડલ તથા સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

### રાષ્ટ્રીય સેવા યોજના

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેન, ગાંધીનગરના NSS ના સ્વયંસેવકો માટે વનચેતના કેન્દ્ર બોરીજ દ્વારા ત્રિદિવસિય આયોજન કરવામાં આવતાં ૧૦૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે નાયબ વનસંરક્ષક વિભાબહેને વિદ્યાર્થીઓને જીવનમાં પ્રકૃતિનું મહત્ત્વ તેમજ તેમાંથી જીવનપયોગી બાબતો ગ્રહણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યશ્રી ડૉ. રમાકાંત પૃષ્ટિએ પ્રકૃતિની માવજત બાબતે અને ઉપાચાર્ય ડૉ. જયેશ તન્નાએ શિબિર બાબતે અને પ્રોગ્રામ ઓફિસર શ્રી ધર્મેન્દ્રસિંહ રાઠોડે NSSને વ્યકિતત્વવિકાસ અને ચારિત્ર્યનિર્માણ બાબતે યુવાનોના ઘડતર માટેનું શ્રેષ્ઠ માધ્યમ હોવાનું જણાવીને રાષ્ટ્રનિર્માણ માટેના પાયાનું કાર્ય NSS થકી શકે તે બાબત પર તેમજ સેવાની સાથે શિસ્ત, સમર્પણ, સત્ય અને ફરજના પાઠ અહીં ભણવાના છે તેના પર ભાર મૂકયો હતો. વિદ્યાર્થીઓને શિબિર દરમ્યાન વૃક્ષો અને અન્ય વનસ્પતિ વન્ય પશુ, પક્ષીઓ અને તમામ વન્યજીવો બાબતે ઊંડાણપૂર્વકની માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને ગીર ફાઉન્ડેશન સંચાલિત ઇન્દ્રોડા પાર્કની મુલાકાતે પણ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમને ફિલ્ડટ્રેનિંગ આપવામાં આવી હતી. તાલીમ દરમ્યાન વિશાલ ઠાકુર, નિલેષ પાંડુર અને મયંકા રામી ટ્રેનર તરીકે સાથે રહ્યાં હતાં. પ્રાર્થના, યોગ, હળવી કસરત, ધ્યાન કેન્દ્રિત કરવા બાબતે અભ્યાસ, રમતગમત અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### શૈક્ષણિક મુલાકાત

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ, ગાંધીનગરની કૉલેજોના તાલીમાર્થીઓને તા. ૨૭-૧-૨૩ ના રોજ ગાંધીનગર સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ

મુલાકાત દરમિયાન ઇન્સ્ટિટ્યૂટના પ્રા. અમરેશ પાણીગ્રહીએ વિવિધ પ્રયોગશાળાઓમાં કપડાની વિવિધ પ્રકારની ડિઝાઇનો, વિવિધ પ્રકારનાં વાસણો અને બેગોની ડિઝાઇનો કેવી રીતે બને છે તેની માહિતી આપી હતી.

## શ્રીનિવાસ રામાનુજન જન્મજયંતી

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ દ્વારા કડી તાલુકાની વિવિધ શાળાઓમાં ૨૨ ડિસેમ્બરે ભારતના મહાન ગણિતશાત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી. આ અંતર્ગત સરકારી શાળાઓમાં તાલીમાર્થીઓએ શ્રીનિવાસ રામાનુજને ગણિતમાં આપેલ પ્રદાન અંગેના ચાર્ટ, પ્રદર્શન, બુલેટિન બોર્ડ સજાવટ, શ્રીનિવાસ રામાનુજન પર વક્તવ્ય, ક્વીઝ, નાટક, પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરી વિદ્યાર્થીઓને લાભાન્વિત કર્યા હતા.

## સર્વ નેતૃત્વ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૬૬મી 'સર્વ નેતૃત્વ' તાલીમ શિબિરનું તાઃ ૨૩ થી ૨૭ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન હાર્ટફૂલનેસ મેડિટેશન સેન્ટર, અડાલજ ખાતે યોજવામાં આવતાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની ગાંધીનગર અને કડીની ૧૭ કૉલેજોમાંથી ૭૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શિબિરમાં ટ્રેઇનર તરીકે શ્રી સુરેશભાઈ પ્રજાપતિ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ, જેમ કે પ્રાર્થના, યોગ, મેડીટેશન, ટીમ વર્ક – મેનેજમેન્ટ ગેમ્સ સાથે જીવન એક ઉત્સવ, ચેન્જ મેનેજમેન્ટ, ગોલ સેટિંગ, સંબંધોની સ્પષ્ટતા, ઇન્ટરપર્સનલ રીલેશન, કમ્યુનિકેશન, નેતૃત્વ વગેરે વિષયોના માધ્યમથી સ્વ-વિકાસ, જીવન ઘડતર અને ખુશીપૂર્વક જીવન જીવવા માટેનાં વિવિધ પાસાંઓની તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર રાજુ – દીપ્તિ એ યુવાનોને સંબધોનું મહત્ત્વ સમજાવ્યું હતું, જેમાં પ્રેમ કોને કહેવાય અને કોને ન કહેવાય તેની ઝીણવટભરી સમજણ આપી હતી, તેમજ તેમના દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃતિઓથી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં પદ્મશ્રી ગેનાભાઈ પટેલે પોતાના જીવનની સંઘર્ષ ગાથા જણાવી હતી. જેમાં પોતે દિવ્યાંગ હોવા છતાં ખેતીના ક્ષેત્રમાં પદ્મશ્રી કેવી રીતે એનાયત થયો તેની વિજયગાથા જણાવી પ્રેરણા પૂરી પાડી હતી. વિધાર્થીઓને વાડજ, અમદાવાદ સ્થિત જીવનતીર્થ સંસ્થાની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

● સર્વ નેતૃત્વ કાર્યક્રમની ૬૭ અને ૬૮મી શિબિર અનુક્રમે તા. ૬થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ અને ૨૪થી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન એમ. એમ. પટેલ હૉલ સર્વ વિદ્યાલય કૅમ્પસ કડી ખાતે યોજવામાં આવી હતી. જેમાં ટ્રેનર તરીકે સુરેશભાઈ પટેલ અને હરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કડી સર્વ વિશ્વવિદ્યાલયની વિવિધ કોલેજોમાંથી બંને કાર્યક્રમમાં ૭૦-૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૨૧ મી સદી કૌશલ્ય જેવા કે કમ્યુનિકેશન સ્કિલ્સ, લીડરશિપ સ્કિલ્સ, એડજસ્ટમેન્ટ, ક્રિટિકલ થીંકિંગ, ક્રિએટિવ થીંકિંગ વગેરે જેવાં કૌશલ્યો વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી શીખવાડવાનો પ્રયાસ કરાયો હતો. આ બંને કાર્યક્રમોમાં પૂર્વ નેતૃત્વ શિબિરના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવતા સેવાકીય પ્રોજેક્ટ વિશેની વિસ્તૃત માહિતી શિબિરાર્થીઓને આપવામાં આવી હતી. જેમાં સર્વ નેતૃત્વ ૧૭ મી બેચની તૃષ્ણા પ્રજાપતિએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બંને કાર્યક્રમમાં ગેસ્ટ સ્પીકર તરીકે નિષ્ઠાબેન ઠાકર, ડૉ. વિષ્ણુભાઈ પ્રજાપતિ, યોગીની પૂજાબેન પટેલ, ૧૫૦ વાર રકતદાન કરનાર ગાંધીનગરના સુકેતુભાઈ મહેતા અને અમદાવાદના રિક્ષાવાળાથી પ્રચલિત ઉદયભાઈ જાદવે તેમના યોગદાન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરી પ્રેરણા પૂરી પાડી હતી.

આ પ્રસંગે વિશ્વ ઉમિયાધામ, જાસપુરની ખાસ મુલાકાતનું આયોજન વિશ્વ ઉમિયાધામ, દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે યુવાનો માહિતગાર થાય, તેનો મહત્તમ લાભ લઈ તેમના જીવનઘડતરની ઉપયોગી પ્રવૃત્તિમાં જોડાઈ પોતાના કાર્ય ક્ષેત્રમાં સફળતાપૂર્વક આગળ વધે તે ઉદ્દેશથી કરાયું હતું. આ પ્રસંગે વિશ્વ ઉમિયાધામના પ્રેસિડેન્ટશ્રી આર.પી પટેલે યુવાનોને સંબોધિત કરતાં પોતાના જીવનના અનુભવો ટાંકીને એક સામાન્ય બેંકની નોકરીમાંથી આગળ વધી દુનિયાનું સૌથી મોટું ચેતના કેન્દ્ર બનાવવાનો વિચાર કેવી રીતે આવ્યો, સંસ્થાની શરૂઆત કયા ઉદ્દેશથી કરવામાં આવી, સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃતિઓની

ઝીણવટપૂર્વક માહિતી આપીને યુવાનોને મહેનત, સ્પષ્ટ વિઝન અને મિશન સાથે આગળ વધવા અને માનવકલ્યાણનાં કાર્યો માટે આગળ આવવા આહ્વાન કર્યું હતું.

● ૬૭મી બેચમાં ગેસ્ટ તરીકે યોગ સ્પર્ધામાં ૫ વખત મિસ વર્લ્ડ યોગીની, ૧૮ વખત મિસ ઇન્ડિયા યોગીની બની ચકેલી અને નેશનલ ગેમ્સ ૨૦૨૨ યોગાસનમાં ગુજરાતને ગોલ્ડ મેડલ અપાવી પ્રથમ એથ્લેટ બની ઇતિહાસ રચનાર પૂજા પટેલે યુવાનોને યોગ કળાના પ્રદર્શન સાથે પ્રેરણારૂપ માર્ગદર્શન પૂરું પાડીને જણાવ્યું હતું કે જ્યારે તેઓ ધોરણ-૪માં અભ્યાસ કરતાં હતાં ત્યારથી જ તેમના પિતાશ્રી બાબા રામદેવજીમાંથી પ્રેરાઈને તાલીમ આપતા હતા. પોતાનાં પિતાજીના સાથ, સહકાર અને પ્રેરણાથી અલગ અલગ કક્ષાએ શાળા, ખેલમહાકુંભ, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભાગ લઈ અત્યાર સુધી ૧૧૨ મેડલ્સ, ૧૨૬ ટ્રોફી અને ૨૦૦ થી અધિક પ્રમાણપત્રો મેળવી સમગ્ર વિશ્વમાં ગુજરાતને આગવી ઓળખ અપાવી છે. તેઓ રોજ ૨૫૦થી વધુ આસનોની પ્રેક્ટિસ કરે છે જેના માટે નિયમિત સવારે ૪.૦૦ વાગે ઊઠી જાય છે. વ્યાખ્યાનના અંતે સર્વ નેતૃત્વ ટીમ વતી પ્રો. રજનીકાન્ત પટેલે સ્મૃતિચિહ્ન આપી આભાર પ્રગટ કર્યો હતો.

## સાહિત્ય પ્રવૃત્તિ

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના ઉપક્રમે વિદ્યાર્થીઓ ટૂંકી વાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી તેમજ ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓથી પરિચિત થાય તે હેતુથી તા.૦૯-૦૧-૨૩ ના રોજ ટૂંકીવાર્તા વિશેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રા. ડૉ, રાજેન્દ્રસિંહ વાઘેલાએ વાર્તા એટલેશું ? ટૂંકી વાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી, સંવાદકલા વિશે સમજણ આપીને 'ગોવાલણી', 'ખેમી', 'મુકુન્દરાય', 'પોસ્ટઑફિસ', 'મશીન' વગેરે વિવિધ વાર્તાઆનું વાંચન કર્યું હતુ.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

● વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસે તે હેતુસર એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી ખાતે તા. ૨૧-૧-૨૩ ના રોજ ચિત્ર, મેહંદી, રંગોળી, કૉલાજ વગેરે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૨ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. ભાવિક શાહે વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરીને પ્રશિક્ષણાર્થીઓ આવી વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી બની પોતાનો સર્વાંગી વિકાસ સાધે તે માટે પ્રેરણા પૂરી પાડી હતી. વધુમાં તા.૨૩-૧-૨૩ ના રોજ નાટ્યશિક્ષણ વિષય પર કાર્યશિબિર નું આયોજન કરવામાં આવતાં તજ્જ્ઞ શ્રી કૃણાલ તમંચે તાલીમાર્થીઓને સંગીત, નાટ્યદિગ્દર્શન અને અભિનયકલા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

# શાળા વિભાગ

## આરોગ્ય તપાસ

● ગુજરાત સરકારના આરોગ્યલક્ષી કાર્યક્રમ શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગાંધીનગર કૉર્પોરેશનની આર. બી. એસ. કે. ટીમના ડૉ. નિકેશ પ્રજાપતિ, ર્ડા. દિવ્યદા વ્યાસ અને ફાર્માસિસ્ટ દ્વારા ૧૭૭૪ જેટલાં વિદ્યાર્થીઓની ઊંચાઈ, વજન, સહિત આંખ, નાક, કાન, ગળુ, દાંત વગેરેની આરોગ્ય તપાસ તા. ૨૬ ડિસેમ્બર, સુધી કરવામાં આવી. આ તપાસના આધારે આવશ્યકતાનુસાર બાળકોને વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ, DEIC સેન્ટર ખાતે મોકલવામાં આવ્યાં હતાં. શાળાના પાણીના સ્રોતની પણ તપાસણી કરવામાં આવી હતી.

## એકોક્તિ / ગીત / નાટ્ય

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રા. સ્કૂલ, ગાંધીનગરમાં ધોરણ-૬ની વિદ્યાર્થિનીઓએ અંગ્રેજી વિષયમાં મોનો એક્ટિંગ પ્રવૃત્તિ અંતર્ગત અલગ અલગ વ્યવસાયકારોનું પાત્ર અંગ્રેજીમાં ભજવ્યું, જ્યારે સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીના જીવન પ્રસંગો અંગે નાટક રજૂ કર્યું હતું. શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૩-૧-૨૩ના રોજ દેશભકિત ગીત, વક્તવ્ય અને નૃત્યના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કલાકૃતિઓ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૧-૧-૨૩ ના રોજ પતંગ બનાવવાની, ધોરણ-૬ ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૧-૧-૨૩ ના રોજ આઇસક્રીમની ચમચીઓમાંથી વિવિધ આકારો બનાવવાની, ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે પતંગના કાગળમાંથી ફૂલદાની બનાવવાની સ્પર્ધા અને તા. ૧૭-૧-૨૩ ના રોજ આસોપાલવનાં પાંદડાંમાંથી તોરણ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને પ્રથમ, બીજો અને ત્રીજો નંબર આપવામાં આવ્યો હતો. શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં હિન્દી વિષય અંતર્ગત ધોરણ-૪માં સહ અભ્યાસિક પ્રવૃત્તિ અંતર્ગત મનપસંદ પ્રાણી દોરીને રંગ પૂરવાની પ્રવૃત્તિનું અને ધો. ૫માં શાકભાજીનું ચિત્ર દોરી શાકભાજીનો ચાર્ટ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ક્વીઝ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં ધોરણ ૬, ૭ અને ૮ ના વિદ્યાર્થીઓ માટે તા. ૩૦ ડિસેમ્બરના રોજ ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા દરમિયાન કુલ ચાર રાઉન્ડ પૈકી પ્રશ્ન, ચિઠ્ઠી ઉપાડ, તસવીર ઓળખ અને બજર રાખવામાં આવ્યા હતા, જેમાં બાળકોને વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન ગણિત અને કમ્પ્યૂટરને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ચાર ટીમો પૈકી અથર્વવેદ ટીમ વિજેતા બની હતી.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૬-૧૨-૨૨ના રોજ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ શિક્ષકો અને વાલીશ્રીઓનાં સંયુકત માર્ગદર્શન દ્વારા પ્રોજેકટસનું નિર્માણ કરી ૧૪૪ જેટલી વિજ્ઞાન કૃતિઓ, ૧૫૦ જેટલા કેનવાસ તથા સાદા પેઇન્ટિંગ્સ અને ૧૦૭ જેટલા ક્રાફ્ટના નમૂના રજૂ કર્યા હતા.

## તહેવાર ઉજવણી

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં તા. ૧૨ જાન્યુઆરીના રોજ ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવી, જેમાં બાળકોએ શાળાના પટાંગણમાં તિરંગો, ઢાલ, ચાંદો, ચોકડી વગેરે પ્રકારના રંગબેરંગી પતંગો અને ફુગ્ગાઓ ચગાવ્યા હતા. બાળકોએ ઘરેથી ચીકી, બોર, શેરડી વગેરે નાસ્તો લાવીને સમૂહમાં નાસ્તો કરીને આનંદ માણ્યો હતો. વિવિધ ગીતો અને પીપૂડાના અવાજો સાથે ઉત્સાહભેર ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક સ્કૂલ અને શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં નાતાલની ઉજવણી કરવામાં આવી હતી.

## પૂ. છગનભા વિજયપદ્મ રમતોત્સવ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી-ગાંધીનગર અને વડનગરની તમામ પ્રાથમિક શાળાઓ વચ્ચે ઇન્ટર સ્કૂલ પૂ. છગનભા વિજયપદ્મ રમતોત્સવ સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં તા. ૨૪ ડિસેમ્બરના રોજ યોજાયો, જેમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગોળાફેંક, રાયફલ શૂટિંગ, કેરમ અને સ્કેટિંગમાં પ્રથમ, ૧૦૦ મીટર દોડ, ગોળાફેંક, લાંબીકૂદ, ચૅસ, સ્કેટિંગ અને રાઇફલ શૂટિંગમાં દ્વિતીય અને બેડમિન્ટનમાં તૃતીય ક્રમે વિજેતા થયા. શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર, લાંબકૂદમાં, કરાટે અને સ્કેટિંગમાં બીજો નંબર અને બેડમિન્ટનમાં ત્રીજો નંબર મેળવ્યો. શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ ગોળાફેંક અને સ્કેટિંગમાં પ્રથમ, વકતૃત્વ અને લાંબીકૂદમાં તૃતીય સ્થાન અને જનરલ ચેમ્પિયનશિપમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું, એસ. એમ. કે. સ્કૂલ, કડીએ રાઇફલ શૂટિંગ ભાઈઓમાં પ્રથમ, સ્કેટિંગ ભાઈઓમાં ત્રીજો તથા બૌદ્ધિક વિભાગની વકતૃત્વ, નિબંધ અને ચેસમાં પ્રથમ, તથા કેરમમાં ત્રીજો ક્રમાંક તથા બૌધ્ધિક વિભાગની (પ્રાથમિક) જનરલ ચૅમ્પિયનશિપ પ્રાપ્ત કરી, જ્યારે પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ, કડીના ખેલાડીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ ક્રમે પાંચ, દ્વિતીય ક્રમે ચાર, તૃતીય ક્રમે ત્રણ એમ કુલ ૧૨ ઇનામ પ્રાપ્ત કર્યા, તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગની આઉટડોર રમતોમાં ભાઈઓએ, ઇન્ડોર રમતોમાં બહેનોએ તથા માધ્યમિક વિભાગમાં બૌદ્ધિક વિભાગમાં બહેનોએ જનરલ ચૅમ્પિયનશિપ મેળવી. અભિનંદન.

## પૂજય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૨૦ ડિસેમ્બર ના રોજ શાળામાં સ્વ. પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. રાધિકાબહેન પંડ્યા (આસિ. પ્રોફેસર IITE ગાંધીનગર) ઉપસ્થિત રહ્યાં હતાં. વ્યાયામ શિક્ષકશ્રી કે. કે. પટેલ તેમજ શ્રી પારુલબેન પટેલે કાર્યક્રમનું સંચાલન કરી રમતગમત અને વ્યાયામનું જીવનમાં મહત્ત્વ સમજાવ્યું હતું. કુલ ૬૯૬ વિદ્યાર્થીઓએ વિવિધ રમત સ્પર્ધામાં ભાગ લેતાં ૧૨૦ વિદ્યાર્થીઓ પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમે વિજેતા થતાં એકથી ત્રણ નંબર વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઇનામ તથા પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યાં. વ્યાયામ વીર અને વીરબાળા તરીકે પટેલ પ્રતીક કાળુભાઈ (ધો.૮-ડી) અને પટેલ પૃથા કેતનકુમાર (ધો.૮-બી)ની પસંદગી કરવામાં આવી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સદર રમતોત્સવના આયોજન પ્રસંગે આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલ તથા સુપરવાઇઝરશ્રીઓએ કૅમ્પસમાં સ્થાપિત કરેલ પૂજ્ય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતસજ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂકયો હતો. આચાર્યાશ્રીએ વિદ્યાર્થીઓને પોતાનાં કૌશલ્યો ખીલવી સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા. વિવિધ રમત સ્પર્ધાઓમાં ૭૪૫ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સદર રમતોત્સવને આચાર્યા શ્રી નીરુબેન પટેલે પ્રજવલિત જ્યોતને લઈ બે કદમ ચાલીને ખુલ્લો મૂકીને વિદ્યાર્થિનીઓના જીવનમાં સ્વચ્છતા અને રમતોનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ રમતોમાં ૬૫૦ વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. વિજેતા થનાર વિદ્યાર્થિનીઓને ઇનામ તથા સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ધો. ૩ થી ૫ માં ઝાલા દેવ્યાન્શીબા જયદેવસિંહ તથા ધો. ૬ થી ૮ માં વણજારા નેહલ માંગીલાલને વીરબાળા તરીકે પસંદગી કરવામાં આવી હતી.

## પ્રકૃતિ શિક્ષણ શિબિર

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ધો. ૭ અને ૮ નાં ૧૦૦ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકો માટે વન સંશોધન સંકુલ, ગાંધીનગર દ્વારા તા. ૧૮ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૩ સુધી પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વન વિભાગનાં કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રશ્નોત્તરી, ચિત્રસ્પર્ધા, કૉલાજવર્ક, પ્રકૃતિલક્ષી વાર્તાલાપ, વન્ય જીવો અને પર્યાવરણનું પ્રત્યક્ષ નિદર્શન, જંગલ વિસ્તારમાં ટ્રેકિંગ વગેરે જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ સાથે વિદ્યાર્થીઓએ રાત્રે કૅમ્પ ફાયર દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લીધો હતો.

## પ્રત્યક્ષ શિક્ષણ

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં બાળકોને ખેડૂત, સુથાર, કુંભાર, દરજી, કડિયો, લુહાર, મોચી, સોની વગેરે પ્રકારના વિવિધ કારીગરો વિશે સમજ આપવા હેતુ બાળકોને પ્રત્યેક કારીગર અનુરૂપ વેશભૂષામાં સજ્જ કરવામાં આવ્યાં હતાં. આ સાથે દરેક કારીગરનાં સાધનો અને તેની ઉપયોગિતા વિશે સમજાવવામાં આવ્યું હતું.

## બાલ વિજ્ઞાન સ્પર્ધા

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રા. સ્કૂલની વિદ્યાર્થિની માછી રિયા (ધો.૮) એ 'નૅશનલ ચિલ્ડ્રન સાયન્સ કૉંગ્રેસ' પ્રેરિત 'નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર' દ્વારા સાયન્સ સિટી અમદાવાદ ખાતે તા. ૨૨થી ૨૪-૧૨-૨૨ દરમિયાન આયોજિત રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં રાજ્યના દરેક જિલ્લાના કુલ મળીને ૩૩૦ પ્રોજેક્ટ્સ રજૂ થયા હતા.

## બાલોત્સવ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સ્વ. પૂજ્ય દાસકાકા સ્મૃતિ 'બાલમહોત્સવ'ની ઉજવણી તા. ૨૦-૨૧ ડિસેમ્બરના દિવસોમાં કરવામાં આવી હતી. જેમાં કુલ ૨૯૫ વિદ્યાર્થીઓએ વેશભૂષા, એકપાત્રિય અભિનય, નૃત્ય, ગીત, નિબંધ લેખન, સુલેખન, વેસ્ટમાંથી બેસ્ટ જેવી સ્પર્ધાઓમાં લીધો હતો. વેશભૂષા, એકપાત્રિય અભિનય અને નૃત્ય જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ આધુનિક અને પરંપરાગત વેશ પરિધાન કરી કલાને ઉજાગર કરી હતી. નિબંધ લેખનની સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ 'મારા

સ્વપ્નનું ભારત' વિષય પર નિબંધ લેખન કર્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રા. સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૧-૧૨-૨૨ ના રોજ બાલોત્સવની ઉજવણી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ, જેમ કે, વાંચન, શ્રુતલેખન, ચિત્ર, યાદ શકિત ચકાસણી, વન મિનિટ ગેમ, શીઘ્ર નિબંધ, વેસ્ટમાંથી બેસ્ટ, નૃત્ય વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલી વિદ્યાર્થિનીઓને શાળા પરિવાર તરફથી પ્રમાણપત્ર અને ઈનામો એનાયત કર્યાં હતાં.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ પટાંગણમાં બાલોત્સવની રંગારંગ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓએ એકપાત્રિય અભિનય, નૃત્ય, અને વકતૃત્વ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. પરંપરાગત અને આધુનિક વસ્ત્રપરિધાન કરી નૃત્ય અને એકપાત્રિય અભિનયની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. વકતૃત્વ સ્પર્ધામાં મારા સ્વપ્નનું ભારત એ વિશે બાળકોએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા.

### ભારતીય જ્ઞાન સંસ્કૃતિ

● પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, કડીના ધોરણ-૯ ના વિદ્યાર્થી ઝાલા શકિતરાજ હઠેસંગે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, હરિદ્વાર દ્વારા આયોજિત ભારતીય જ્ઞાન સંસ્કૃતિ પરીક્ષામાં સમગ્ર મહેસાણા જિલ્લાના ધોરણ-૯ના વિદ્યાર્થીઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. આ ઉપરાંત એસ. એમ. કે. પ્રા. શાળા, કડીના ધો-૬, ૭, ૮ના ત્રણ વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. અભિનંદન.

### માનસિક રોગો તથા ઉપચાર

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વિજ્ઞાન સમિતિ તથા નેશનલ મેન્ટલ હેલ્થ મિશન, ગુજરાત રાજય, ગાંધીનગરના માનસિક રોગો તથા ઉપચાર વિશેના મેડીકલ પરિસંવાદનું આયોજન ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજના ઑડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓ ઉપરાંત તેમનાં વાલીશ્રીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેમિનારમાં સિવિલ હૉસ્પિટલના માનસિક રોગ વિભાગના પ્રોજેકટ કૉ. ઑર્ડિનેટર ડૉ. વિધિબેન મોદી તથા તેમની ટીમ દ્વારા માનસિક રોગોની સંપૂર્ણ માહિતી ઉપરાંત વાલીશ્રીઓના વ્યક્તિગત માનસિક રોગો સંબંધી પ્રશ્નોના વિસ્તૃત ઉત્તરો આપ્યા હતા. વધુમાં, આ પ્રસંગે પ્રત્યેક વિદ્યાર્થીને એક સુંદર ફાઇલ, પેન તથા ડાયરી ભેટ આપવામાં આવ્યાં હતાં. આ પરિસંવાદનું શ્રી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૦ જાન્યુઆરી, શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં પણ તા. ૨૩ જાન્યુઆરી તથા તા. ૯ ફેબ્રુઆરીના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

### મોક પાર્લમેન્ટ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓ માટે મોક પાર્લમેન્ટનું આયોજન તા. ૨-૨-૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું.

### રમતોત્સવ

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં રમતોત્સવ ઊજવવામાં આવ્યો. જેમાં લીંબું ચમચી, ફુગ્ગા ફોડ, બિસ્કિટ જિત, પીક એન્ડ રન જેવી રમતોનું આયોજન તા. ૨૩ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું.

### વાલીસભા

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૩-૧-૨૩થી ૫-૧-૨૩ના દિવસોમાં ધો.૧ અને ૨ના વિદ્યાર્થીઓનાં વાલીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ ઉપલક્ષ્યમાં લગભગ ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ જુદાં જુદાં ફળો, પક્ષી, પ્રાણી, પાણી બચાવો, વીજળી બચાવો, સ્વચ્છતા, કઠોળ વગેરે જેવા વિષયો પર માહિતી આપી હતી. ભાગ લેનાર દરેક બાળકને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવ્યું હતું.

● શ્રી એમ. બી. ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૪-૨-૨૩ના રોજ વાલીચિંતન શિબિરનું આયોજન આચાર્યશ્રી નીરુબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ નાથીબા મહિલા કૉલેજના હૉલમાં કરવામાં આવ્યું હતું. જેમાં વાલીશ્રીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે ધો. ૧-૨નાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

### શૈક્ષણિક મુલાકાત / પ્રવાસ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર (ગુજકોસ્ટ)ના

સહયોગથી સાયન્સ સિટીની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૭ના ૪૮ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકો જોડાયા હતા. આ પ્રવાસનો હેતુ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેક્નૉલૉજી વિષય પ્રત્યે રુચિ કેળવાય તેમજ આધુનિક સમયની નવીનતમ વૈજ્ઞાનિક શોધો વિશે વિદ્યાર્થીઓ માહિતગાર થાય તે રહ્યો હતો. આ ઉપરાંત ધો.૩ ના ૧૦૦ વિદ્યાર્થીઓને પોસ્ટઑફિસની મુલાકાત લઈ જવામાં આવતાં શ્રી કે. જે. દેસાઈ અને શ્રી એન. એમ. બરવડ મૅડમે પોસ્ટઑફિસની કામગીરી વિશે સરસ સમજ આપીને પોસ્ટકાર્ડ, ટિકિટ, આંતરરાષ્ટ્રીયપત્ર વગેરે બતાવ્યાં તેમજ સર્વિસ બૅન્ક એકાઉન્ટ, એમ.પી.સી. એમ. રજિસ્ટર, પી.એલ.આર., મનીઑર્ડર વગેરે વિશે માહિતી આપી માહિતગાર કર્યાં હતાં. ત્યાર બાદ બાળકોને સેકટર-૨૮ના બગીચાની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા ધોરણ-૬ની વિદ્યાર્થિનીઓને પોસ્ટઑફિસની મુલાકાત લેવડાવ્યા બાદ ધો. ૬ તથા ધો. ૭માં પોસ્ટકાર્ડ લેખનની તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત ધો.૮ની વિદ્યાર્થિનીઓને ગાંધીનગર સેકટર-૧૭માં સ્થિત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયની અને ધો.૧-૨ ની વિદ્યાર્થિનીઓને બગીચાની તથા શૉપિંગ સેન્ટરની શૈક્ષણિક મુલાકાતે લઈ જવામાં આવી હતી.

● એસ. એમ. કે .પ્રા. શાળા, કડીના ધો.૭ અને ૮ના બાળકો માટે ત્રિદિવસીય કચ્છ પ્રવાસ તથા ધો.૩ થી ૬ ના બાળકો માટે મોઢેરા-પાટણનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

● શ્રીમતી એસ. ડી. પટેલ પ્રાયમરી સ્કૂલ, કડીના વિદ્યાર્થીઓ માટે મોઢેરા સૂર્યમંદિર, રાણકી વાવ અને ડાયનાસોર પાર્કની મુલાકાતની એક-એક દિવસ માટેનું આયોજન તા. ૬ અને ૭ જાન્યુઆરીના દિવસોમાં કરવામાં આવ્યું હતું.

● શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ડિસેમ્બર માસમાં રાજસ્થાન પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૫ થી ૧૨ ના ૨૫૦ વિદ્યાર્થીઓએ પોખરણ, સુંધામાતા, જેસલમેર, સમરણ અને જૂના રણુજા વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ ૮ ના ૪૯ વિદ્યાર્થીઓ માટે ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ એન્ડ ટેક્નૉલૉજી, ગાંધીનગર તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી સાયન્સ સિટીની નિઃશુલ્ક મુલાકાત ગોઠવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીમાં રોબોટીક ગેલેરી, એકવાટીક ગૅલેરી, ૪ડી મુવી, અર્થ, માર્શ મિશન, નેચર પાર્કની મુલાકાત લીધી હતી. અને છેલ્લે વિજ્ઞાન ભવનમાં ૪૫ મિનિટનું વ્યાખ્યાન સાંભળ્યું હતું.

## સંસ્કાર-સિંચન

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૩૧ ડિસેમ્બર ના રોજ માતૃ-પિતૃ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓનાં ૬૦ જેટલાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ માતૃ-પિતૃ વંદના માટે સુંદર વક્તવ્યો તથા ગીતો રજૂ કરીને તેમના જીવનમાં માતા-પિતાનું શું સ્થાન છે તે જણાવ્યું હતું. શ્રીમતી આર. સી. પટેલ સ્કૂલના શિક્ષક શ્રી પ્રવીણભાઈએ મંત્રોચ્ચાર દ્વારા વિદ્યાર્થીઓ પાસે પૂજન-અર્ચન કરાવ્યું હતું. આ જ ધોરણે તા. ૧૦ જાન્યુઆરીના દિવસે દાદા-દાદીના પૂજન-અર્ચનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવતાં ૮૦ દાદ-દાદી ઉપસ્થિત રહ્યાં હતાં. આ બંને પ્રસંગોએ શાળાના શિક્ષક શ્રી સાહિલભાઈએ સુમધુરકંઠે પ્રસંગોચિત ગીતોની પ્રસ્તુતિ કરી હતી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૩, અંક :૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૩, સળંગ અંક : ૭૩**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



એસ. એમ. કે. સ્કૂલ, કડીમાં આયોજિત વિજ્ઞાનમેળાનાં દશ્યો

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly** News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 13, Issue No. 1 January-February 2023
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



રાષ્ટ્રના 74મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે કડી કેમ્પસમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી શ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ ધ્વજવંદન કરાવી રહ્યા છે તે પ્રસંગનું દશ્ય



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર કેમ્પસમાં મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ પટેલ ધ્વજવંદન કરાવી રહ્યા તે પ્રસંગનું દશ્ય.

